પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૬-૮-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૪૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જીંદગી પાસેથી જેટલું સારું લઈ શકાય એટલું લઈ લેજો, કારણ કે જીંદગી જ્યારે લેવાનું નકી કરશે ત્યારે શ્વાસ પણ નહીં છોડે






# ટ્રમ્પ આકરા પાણીએઃ વિશ્વભરમાં વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરી

## બિઝનેસ તેમજ ટુરિસ્ટ વિઝા મેળવી આશ્રય માંગનાર ૨ લાખ લોકોના વિઝા રદ્દ થવાની તૈયારી

**અબતક, રાજકોટ**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈમિગ્રેશન નીતિઓ પર લાદવામાં આવેલા કડક પ્રતિબંધોની સૌથી મોટી અને સીધી અસર ભારત પર પડવાની સંભાવના છે. યુએસ દ્વારા વૈશ્વિક સ્તરે વિઝા એપોઈન્ટમેન્ટ્સ સ્થગિત કરવાના નિર્ણયથી અમેરિકા જવા ઈચ્છુક હજારો ભારતીય પ્રોફેશનલ્સ, વિદ્યાર્થીઓ અને પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. ખાસ કરીને ભારતીય આઈટી સેક્ટરની કરોડરજ્જુ ગણાતા ઈ-૧ઈ વિઝાની ફીમાં ધરખમ વધારો અને કડક સ્ક્રુટિની ભારતીય ટેક કંપનીઓ તેમજ કુશળ એન્જિનિયરો માટે મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, પરિવારજનોને મળવા કે પ્રવાસ અર્થે જતા હજારો સામાન્ય ભારતીયો માટે ઈ૧/ઈ૨ વિઝા મેળવવાની પ્રક્રિયા વધુ જટિલ અને લાંબી બનતાં ચિંતાનો માહોલ સર્જાયો છે,



ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈમિગ્રેશન નિયમો વધુ કડક બનાવવાના ભાગરૂપે વિશ્વભરના યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સમાં વિઝા એપોઈન્ટમેન્ટ્સ કામચલાઉ ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. કોન્સ્યુલર અધિકારીઓ માટે વૈશ્વિક સ્તરે ખાસ તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવતાં આ નિર્ણય લેવાયો છે. જે અરજદારોના ઈન્ટરવ્યૂ નક્કી હતા તેમને ઈમેઈલ દ્વારા નવી તારીખોની જાણ કરવામાં આવશે.

વિઝા મેળવીને અમેરિકા આવતા લોકો સરકારી લાભો (પબ્લિક બેનિફિટ્સ) પર નિર્ભર ન બને અને તમામ અરજીઓની કડક ચકાસણી થાય તે માટે અધિકારીઓને વિશેષ તાલીમ અપાઈ રહી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ નવી કેપ-સબ્જેક્ટ ઈ-૧ઈ વિઝા અરજીઓ માટે ૧,૦૩,૨૬૫ ડોલર ની કાયમી ફી લાદવાની દરખાસ્ત મૂકી છે. આ સાથે વધુ કુશળ અને વધુ પગાર ધરાવતા ટેલેન્ટને પ્રાથમિકતા અપાશે.

વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૬ વચ્ચે બિઝનેસ કે ટૂરિસ્ટ વિઝા પર અમેરિકા જઈને આશ્રય માંગનારા આશરે ૨ લાખ જેટલા વિદેશી નાગરિકોના વિઝા રદ્દ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને અમુક કેસોમાં મોંઘા વિઝા બોન્ડ્સ પણ ફરજિયાત કરવામાં આવી રહ્યા છે.

### અમેરિકાએ ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો વધાર્યા ભારતની ૪ કંપનીઓ અને ૩ નાગરિકો લપેટામાં

ટ્રમ્પ પ્રશાસને 'ઓપરેશન ઈકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ ઈરાન સામેના આર્થિક પ્રતિબંધો તેજ કરતાં ભારતની ચાર કંપનીઓ-પોર્ટીઝ પાર્ટનર્સ, સદાશિવા ઓવરસીઝ, પીપી સોફ્ટટેક અને પ્રકૃતિઝ ઈન્ફ્રા ઈમ્પેક્સ-તેમજ ત્રણ ભારતીય નાગરિકો (ઈદરીસમિયાં શેખ, હરીશ રંગી અને પ્રશાંત ગર્ગ) પર પ્રતિબંધ લાદ્યા છે. આ કંપનીઓ પર ઈરાન પાસેથી કરોડો ડોલરના પેટ્રોકેમિકલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની આયાત તથા બ્રોકિંગ સુવિધા આપવાનો આરોપ છે. આ પગલાથી ભારતમાંથી ઈરાન તરફ થતી ચોખા, ચા અને દવાઓની નિકાસ તેમજ વ્યૂહાત્મક ચાબહાર પોર્ટ પ્રોજેક્ટ પર અસર પડી શકે છે, જેના કારણે ભારત-અમેરિકા સંબંધોમાં ફરી તણાવ વધવાની શક્યતા છે. બીજી તરફ, અમેરિકાએ ઈરાનના સૌથી મોટા તેલ ખરીદદાર ચીન સામે રેર-અર્થ મિનરલ્સના વર્ચસ્વને લીધે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે, જ્યારે ઈરાને આ અમેરિકી ચેતવણીઓને નકારી કાઢી છે.

બપોરે ઉંઘી જતું રાજકોટ રોકાણમાં "જાગૃત"

# દેશભરમાં શેરબજારના રોકાણમાં રાજકોટ ટોપ ૧૦માં સામેલ

## કોલકાતા જેવા મેટ્રો સિટીને પછાડી રાજકોટના ૧.૯ લાખ રોકાણકારો માર્કેટમાં સક્રિયઃ જુલાઈમાં રોકાણકારોની સંખ્યામાં ૪૬.૨ ટકાનો જંગી ઉછાળો



**અબતક, રાજકોટ**

બપોરે ૧ થી ૪ ઊંઘવા માટે જાણીતું રંગીલું રાજકોટ શેરબજારના રોકાણ અને સંપત્તિ સર્જનની બાબતમાં દેશભરમાં સૌથી વધુ "જાગૃત" સાબિત થયું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, જુલાઈ મહિનામાં શેરબજારમાં સક્રિય વ્યક્તિગત (રિટેલ) રોકાણકારોની સંખ્યામાં રાજકોટે દેશભરમાં અભૂતપૂર્વ છલાંગ લગાવી છે. રાજકોટમાં એક્ટિવ રોકાણકારોની સંખ્યામાં એક જ મહિનામાં ૪૬.૨ ટકા નો તોતિંગ વધારો નોંધાયો છે, જેના પગલે રાજકોટે કોલકાતા જેવા મેટ્રો શહેરને પાછળ છોડીને દેશના ટોપ-૧૦ જિલ્લાઓમાં ગૌરવપૂર્ણ સ્થાન હાંસલ કર્યું છે.

એનએસઈના ડેટા અનુસાર, જૂન મહિનાની સરખામણીએ જુલાઈમાં રાજકોટના રોકાણકારો શેરબજારમાં વધુ આક્રમક બન્યા છે. ૪૬.૨ ટકાના જંગી ઉછાળા સાથે રાજકોટમાં સક્રિય રોકાણકારોની સંખ્યા વધીને ૧.૯ લાખ પર પહોંચી ગઈ છે. દેશના ટોચના ૧૦ જિલ્લાઓમાં બેંગલુરુ સિવાયના તમામ શહેરોમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળી હતી, પરંતુ તેમાં પણ રાજકોટનો ગ્રોથ રેટ સૌથી ચોંકાવનારો અને ઉત્સાહવર્ધક રહ્યો છે.

રોકાણકારો વધવા પાછળના મુખ્ય કારણો માં આઈપીઓ માર્કેટનો ક્રેઝ જોવા મળ્યો છે જુલાઈ દરમિયાન આવેલા મજબૂત આઈપીઓ ના કારણે નવા અને જૂના રિટેલ રોકાણકારો બજારમાં મોટા પાયે સક્રિય થયા. તેમજ માર્ચ મહિનામાં વૈશ્વિક અને મિડલ ઈસ્ટ તણાવને કારણે આવેલા કડાકા બાદ બજારે ઝડપી રિકવરી દર્શાવતા રોકાણકારોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે.



નાના શહેરોમાં જાગૃતિથી દેશના ટોપ-૫૦ શહેરો બહારના વિસ્તારોમાંથી ૫૧ ટકા જેટલા રોકાણકારો સક્રિય હોવાથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના સૌરાષ્ટ્ર સહિતના સેમી-અર્બન વિસ્તારોમાં નાણાકીય જાગૃતિ ઝડપથી પ્રસરી રહી છે.

### ગુજરાત દેશમાં સૌથી ઝડપી ગ્રોથ નોંધાવનારૂં રાજ્ય બન્યું

સમગ્ર દેશમાં રિટેલ રોકાણકારો વધારવામાં ગુજરાત રાજ્ય મોખરે રહ્યું છે રાજ્યમાં સક્રિય રોકાણકારો ૧૯.૫ ટકા વધીને ૧૯.૫ લાખ થયા છે. દેશના કુલ એક્ટિવ રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો વધીને ૧૫.૨ ટકાએ પહોંચ્યો છે.જુલાઈમાં ગુજરાતે કેશ માર્કેટમાં રૂ. ૧.૯ લાખ કરોડ નું ટર્નઓવર નોંધાવ્યું હતું, જે જૂન કરતાં ૨.૯ ટકા વધુ છે. મહારાષ્ટ્ર ૨૦.૯ લાખ રોકાણકારો (૧૬.૩ ટકા હિસ્સો) સાથે પ્રથમ ક્રમે રહ્યું, જોકે તેનો માસિક ગ્રોથ માત્ર ૧ ટકા રહ્યો હતો. દેશભરમાં મુંબઈ સબર્બન (૪.૮ લાખ) પછી અમદાવાદ ૪.૫ લાખ રોકાણકારો સાથે બીજા ક્રમે રહ્યું છે, જ્યારે સુરત ૩.૨ લાખ રોકાણકારો સાથે અગ્રેસર રહ્યું છે.

# ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારતની મુલાકાત બ્રિક્સને બનાવશે મજબુત

## ૭ વર્ષના લાંબા ગાળા બાદ આગામી મહિને નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ હાજરી આપે તેવી પ્રબળ શકયતા

**અબતક, નવી દિલ્હી**

આગામી મહિને નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારત મુલાકાત સૌથી મહત્વપૂર્ણ ઘટના બની શકે છે. તેઓ ૭ વર્ષમાં પ્રથમ વખત ભારતની મુલાકાત લેશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાટાઘાટો કરે તેવી સંભાવના છે. જોકે હજુ સુધી આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ અહેવાલ મુજબ તેઓ લગભગ ૪૦૦ અધિકારીઓ, વ્યાપારી પ્રતિનિધિઓ અને સહાયક કર્મચારીઓના પ્રતિનિધિમંડળ સાથે આવે તેવી અપેક્ષા છે.

૨૦૨૦ ના સરહદી સંઘર્ષ પછી ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ રહ્યો છે, પરંતુ છેલ્લા ૨ વર્ષમાં બંને દેશોએ ઉચ્ચ સ્તરીય સંપર્ક પુનઃસ્થાપિત કર્યો છે. જો દિલ્હી સમિટ દ્વિપક્ષીય સંબંધોમાં વધુ ગતિ લાવે છે, તો તે બ્રિક્સને નક્કર આર્થિક નિર્ણયો લેવામાં રોકતા સૌથી મોટા અવરોધોમાંથી એકને દૂર કરી શકે છે. સરહદ વિવાદો અને એશિયામાં પ્રભાવ માટેની સ્પર્ધા હોવા છતાં, બંને દેશો માટે જ્યાં હિતો સમાન હોય ત્યાં સહકાર સાધવો અને હરીફાઈનું સંચાલન કરવું જરૂરી બન્યું છે.



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિ અને ટેરિફના ઉપયોગે ભારત અને ચીન બંનેની ગણતરીઓને પ્રભાવિત કરી છે. ચીન માટે ટેરિફ એક સીધો આર્થિક પડકાર છે, જ્યારે ભારત માટે વેપારના નિયમો અને વૈશ્વિક પુરવઠા શૃંખલાની અનિશ્ચિતતા જોખમ ઉભી કરે છે. આ સ્થિતિએ બંને દેશો વચ્ચે એક નવી સમાનતા ઊભી કરી છે, કારણ કે બંને દેશો સંરક્ષણવાદી વૈશ્વિક વેપારના વાતાવરણ અંગે સમાન રીતે ચિંતિત છે.

બ્રિક્સમાં ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, ઈજિપ્ત, ઈથોપિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોના સમાવેશથી તેનું ભૌગોલિક રાજકીય વજન વધ્યું છે, પરંતુ સર્વસંમતિ સાધવી વધુ મુશ્કેલ બની છે. તાજેતરમાં નવી દિલ્હીમાં બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠક પશ્ચિમ એશિયાના સંઘર્ષ પરના મતભેદોને કારણે સંયુક્ત નિવેદન બહાર પાડવામાં નિષ્ફળ રહી હતી. આ જૂથની કોઈપણ મોટી પહેલને સફળતાપૂર્વક આગળ ધપાવવા માટે ભારત અને ચીનનો સહકાર અત્યંત આવશ્યક છે.

### ચીનના ૪૦૦ સભ્યોનું વિશાળ પ્રતિનિધિમંડળ આવે તેવી સંભાવના

જો આ મુલાકાત થશે તો તે ૨૦૧૯ પછી શી જિનપિંગની પ્રથમ ભારત યાત્રા હશે. ૪૦૦ જેટલા અધિકારીઓ સાથેની આ મુલાકાતનો મુખ્ય હેતુ વિવિધ મંત્રાલયો, નિયમનકારો અને વ્યાપારી જૂથો વચ્ચે સમાંતર ચર્ચાઓને સરળ બનાવવાનો છે. તેનાથી બંને નેતાઓ વચ્ચેના રાજકીય સંવાદની સાથે સાથે વેપાર, ઉત્પાદન, તકનીક, જોડાણ, રોકાણ અને નાણાકીય સહકાર અંગેની વાતચીત માટે પણ મોકળું મેદાન મળશે. આ વિશાળ પ્રતિનિધિમંડળ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઔપચારિક બ્રિક્સ કાર્યસૂચિની બહાર પણ મહત્વપૂર્ણ ચર્ચાઓ માટે પૂરતી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

### પેમેન્ટ સિસ્ટમ અને ડિજિટલ કરન્સીના ઉપયોગ પર મુકાશે ભાર

દિલ્હી બ્રિક્સ સમિટના ટેબલ પર હાલમાં સૌથી ગંભીર પ્રસ્તાવ સભ્ય દેશો વચ્ચે નાણાકીય સહકારનો રહેલો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની તાજેતરની ટિપ્પણીઓ દર્શાવે છે કે બ્રિક્સ દેશો ચુકવણી પ્રણાલીને લિંક કરવા પર વિચાર કરી રહ્યા છે. આ ઉપરાંત મધ્યસ્થ બેંક ડિજિટલ કરન્સી (સીબીડીસી) નો સમાવેશ કરતી આંતરકાર્યક્ષમતાની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. આ સમગ્ર કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈ નવું સામાન્ય ચલણ બનાવવાનો નથી, પરંતુ રાષ્ટ્રીય ચલણોનો જ ઉપયોગ કરીને સરહદ પારના વ્યવહારોને વધુ કાર્યક્ષમ અને સરળ બનાવવાની માળખાગત સુવિધા વિકસાવવાનો છે.

# સંરક્ષણ ક્ષેત્રે ડીઆરડીઓની મિસાઈલ ટેક્નોલોજીને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લી મુકાઈ

## ટેક્નોલોજી ટ્રાન્સફર સંબંધિત લાયકાત, સર્ટિફિકેશન અને નિયમનકારી ધોરણોને આધીન રહેશે




**અબતક, નવી દિલ્હી**

જે દેશ પોતાની સુરક્ષા અને શસ્ત્ર સરંજામ બાબતે બીજા પર નિર્ભર રહે, તે ક્યારેય વૈશ્વિક મહાસત્તા બની શકતો નથી. આપણા દેશના સપનાને સાકાર કરવા અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ એક મજબૂત ઉડાન આપવા માટે કેન્દ્ર સરકારે એક અત્યંત દૂરગામી અને ઐતિહાસિક નિર્ણય લીધો છે.

હવે દેશની રક્ષા માટે બ્રહ્માસ્ત્ર સમાન મિસાઈલો બનાવવાની ટેક્નોલોજી માત્ર સરકારી દીવાલો પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ભારતના તેજસ્વી ખાનગી ઉદ્યોગોના હાથમાં પણ સોંપવામાં આવશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા લેવાયેલા આ ક્રાંતિકારી પગલાથી દેશના ડિફેન્સ સેક્ટરના દરવાજા હવે પ્રાઈવેટ સેક્ટર માટે સદંતર ખુલી ગયા છે, જે આવનારા સમયમાં ભારતને વિશ્વના નકશા પર એક અજેય અને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરશે.

અત્યાર સુધી સરકારી કંપનીઓને જ સીધા ઓર્ડર આપવામાં આવતા હતા, જે જૂની પદ્ધતિને બદલીને હવે સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. ખાનગી કંપનીઓ વધુ સારા અને કિફાયતી વિકલ્પો પૂરા પાડી શકે છે. આ ટેક્નોલોજી ટ્રાન્સફર સંબંધિત લાયકાત, સર્ટિફિકેશન અને નિયમનકારી ધોરણોને આધીન રહેશે.

સરકારી કંપનીઓ પાસે મોટા પાયે મિસાઈલ ઉત્પાદન કરવાની મર્યાદિત ક્ષમતા હતી. સરકારી એકમોનું ઉત્પાદન ખર્ચ વધુ હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની મિસાઈલ નિકાસ પર અસર પડતી હતી (જેમ કે પિનાકા રોકેટના કિસ્સામાં ખાનગી કંપનીઓએ વધુ સસ્તા અને સ્પર્ધાત્મક બોલી લગાવી હતી). સંરક્ષણ ક્ષેત્રમાં આયાત પર નિર્ભરતા ઘટાડીને દેશમાં જ અદ્યતન શસ્ત્રોનું ઉત્પાદન વધારવું.



ખાનગી ક્ષેત્રના પ્રવેશથી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટક્ષેત્રે નવી તકો ઊભી થશે અને હાઈ-ટેક નોકરીઓ વધશે. સૈન્ય દળોને સમયસર અને અત્યાધુનિક શસ્ત્ર સરંજામ મળી રહેશે. ભારત વિશ્વના મોટા રક્ષણાત્મક સાધનો નિકાસ કરનાર દેશ બનવાની દિશામાં આગળ વધશે.

રાજનાથ સિંહ દ્વારા લેવાયેલ આ પગલું ભારતની ડિફેન્સ ઈકોસિસ્ટમ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે. ખાનગી ક્ષેત્રને સામેલ કરવાથી માત્ર સૈન્યની તાકાત નહીં વધે, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન વધુ મજબૂત બનશે.

ભારત આજે વિશ્વના ૮૫ થી વધુ દેશોને સંરક્ષણ સાધનો અને હથિયારોની નિકાસ કરે છે. ભારતની સંરક્ષણ નિકાસ સ્વતંત્રતા પછીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, જે દેશની મેન્યુફેક્ચરિંગ ક્ષમતામાં વિશ્વાસ દર્શાવે છે.ડીઆરડીઓ અને પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સની સાથે હવે ટાટા, લાર્સન એન્ડ ટુબ્રો અને અદાણી જેવી ખાનગી કંપનીઓ પણ સંરક્ષણ ઉત્પાદનમાં સક્રિય યોગદાન આપી રહી છે.

તેજસ, બ્રહ્મોસ મિસાઈલ,આકાશ એર ડિફેન્સ સિસ્ટમ,યુદ્ધ જૌહજ અને સબમરીન,આર્ટિલરી ગન (તોપો) આ બધી મુખ્ય સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનો છે. સાથે જ ડ્રોન અને યુએવી ,આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અત્યાધુનિક ટેક્નોલોજીથી ભવિષ્યની તૈયારીઓ ચાલી રહી છે.

### કઈ ટેક્નોલોજી ખાનગી ક્ષેત્રે ટ્રાન્સફર થશે?

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસિત અસ્ત્ર, રુદ્રમ, પ્રલય અને લોંગ રેન્જ એન્ટી-શિપ હાઈપરસોનિક મિસાઈલ જેવી પરંપરાગત મિસાઈલોની ટેક્નોલોજી હવે ખાનગી ક્ષેત્રની કંપનીઓને મળશે.આયાત પર નિર્ભરતા ઘટાડવી, સંરક્ષણ ઉત્પાદનમાં દેશી મૂલ્ય વધારવું અને સૈન્ય ક્ષમતા મજબૂત કરવી.

ટમેટાંનો તોફાની જંગ: જ્યાં રંગ લાલ અને મૂડ મસ્ત !

# ગ્રેનેડ નહીં, ટમેટાં ચાલશે: વિશ્વનું સૌથી સ્વાદિષ્ટ યુદ્ધ !

## લા ટોમેટિના માત્ર ટમેટાં ફેંકવાનો ઉત્સવ નથી, પરંતુ બૂન્યોલની લોકસંસ્કૃતિ, સામૂહિક આનંદ, હાસ્ય અને લોકોની એકતાનું પ્રતીક બની ગયો છે: આજે સ્પેનની ગલીઓ 'ટમેટાંનું રણમેદાન' બની જાય છે: શહેરની ગલીઓ લાલ રંગની રસાળ નદીમાં ફેરવાઈ જાય છે

સ્પેનના બુન્યોલ શહેરમાં દર વર્ષે યોજાતો લા ટોમેટીના વિશ્વનો અનોખો અને મસ્તીભર્યો તહેવાર છે, જેમાં લોકો એકબીજા પર પાકેલાં ટમેટાં ફેંકીને જાણે યુદ્ધ જ છેડાઈ ગયું હોય એવી ધમાલ કરે છે. સામાન્ય યુદ્ધમાં તલવાર-બંદૂક ચાલે, પરંતુ અહીં હથિયાર છે, લાલચટ્ટાક ટમેટાં આને પરિણામે આખી ગલીઓ લાલ રંગની રસાળ નદીમાં ફેરવાઈ જાય છે. ઓગસ્ટના અંતિમ બુધવારે યોજાતો આ તહેવાર માત્ર ટમેટાંની ઉડાઉપાટ નથી, પરંતુ હાસ્ય, આનંદ અને સામૂહિક ઉજવણીની સ્પેનિશ પરંપરાનું અનોખું પ્રતિક બની ગયો છે. લા ટોમેટિના માત્ર ટમેટાં ફેંકવાનો ઉત્સવ નથી, પરંતુ બૂન્યોલની લોકસંસ્કૃતિ, સામૂહિક આનંદ, હાસ્ય અને લોકોની એકતાનું પ્રતીક બની ગયો છે. શરૂઆતમાં સ્થાનિક મોજ-મસ્તીમાંથી જન્મેલો આ ઉત્સવ આજે દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષે છે. તેની શરૂઆત વર્ષ ૧૯૪૫માં એક નાનકડી યુવાનોની તકરાર દરમિયાન થયેલી ટમેટાંની મારામારીથી થઈ હોવાનું બૂન્યોલના સત્તાવાર પ્રવાસન વિભાગ અને સ્પેનના પ્રવાસન વિભાગ જણાવે છે. બીજા વર્ષે યુવાનો ફરી ટમેટાં લઈને આવી ગયા અને આ મજાકિયા મારામારી ધીમે ધીમે પરંપરામાં ફેરવાઈ. શરૂઆતમાં સત્તાવાળાઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો અને ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં ઉત્સવ પર પ્રતિબંધ પણ મૂકાયો, પરંતુ સ્થાનિક લોકોની લોકપ્રિયતા અને વિરોધને કારણે અંતે તેને ફરી મંજૂરી મળી અને તે બૂન્યોલની ઓળખ બની ગયો.

૧૯૮૦ ના દાયકા સુધીમાં લા ટોમેટીના ઉત્સવ એક સત્તાવાર કાર્યક્રમમાં ફેરવાઈ ગયો હતો. જેમાં વિશ્વભરના સહભાગીઓ આવ્યા હતા. વિશ્વની સૌથી મોટી આ ખાદ્ય લડાઈ લા ટોમેટિના માં ૧૦૦ મેટ્રિક ટનથી વધુ ટામેટાં, ૩૦ હજાર સહભાગીઓ સ્પેનના બુનોલની શેરીઓમાં એક અવિસ્મરણીય કલાકમાં યુવાવર્ગ મોજે જાલવા સાથે આનંદ માણે છે. આજે લા ટોમેટિનાના દિવસે શહેરની ગલીઓમાં હજારો લોકો ભેગા થાય છે. મુખ્ય ટમેટાની લડાઈ સામાન્ય રીતે સવારે ૧૧ વાગ્યે ગોળીબારના સંકેત સાથે શરૂ થાય છે અને બીજી ગોળી વાગે ત્યારે પૂરી થાય છે. ટમેટાંથી ભરેલા ટ્રકો આવે છે અને




લોકો એકબીજા પર પાકેલા ટમેટાં ફેંકીને આનંદ માણે છે; થોડા જ સમયમાં આખી ગલી લાલ રંગથી રંગાઈ જાય છે. લડાઈ પહેલાં સાબુથી લપસણો બનાવેલા ઊંચા થાંભલા પર મૂકેલા હેમને મેળવવાનો પ્રયાસ કરવાની પરંપરા પણ છે. લડાઈ પૂરી થયા પછી પાણીની પાઈપોથી રસ્તાઓ અને ભાગ લેનાર લોકોને સાફ કરવામાં આવે છે. ૨૦૦૨માં તેને આંતરરાષ્ટ્રીય પ્રવાસન રસના ઉત્સવ તરીકે સત્તાવાર માન્યતા મળી હતી. આ એક સામાન્ય સ્થાનિક ઘટનામાંથી જન્મેલી અનોખી પરંપરા આજે સ્પેનની સૌથી જાણીતી સાંસ્કૃતિક ઉજવણીઓમાંની એક બની છે, જ્યાં લાલ રંગ, હાસ્ય અને સામૂહિક ઉત્સાહ સમગ્ર શહેરને એક દિવસ માટે આનંદના રંગે રંગી દે છે. એક જીવંત ઉજવણી છે જેમાં હજારો લોકો સ્પેનના બુનોલ શહેરમાં ભેગા થાય છે. વિશ્વભરના લોકો વિશાળ ટામેટાંની લડાઈમાં ભાગ લેવા આવે છે, જે શેરીઓ લાલ રંગથી ભરી દે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ તહેવાર એક અનોખો, અવ્યવસ્થિત અને આનંદદાયક અનુભવ આપે છે, જે ઉત્સાહ અને આનંદનું વાતાવરણ બનાવે છે. આ એક એવો દિવસ છે જ્યારે દરેક વ્યક્તિ છૂટા પડી જાય છે, એકબીજા પર ટામેટાં ફેંકવાના સહિયારા રોમાંચમાં એક થાય છે.આ ઉજવણી મિત્રો વચ્ચે રમતિયાળ પ્રસંગ તરીકે શરૂ થઈ હતી. સમય જતાં, તે એક પરંપરામાં વિકસ્યું જે આનંદ, એકતા અને સમુદાયનું પ્રતીક છે. આ તહેવાર લોકોને એકસાથે લાવે છે, હાસ્ય અને શેર કરેલી ક્ષણો દ્વારા અવરોધોને તોડી નાખે છે. સુરક્ષિત અને સ્વસ્થ રહો, ગાંડપણની વચ્ચે સલામતી મુખ્ય છે. કંઈપણ સખત કે તીક્ષ્ણ ફેંકવાનું ટાળો. જો કોઈ પડી જાય, તો તેને ઉઠાડવા માટે મદદ કરો. ઉપરાંત, જો ભીડ ખૂબ ઉગ્ર બને તો ક્યારે પાછળ હટવું તે જાણો.એકવાર ટામેટાંની લડાઈ સમાપ્ત થઈ જાય, પછી ઉતાવળ ન કરો, લડાઈ પછીના ઉત્સવોમાં રોકાઈ જાઓ. ઘણા સ્થાનિક લોકો પાર્ટીઓનું આયોજન કરે છે, અને શેરીઓ સંગીત અને નૃત્યથી ગુંજી ઉઠે છે. મજામાં જોડાઓ અને વિશ્વની સૌથી મોટી ફૂડ ફાઈટમાં બચી ગયાની ઉજવણી કરો. આયોજનની વ્યવસ્થા જાળવાઈ તે માટે ઉત્સવના સામાન્ય નિયમોનું પાલન કરવાનું હોય છે.

સ્પેનના આ લાલચટ્ટાક યુદ્ધ લા ટોમેટીના ઉત્સવની મસ્તી માણવા સમગ્ર વિશ્વમાંથી લોકો અહીં આવે છે, આ માટે દુનિયાભરના ટુર ઓપરેટરો, ટ્રાવેલ કંપનીઓ વિવિધ પેકેજ સાથે હોટલ બુકીંગ પણ કરી આપે છે. ટામેટાંનો ત્રાસદાયક પ્રેમ મહોત્સવ સ્પેનનો સૌથી રસીલો તહેવાર વિશ્વ લેવલે આજે ખૂબ જ જાણીતો અનોખો તહેવાર બની ગયો છે.

આપણી ધુળેટીના તહેવાર જેવો જ આ તહેવાર ગણી શકાય, પણ અહીં એકમાત્ર ટમેટાનો જ ઉપયોગ કરીને લોકો એકબીજાને ટમેટા રસથી રંગી દે છે, ધુળેટીમાં આપણે તકેદારી રાખીએ છીએ તેવી જ તકેદારી ના નિયમો અહીં રાખવામાં આવેલ છે જેથી ઈજાઓ નહીવત જોવા મળે છે. સ્પેનના લોકો લાલ રંગને પ્રેમનું પ્રતીક ગણતા હોવાથી યુવા ધન ઉત્સવમાં વધુ જોડાય છે.

**૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં આ ઉત્સવ પર પ્રતિબંધ પણ મૂકાયો હતો, પરંતુ સ્થાનિક લોકોની લોકપ્રિયતા અને વિરોધને કારણે અંતે તેને ફરી મંજૂરી મળી અને તે સ્પેનના શહેર બૂન્યોલની ઓળખ બની ગયો**

# શિક્ષક: એઆઈના જવાબો અને જીવનના સત્ય વચ્ચેનો ભેદ સમજાવનાર માર્ગદર્શક

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

માનવ સભ્યતાના ઈતિહાસમાં કેટલીક એવી ક્ષણો આવે છે, જે માત્ર સમય બદલતી નથી, પરંતુ સમયની વ્યાખ્યા પણ બદલી નાખે છે. મુદ્રણકળાએ જ્ઞાનને રાજમહેલમાંથી જનમાનસ સુધી પહોંચાડ્યું; ઈન્ટરનેટે દુનિયાને એક ગામમાં ફેરવી દીધી અને હવે કૃત્રિમ બુદ્ધિમત્તા - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) - મનુષ્યની બુદ્ધિના પરંપરાગત અર્થને જ પડકારવા આવી છે. આજે પ્રશ્નએ નથી કે એઆઈ શિક્ષણમાં પ્રવેશી ચૂક્યું છે કે નહીં; પ્રશ્ન એ છે કે શિક્ષણ એઆઈને દિશા આપશે કે એઆઈ શિક્ષણની દિશા નક્કી કરશે?

શિક્ષણએ ક્યારેય માહિતીના ઢગલા ઊભા કરવાની પ્રક્રિયા નહોતું. શિક્ષણનો મૂળ હેતુ હતો - વિચાર શક્તિનો વિકાસ, વિવેકનું સંવર્ધન, સંવેદનાનું સિંચન અને ચારિત્ર્યનું ઘડતર. પુસ્તક માત્ર વાંચવા માટે નથી; તે મનુષ્યને પોતાની અંદર ઝાંખી કરવાનું આમંત્રણ આપે છે. શિક્ષક માત્ર જ્ઞાન આપતો નથી; તે જિજ્ઞાસાની જ્યોત પ્રગટાવે છે. પરંતુ આજે એક એવું યુગ શરૂ થયું છે, જ્યાં માહિતી આંગળીના ટેરવે છે અને જવાબો ક્ષણોમાં મળી જાય છે. આ ઝડપે એક નવો પ્રશ્ન જન્માવ્યો છે - શું આપણે જ્ઞાન મેળવી રહ્યા છીએ કે માત્ર માહિતી ભેગી કરી રહ્યા છીએ? એઆઈએ શિક્ષણને અદભુત શક્તિ આપી છે. વ્યક્તિગત અભ્યાસ, ત્વરિત પ્રતિસાદ, ભાષાંતર, વર્ચ્યુઅલ પ્રયોગ શાળાઓ, સ્માર્ટ મૂલ્યાંકન અને વિશ્વસ્તરીય જ્ઞાન સુધી સમાન પહોંચ - આ બધું હવે શક્ય બન્યું છે. એક નાનકડા ગામનો વિદ્યાર્થી પણ વિશ્વવિખ્યાત શિક્ષકોના વિચારો સુધી પહોંચી શકે છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે એઆઈ નવી આશા બની છે. શિક્ષકો માટે વહીવટી ભાર ઓછો થયો છે અને સર્જનાત્મક શિક્ષણ માટે વધુ સમય ઉપલબ્ધ થયો છે. આ બધું નિઃસંદેહ શિક્ષણની નવી સવાર છે.

પરંતુ દરેક સવાર સાથે પડછાયો પણ જન્મે છે. જ્યારે મશીન જવાબ આપવા લાગે છે, ત્યારે મનુષ્ય પ્રશ્ન પૂછવાનું ભૂલી જાય છે. જ્યારે દરેક નિબંધ એઆઈ લખી આપે છે, ત્યારે કલમની મૌલિકતા સુકાવા લાગે છે. જ્યારે પ્રોજેક્ટમાં પરિશ્રમનું સ્થાન અલ્ગોરિધમ લઈ લે છે, ત્યારે જ્ઞાનનો આનંદ ઓગળી જાય છે. આજે વર્ગખંડોમાં એક મૌન સંકટ પાંગરી રહ્યું છે - વિદ્યાર્થીઓ વધુ માહિતગાર બની રહ્યા છે, પરંતુ શું તેઓ વધુ વિચારશીલ પણ બની રહ્યા છે? શિક્ષણનું સૌથી મોટું જોખમ અજ્ઞાન નથી; વિચાર વિહોણું જ્ઞાન છે. એઆઈ તૈયાર જવાબો આપી શકે છે, પરંતુ પ્રશ્નની પીડા અનુભવી શકતું નથી. તે કવિતા રચી શકે છે, પરંતુ વિરહના આંસુ કે વિજયનો આનંદ અનુભવી શકતું નથી. તે મહાત્મા ગાંધી પર નિબંધ લખી શકે છે, પરંતુ સત્ય માટેનો આંતરિક સંઘર્ષ જીવી શકતું નથી. કારણ કે મશીન પાસે ગણતરી છે, અંતઃકરણ નથી; સ્મૃતિ છે, અનુભૂતિ નથી.

આજે અસાઈનમેન્ટ વધુ સુંદર બની રહ્યા છે, પરંતુ શું વિદ્યાર્થીઓ વધુ સારા બની રહ્યા છે? ગુણ પત્રકો ચમકી રહ્યા છે, પરંતુ શું ચિંતન પણ એટલું જ તેજસ્વી બની રહ્યું છે? જો શિક્ષણનું મૂલ્યાંકન માત્ર પરિણામોથી થશે અને પ્રક્રિયાને અવગણવામાં આવશે, તો ભવિષ્યમાં આપણે ડિગ્રી ધારકો તો ઘણાં મેળવીશું, પરંતુ દ્રષ્ટીવાન મનુષ્યો ઓછા મળશે. આ ચિંતાનું બીજું પરિમાણ પણ છે. એઆઈ માહિતીનું સર્જન કરે છે, પરંતુ તેની સત્યતા માટે જવાબદાર નથી. ભ્રામક માહિતી, પૂર્વગ્રહયુક્ત જવાબો, નકલ, બૌદ્ધિક અપ્રમાણિકતા અને ડિજિટલ નિર્ભરતા - આ બધું શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં ધીમે ધીમે પ્રવેશી રહ્યું છે. જો વિદ્યાર્થીઓ 'શોધ' કરતાં 'શોર્ટકટ'ને પસંદ કરશે, તો સંશોધનનો આત્મા જ મરી જશે.

આ બધાની વચ્ચે શિક્ષકની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની છે, ઓછી નહીં. શિક્ષક હવે માત્ર માહિતીનો સ્ત્રોત નથી; તે માહિતી અને જ્ઞાન વચ્ચેનો સેતુ છે. તે એઆઈના જવાબો અને જીવનના સત્ય વચ્ચેનો ભેદ સમજાવનાર માર્ગદર્શક છે. વર્ગખંડમાં હવે પાઠ્યપુસ્તક જેટલી જ જરૂરિયાત મૂલ્યશિક્ષણ, વિવેક અને ડિજિટલ નૈતિકતાની છે.

સમાજે પણ એક નિર્ણય લેવો પડશે. શું આપણે એવી પેઢી ઈચ્છીએ છીએ જે દરેક પ્રશ્નનો જવાબ જાણે, પરંતુ જીવનના મૂળ પ્રશ્નો સામે મૌન થઈ જાય? શું આપણે એવી બુદ્ધિનું નિર્માણ કરી રહ્યા છીએ, જે ઝડપથી વિચારે છે પરંતુ ઊંડાણથી નથી વિચારતી? ટેક્નોલોજીનો વિજય ત્યારે જ અર્થપૂર્ણ છે, જ્યારે તે માનવતાની હાર ન બને.

આથી શિક્ષણની નવી વ્યાખ્યા ઘડવાનો સમય આવી ગયો છે. શાળાઓમાં એઆઈનો ઉપયોગ જરૂર થવો જોઈએ, પરંતુ તેની સાથે Critical Thinking, Ethical Reasoning, Creativity, અને Character Education ને કેન્દ્રસ્થાને રાખવું પડશે. વિદ્યાર્થીને માત્ર એઆઈ ચલાવતાં શીખવવું પૂરતું નથી, તેને એઆઈને પ્રશ્ન કરતાં પણ શીખવવું પડશે.

આવનારા વર્ષોમાં વિશ્વ બે પ્રકારના સમાજમાં વહેંચાઈ શકે છે - એક એવો, જે એઆઈનો ઉપયોગ કરશે અને બીજો એવો, જે એઆઈનો ગુલામ બની જશે. આ બંને વચ્ચેનો ભેદ માત્ર ટેક્નોલોજી નહીં, પરંતુ શિક્ષણ નક્કી કરશે.

અંતે, એઆઈને લઈને આપણી સૌથી મોટી જવાબદારી ટેક્નોલોજીનો વિરોધ કરવાની નથી; તેના પર માનવતાનું નેતૃત્વ જાળવી રાખવાની છે. કારણ કે કૃત્રિમ બુદ્ધિ જેટલી પણ વિકસે, તે માનવહૃદયની કરૂણા, ગુરુની પ્રેરણા, માતાની મમતા અને અંતઃકરણના અવાજનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં.

શિક્ષણના મંદિરના દ્વારે એઆઈનું સ્વાગત જરૂર થવું જોઈએ, પરંતુ એક શરતે - તે હાથમાં સાધન બનીને પ્રવેશે, મસ્તક પર સ્વામી બનીને નહીં. કારણ કે જે દિવસે શિક્ષણમાંથી વિચાર ઓગળી જશે, તે દિવસે જ્ઞાનનો પ્રકાશ નહીં, માત્ર માહિતીનો ચમકારો જ બાકી રહેશે. અને ચમકારો ક્ષણિક હોય છે; પ્રકાશ જ શાશ્વત હોય છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા યુવા અભ્યુદય પર્વમાં બહોળી સંખ્યામાં નવયુવાનોની ઉપસ્થિતી

## ધ પાવર ઓફ ઓનરશીપ, ધ આર્ટ ઓફ યંગહાર્ટ અને સમયથી સફળતા સુધીના વિષય પર નવયુવા સંતોએ વકતવ્યો આપ્યા

**અબતક, રાજકોટ**

શ્રદ્ધાળુ ભકતોના હૃદયમાં શ્રાવણ માસ દરમિયાન વ્રત, તપ, સંયમ, સમર્પણ, કથા શ્રવણ અને ભજન ભક્તિની ભરતી આવે છે

૧૮થી ૪૫ વર્ષના યુવાનો માટે જ સુરત-કામરેજ રોડ પર વાલક પાટીયા ચાર રસ્તા પાસે જમનાબા વિદ્યાર્થી ભવનના કેશુભાઈ પટેલ ઓડિટોરીયમમાં યોજાયેલ યુવા અભ્યુદય પર્વ યોજાએલ.

પ્રારંભે ધર્મવલ્લભદાસજી સ્વામી, પ્રભુ સ્વામી, રાકેશભાઈ દુધાત, શૈલેષભાઈ ગોટી, ડો. પાઘડાળ વગેરેએ દીપ પ્રાગટ્ય કરેલ. મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામીએ સંતો તથા કાર્યકર્તા અને શ્રોતા યુવાનોને આશીર્વાદ પાઠવતા કહેલું કે યુવાન માં તપસ્વિતા, તેજસ્વિતા અને તત્પરતા હોવા જોઈએ. આ પ્રસંગે વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના ત્રણ નવયુવાન વિદ્વાન સંતોએ વકતવ્ય આપેલ . જેમાં પ્રથમ વકતા રાજકેટથી પધારેલા શાસ્ત્રી ચૈતન્ય સ્વરૂપદાસજી સ્વામીએ 'ધ પાવર ઓફ ઓનરશીપ પર વાત કરતાં કહેલું કે સમસ્યા ત્યારે જ અકલ્પ્ય અને અઘરી લાગે છે જ્યારે આપણે તેને ઉકેલવાની જવાબદારી સ્વીકારતા નથી અથવા બીજા ઉપર ઢોળી દઈએ છીએ.જ્યારે દ્વિતીય વકતા નીલકંઠ ધામ પોઈચા થી પધારેલા



શાસ્ત્રી અચલ જીવનદાસજી સ્વામીએ ' ધ આર્ટ ઓફ યંગ હાર્ટ ' ઉપર વાત કરતાં કહેલું કે સતત પ્રયત્ન કરતા રહેવાથી વ્યક્તિત્વ વિકાસના માર્ગે સફળતા પ્રાપ્ત થાય છે, નિસ્વાર્થ પ્રેમ કરવાથી પરિવારમાં પૂર્ણતા પ્રાપ્ત થાય છે અને નિર્દોષ પ્રાર્થના કરવાથી અધ્યાત્મ માર્ગે ઉન્નતી પ્રાપ્ત થાય છે.અંતિમ વકતા મુંબઈથી પધારેલા શાસ્ત્રી વિરક્ત જીવનદાસજી સ્વામીએ ' સમયથી સફળતા સુધી ' એ વિષય ઉપર પ્રકાશ પાથરતા કહેલું કે પાંચ કરોડ રૂપિયા આપો તો પણ એના બદલામાં એક સેકન્ડ નવી ના મળે. સમય મફતમાં મળે છે પણ તેને ખરીદી શકાતો નથી. સમયનું એકસચેન્જ થઈ શકતું નથી. અંતમાં સંતો પ્રભુ સ્વામી, ભક્તિતનય સ્વામી, દિવ્ય સ્વામી, શાસ્ત્રી શ્રી મંગલ સ્વામી, કૃષ્ણસેવાદાસ સ્વામી, જ્ઞાન પ્રકાશ સ્વામી, નીલકંઠ સ્વામી, વગેરે સંતોએ યુવાનોના કાંડે રક્ષાબંધન કર્યું હતું. પર્વની વ્યવસ્થા અને સફળતા માટે ચિરાગભાઈ રામાણી,રાહુલભાઈ રફાળીયા, પંકજભાઈ ડાવરા,સહિતના કાર્યકર્તાઓને સંતો તથા યુવાનોએ બિરદાવ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૭-૮-૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ ચૌદશ પંચક ૧૩.૩૬થી
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** શોભન **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૨૯ **સુર્યાસ્ત:** ૭.૦૮
**ચંદ્ર રાશી** મકર બપોરે ૧.૩૬થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ./ગ.શ.સ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા**
શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા**
અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | ૯ | | ૭ | ૮ | ૨ | |
| | ૯ | | ૫ | | ૩ | | ૭ | |
| | | | ૪ | | ૮ | | | |
| ૧ | ૩ | | | | | ૬ | | ૨ |
| | ૮ | ૨ | | ૩ | | ૫ | | ૭ |
| ૯ | | | ૨ | | | | ૩ | |
| | | ૬ | | ૭ | | ૨ | | |
| | ૨ | | | | ૯ | | ૫ | ૮ |
| | | | | | | ૩ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૭.૮.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ ચતુર્દશી, ધનિષ્ઠા નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટિ કરણ આજે બપોરે ૧.૩૬ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય,ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :** સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે,નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે,સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગથી સાવધાન રહેવું,વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે.

**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર (ખ,જ) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીનો સતત બીજા વર્ષે ગુજરાતમાં પ્રથમ ક્રમ






## વડોદરા સહકારી ફેડરેશન દ્વારા બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ એનાયત ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાની કુનેહથી સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો

**અબતક, રાજકોટ**

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ સતત બીજા વર્ષે સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ મેળવી બગસરા સહિત અમરેલી જિલ્લાના સહકારી ક્ષેત્રનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર ગુજરાતની ૬૭૭૯થી વધુ શરાફી સહકારી મંડળીઓમાં નફાકારકતા, આર્થિક વિશ્વસનીયતા તથા સામાજિક ક્ષેત્રે પ્રદાનને ધ્યાને લઈ શ્રેષ્ઠ સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વડોદરા ખાતે ધી બરોડા ડિસ્ટ્રિક્ટ ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિ.ના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાને કર્ણાટક રાજ્ય કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેન એસ. ચંદ્રશેખરના વરદ હસ્તે બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મંડળીની આ સિદ્ધિ પાછળ ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાની કુનેહપૂર્ણ કામગીરી અને માર્ગદર્શનને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. તેમના નેતૃત્વ હેઠળ મંડળીની સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ સતત વિસ્તરી રહ્યો છે અને સભાસદોને આર્થિક તથા સામાજિક રીતે વધુ સશક્ત બનાવવાના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. રજત જયંતિ સમારોહમાં ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર ગીતાબેન મકવાણા, ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોઢા), મહારાષ્ટ્ર રાજ્ય કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ચેરમેન દીપકભાઈ પટવર્ધન, કર્ણાટક રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી ફેડરેશનના ડાયરેક્ટર ડો. સંજય હોસમથ, મહારાષ્ટ્ર રાજ્ય કો-ઓપ. સોસાયટી ફેડરેશનના ડાયરેક્ટર વાસુદેવ કાલે, પશ્ચિમ બંગાળ રાજ્ય કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશનના ઉપપ્રમુખ આરુપ બોરલ તથા ડાયરેક્ટર પ્રતાપ પારૈયા સહિતના સહકારી આગેવાનો અને ૫૩૪ સહકારી સંસ્થાઓના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા.

એવોર્ડ સ્વીકાર્યા બાદ ચેરમેન રશ્વીનભાઈ ડોડિયાએ પોતાના પ્રતિભાવમાં શરાફી સહકારી મંડળીઓ સામેના વિવિધ અવરોધો અને પડકારો અંગે રજૂઆત કરી હતી. સહકારી ક્ષેત્રના વિકાસ માટે જરૂરી બાબતો અંગે પણ તેમણે સહકારી આગેવાનો સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સમગ્ર રજત જયંતિ મહોત્સવનું આયોજન ચેરમેન આર.એમ. પટેલ તથા મંત્રી ગોવિંદ દહીવલકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની વડોદરા શાખાના એમ.ડી. દિલીપભાઈ નેપાળી, ડિરેક્ટર અનુરાગભાઈ શર્મા, હિંમતભાઈ પટેલ, શાખા એડવાઈઝરી બોર્ડના સભ્યો, જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, શાખા સેક્રેટરી ભાવેશભાઈ ગોહિલ તથા શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ ક્રમ અને બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ પ્રાપ્ત થતાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સિદ્ધિને સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર ઉપલબ્ધિ તરીકે જોવામાં આવી રહી છે.

# ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં જન્માષ્ટમી પર્વે ૨થી ૭ સપ્ટેમ્બર રજા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા શ્રાવણ માસ દરમિયાન આવતા વિવિધ તહેવારોને અનુલક્ષીને રજાઓ જાહેર કરવામાં આવી છે. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, જન્માષ્ટમીના પર્વ નિમિત્તે તા.૨ સપ્ટેમ્બરથી તા.૭ સપ્ટેમ્બર સુધી યાર્ડમાં રજા રહેશે. આ ઉપરાંત રક્ષાબંધન તથા શ્રાવણ માસના દરેક સોમવારની પણ રજા રહેશે. જાહેર કરાયેલ રજાઓ દરમિયાન ગોંડલ માર્કેટિંગ યાર્ડનું તમામ કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે.

### એક જ દિવસમાં ડુંગળીના ૩૫ થી ૪૦ હજાર કટ્ટાની આવક થતા યાર્ડ છલકાયું



ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં હાલ ડુંગળીની જંગી આવક નોંધાઈ રહી છે.યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે એક જ દિવસમાં ૩૫ થી ૪૦ હજાર કટ્ટા ડુંગળીની આવક થઈ હતી, જેના કારણે ગોંડલ માર્કેટિંગ યાર્ડ ડુંગળીથી છલકાઈ ગયું હતું. સૌરાષ્ટ્રના અનેક ગામોમાંથી ખેડૂતો પોતાની ડુંગળી લઈને વહેલી સવારથી ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે પહોંચ્યા હતા. આજે બજારમાં ખેડૂતોને ડુંગળીના પ્રતિ મણના રૂ. ૫૦૦થી લઈને રૂ. ૯૦૦ સુધીના ભાવ મળ્યા હતા. સારા માલના સારા ભાવ મળતા ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી.

યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ વેપારીઓ, ખેડૂતો, દલાલો તથા યાર્ડ સાથે સંકળાયેલા તમામ લોકોને રજાઓની નોંધ લેવા તેમજ તે મુજબ પોતાના કામકાજનું આયોજન કરવા અનુરોધ કર્યો છે.

# ગોંડલ પંથકના ખેડૂતોને હવે ખેતી માટે મળશે દસ કલાક વિજળી

## પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને ધારાસભ્ય ગીતાબા જાડેજાની રજુઆત સફળ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**




ગોંડલ વિસ્તારમાં વરસાદની અછતથી ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. ખેતીને લાયક વરસાદ વરસ્યોના હોય વાડી ખેતરો નાં કુવા કે બોર વાટે ખેડૂતોને મગફળી સહિત નાં વાવેતર ને પાણી આપવુ પડે છે. પરંતુ વિજતંત્ર દ્વારા હાલ ખેતી માટે આઠ કલાકથી પણ ઓછા સમય માટે વિજ પુરવઠો મળતો હોય વાવેતરને પિયત માટેનો સમય ઘટતો હોય વાવેતર નિષ્ફળ જવાની દહેશતથી ખેડૂતો પરેશાન બન્યાં હતાં.

એકબાજુ વરસાદની ખાધ અને બીજી બાજુ અપુરતા વિજ પુરવઠા ને કારણે બેવડો માર વેઠી રહેલા ખેડૂતોએ પુર્વ ધારાસભ્ય જયરાજસિહ તથા ધારાસભ્ય ગીતાબા જાડેજા ને આપવીતી રજુ કરતા જયરાજસિહ તથા ગીતાબા જાડેજા ગાંધીનગર દોડી જઈ ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા ને ખેડૂતોને દસ ૧૦ કલાક ખેતીનો પાવર મળી રહે તેવી તાકીદ ની રજૂઆત કરતા ઉર્જા મંત્રી કૌશિક ભાઈ વેકરીયા એ તાત્કાલિક ગોંડલનાં રૂરલ- ૧ તથા ૨ ઉપરાંત ભુણાવા,વાંસાવડ, દેરડી તથા કોટડા સાંગાણી પીજીવીસીએલ સબ ડિવિઝન ને આજ તા.૨૫ સાંજ થી જ ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવા તાકીદનો આદેશ કર્યો હોય ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.

# નયારા એનર્જી દ્વારા ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ




**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સ્તરની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની, નયારા એનર્જીએ તેના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પ્રોગ્રામ હેઠળ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ કરીને બાળપણના વિકાસ અને શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.


તુષ્ટિ પ્રોજેક્ટ હેઠળ, બે બ્લોક, ખંભાળિયા (દેવભૂમિ દ્વારકા) અને લાલપુર (જામનગર) હેઠળના ૩૧ ગામોમાં આવેલા ૪૮ આંગણવાડી કેન્દ્રોને આધુનિક અને બાળ-મૈત્રીપૂર્ણ શૈક્ષણિક કેન્દ્રોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ પહેલથી ૩,૦૦૦થી વધુ બાળકોને લાભ થશે.

૪૮ આંગણવાડીઓ પૈકી એક કજુરડા-વિજયનગરનું ઉદ્‌ઘાટન નયારા એનર્જીના કાર્યકારી અધ્યક્ષ પ્રસાદ પાનિકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, વાડીનાર રિફાઈનરીના હેડ અમર કુમાર, સરપંચ પુનરાજ મોરી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નયારા એનર્જી હંમેશા સ્થાનિક સમુદાયોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી છે. સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોની આ પહેલ દ્વારા, કંપની ગુણવત્તાયુક્ત બાળ સંભાળ, શિક્ષણ, આરોગ્ય અને પોષણ સુવિધાઓને વધુ સુલભ અને અસરકારક બનાવવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયો, મહિલાઓ અને બાળકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને ભવિષ્યની પેઢીઓ માટે ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપશે.

# સોમનાથ મહાદેવને અલૌકિક ભસ્મ શૃંગાર

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



પવિત્ર શ્રાવણ માસના પરમ મંગલકારી પ્રદોષ પર્વ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દેવાધિદેવને દિવ્ય ભસ્મ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો. સંધ્યાકાળે શિવ-શક્તિના આરાધના પર્વે ભોળાનાથનું અલૌકિક સ્વરૂપ ભક્તિભાવ અને આધ્યાત્મિક ઊર્જાથી ઝળહળી ઊઠ્યું હતું. શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ પર પવિત્ર યજ્ઞભસ્મનો લેપ કરવાની આ વિધિ સનાતન પરંપરાની અત્યંત પ્રાચીન અને આધ્યાત્મિક પૂજાવિધિ છે. શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ ભસ્મ એ સંસારની ક્ષણભંગુરતા, નિર્ગુણ ભાવ, વૈરાગ્ય અને પરમ નિર્મોહનું પ્રતીક છે. એવી અખંડ શ્રદ્ધા છે કે ભસ્મવિભૂષિત શિવલિંગના દર્શન માત્રથી જીવ મોહ-માયાના બંધનો અને દંભમાંથી મુક્ત થઈને અંતરમાં શિવત્વ તેમજ પરમ શાંતિની અનુભૂતિ કરે છે. આ પાવન અવસરે સોમનાથ મહાદેવને પવિત્ર યજ્ઞભસ્મ, શિવપ્રિય બિલ્વપત્ર, આસોપાલવ તેમજ દેશી ગુલાબ, ગલગોટા અને સેવંતી સહિતના મનમોહક પુષ્પોથી ભાવપૂર્ણ શૃંગારિત કરવામાં આવ્યા હતા. પ્રદોષ કાળે મહાદેવના આ દિવ્ય ભસ્મ દર્શનનો લાભ લઈ દેશ-વિદેશમાંથી પધારેલા હજારો શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.

ઉત્કૃષ્ટ કામગીરી બદલ

# ધ્રાંગધ્રા: પીઆઈ એન.એચ. ચુડાસમા અને હેડ કોન્સ્ટેબલ કરસનભાઈનું રેન્જ આઈજી નિલિપ્ત રાયના હસ્તે સન્માન

## ચુલી ગામની અનડીટેક્ટ હત્યાનો તાત્કાલિક ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરનાર પોલીસ ટીમની કામગીરીને બિરદાવવામાં આવી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એચ. ચુડાસમા તથા હેડ કોન્સ્ટેબલ કરસનભાઈએ ફરજ પ્રત્યેની નિષ્ઠા અને કાબેલિયતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ચુલી ગામે બનેલી અનડીટેક્ટ હત્યાના ગુનાનો તાત્કાલિક ભેદ ઉકેલી આરોપીને શોધી કાઢી તેની ધરપકડ કરવામાં પોલીસ ટીમે નોંધપાત્ર કામગીરી કરી હતી હત્યાના ગંભીર ગુનાની તપાસમાં પોલીસ ટીમે સતર્કતા, ઝડપી કાર્યવાહી અને કુશળ તપાસના આધારે મહત્વની કડીઓ મેળવી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો આરોપીને ઝડપી પાડવામાં આવેલી આ સફળ કામગીરીને ધ્યાને લઈ પોલીસ વિભાગ દ્વારા અધિકારીઓ તથા કર્મચારીની કામગીરીની નોંધ લેવામાં આવી હતી આ સરાહનીય કામગીરી બદલ રેન્જ આઈ,જી નિલિપ્ત રાય દ્વારા ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. ચુડાસમા તથા હેડ કોન્સ્ટેબલ કરસનભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું પોલીસની આ કામગીરીથી ગુનાખોરી સામે કડક કાર્યવાહી અને કાયદો વ્યવસ્થાની જાળવણી પ્રત્યે પોલીસ તંત્રની પ્રતિબદ્ધતા વધુ એક વખત સ્પષ્ટ થઈ છે ચુલી ગામની હત્યાનો તાત્કાલિક ભેદ ઉકેલી આરોપીને કાયદાના હવાલે કરનાર સમગ્ર પોલીસ ટીમને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે ખાસ કરીને પી.આઈ. એન.એચ. ચુડાસમા અને હેડ કોન્સ્ટેબલ કરસનભાઈને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા શુભેચ્છાઓ ધ્રાંગધ્રા પોલીસની કામગીરીને રેન્જ આઈજી દ્વારા બિરદાવતા પોલીસ બેડામાં ગૌરવની લાગણી.

# માણાવદરના મોટા કાજલિયા ગામે અંબેશ્વર મહાદેવ મંદિરે રૂદ્રી મહોત્સવ સંપન્ન



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

વંથલી તાલુકાના મોટા કાજલીયાળા ગામે આવેલ પૌરાણિક અંબેશ્વર મહાદેવ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભક્તિસભર વાતાવરણમાં ભવ્ય રૂદ્રી મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ અવસરે મહાદેવની વિશેષ સ્થાપના, પૂજા, રુદ્રાભિષેક તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરાયું હતું. આ પવિત્ર પ્રસંગે માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અર્જનભાઈ ડાંગર, રમેશભાઈ ડાંગર અને મહેશ ડાંગરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈને ધાર્મિક લાભ લીધો હતો.

# વંથલીમાં 'નલ સે જલ' અને 'સ્વર્ણિમ જયંતિ' યોજનાના વિકાસકાર્યોનું ધારાસભ્ય લાડાણીના હસ્તે લોકાર્પણ

## નાગરિકોને વધુ સારી અને નિયમિત પાણી પુરવઠાની વ્યવસ્થા ઉપલબ્ધ બનશે

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**



વંથલી શહેરમાં નાગરિકો માટે સુવિધાઓમાં વધારો કરવાના હેતુસર ''નલ સે જલ યોજના'' અંતર્ગત પીવાના પાણીની લાઈનો નાખવાના કામો તથા ''સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના'' અંતર્ગત એલઈડી સ્ટ્રીટ લાઈટ સાથેના પોલ લગાવવાના કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ મહત્વપૂર્ણ વિકાસકાર્યોનું લોકાર્પણ માણાવદર વિધાનસભાના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ કાર્યક્રમમાં વંથલી નગરપાલિકા પ્રમુખ રાકેશભાઈ ત્રાંબડીયા, વંથલી નગરપાલિકા ચીફ ઓફિસર ધોળકિયા, વંથલી નગરપાલિકા કારોબારી ચેરમેન નીતાબેન કાચા અને વંથલી શહેર ભાજપ પ્રમુખ દિવ્યેશભાઈ જેઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પાટીદાર સમાજના આગ્રણી દીવાનભાઈ ત્રાંબડીયા, મુસ્લિમ સમાજના અગ્રણી વલીભાઈ દલ, નગરપાલિકાના તમામ ચૂંટાયેલા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ સાતલપુર ધાર વિસ્તારમાંથી પધારેલા વિશાળ સંખ્યામાં નગરજનો પણ આ કાર્યક્રમમાં જોડાઈને સહભાગી બન્યા હતા.

તંત્રી લેખ

# અમેરિકાની આકરી આર્થિક નીતિ સામે ભારતની કૂટનીતિક કસોટી

અમેરિકી ટ્રમ્પ વહીવટીતંત્ર અને તેના નાણા મંત્રી સ્કૉટ બેસેન્ટ દ્વારા ઈરાન સાથે આર્થિક સંબંધો ધરાવતા તમામ દેશો પર આકરા આર્થિક પ્રતિબંધો મૂકવાની આપેલી ચેતવણીએ વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રમાં ભારે હલચલ મચાવી દીધી છે. અમેરિકાની આ નીતિનો સ્પષ્ટ સંદેશ છે કે ‘‘ઈરાન સાથે વેપાર ચાલુ રાખનાર દેશોએ અમેરિકી બજાર અને ડૉલર સિસ્ટમથી દૂર રહેવું પડશે.‘‘ વિશ્વને આર્થિક મુશ્કેલીઓ તરફ ધકેલતી આ પ્રકારની એકપક્ષીય નીતિ ખાસ કરીને ભારત જેવા ઉભરતા દેશો માટે મોટી રાજદ્વારી અને આર્થિક પડકારજનક સ્થિતિ ઊભી કરે છે.

અમેરિકાના આ આકરા વલણથી ભારત પર સીધી અને પરોક્ષ બંને પ્રકારની અસરો પડી શકે છે,ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ આયાતકાર દેશ છે. મધ્ય પૂર્વમાં વધતી આર્થિક અને રાજકીય અસ્થિરતા વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવ વધારો આવશે જેનાથી ભારતમાં ફુગાવો વધવાની શક્યતા છે. ઈરાનમાં આવેલું ચાબહાર બંદર ભારત માટે મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી પહોંચવાનો વ્યૂહાત્મક માર્ગ છે. જો અમેરિકાના આકરા પ્રતિબંધો લાગુ થાય, તો આ પ્રોજેક્ટની પ્રગતિ ધીમી પડી શકે બેંકિંગ સંબંધો અને ડૉલર આધારિત ચુકવણી પ્રણાલી પર આકરા અંકુશ આવવાના કારણે ભારત અને ઈરાન વચ્ચેનો કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ અને પરંપરાગત ઉત્પાદનોનો દ્વિપક્ષીય વેપાર ખોરવાઈ જવાની સ્થિતિ વચ્ચે ભારત માટે હવે આ ઉભી તમારી સંભવિત વિપરિત પરિસ્થિતિમાં રાજકીય મુસદ્દી ગીરી અને બંને પક્ષે સંબંધોનું સંતુલન જાળવીને ભારતને આર્થિક બોજ જેમ બને તેમ ઓછો પડે તેવો રસ્તો અખતયાર કરવો પડશે

ભારતે પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને કૂટનીતિક સંતુલન જાળવવું પડશે. એક તરફ અમેરિકા સાથેનો વ્યૂહાત્મક વેપાર જાળવવો જરૂરી છે, તો બીજી તરફ મધ્ય એશિયામાં પોતાની પહોંચ સુનિશ્ચિત કરવા ઈરાન સાથેના સંબંધો પણ મહત્વના છે. ભારત માત્ર એક પ્રદેશ પર નિર્ભર ન રહેતા અન્ય દેશોમાંથી તેલની આયાત વધારીને પોતાના ઊર્જા ક્ષેત્રને સુરક્ષિત રાખવું પડશે અમેરિકા સાથે રાજદ્વારી વાટાઘાટો ચાબહાર બંદર જેવા વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સને અમેરિકી પ્રતિબંધોમાંથી મુક્તિમળે તે માટે ભારતે વોશિંગ્ટન સાથે સક્રિય રીતે વાતચીત કરવી પડશે. ઈરાન અને અન્ય ભાગીદાર દેશો સાથે સ્થાનિક ચલણ અથવા બેલેટરલ પેમેન્ટ મિકેનિઝમ મજબૂત બનાવવું પડશે જેથી વૈશ્વિક પ્રતિબંધોની ઓછી અસર થાય.

આંતરરાષ્ટ્રીય રાજકારણના આ દોર માં ભારતે ‘‘વૈશ્વિક દબાણ‘‘ અને ‘‘પોતાના રાષ્ટ્રીય હિત‘‘ વચ્ચે અત્યંત સાવધાનીપૂર્વક સંતુલન જાળવીને આગળ વધવું પડશે તેમાં બે મત નથી.

(signature)

# ઈણાજ ગામમાં જેટકોની લાઈન માટે રી-સર્વે કરવા માંગ

## ખેડૂતોની ફળદ્રુપ જમીન બચાવવા ખરાબાની જમીનમાંથી લાઈન પસાર કરવા સાંસદ માનસિંહ પરમારની ઊર્જા મંત્રીને ભલામણ

**અબતક, રામસીંહ મોરી, સુત્રાપાડા**

ગીર સોમનાથઃ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ઈણાજ ગામમાં જેટકો (ત્નઊઝઈઘ)ની લાઈન માટે થયેલા સર્વે અંગે પુનઃસર્વે કરવા માંગ ઉઠી છે. રાજ્યસભાના સાંસદ અને ગુજરાત ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માનસિંહ એમ. પરમારે રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરિયાને લેખિત રજૂઆત કરી આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ કરી છે.



રજૂઆતમાં જણાવ્યા મુજબ ઈણાજ ગામમાં જેટકોની લાઈન માટે સર્વે કરવામાં આવ્યો છે. આ લાઈન અનેક ખેડૂતોની ફળદ્રુપ ખેતીની જમીનમાંથી પસાર થતી હોવાથી ખેડૂતોની જમીનને નુકસાન થવાની શક્યતા છે. ઈણાજ ગામમાં મોટા પ્રમાણમાં નાના અને મધ્યમ કક્ષાના ખેડૂતો વસવાટ કરતા હોવાથી તેમની ખેતીની જમીન જેટકોની લાઈન માટે ઉપયોગમાં લેવાય તે ખેડૂતોના હિતમાં ન હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

સાંસદ માનસિંહ પરમારે સરકારશ્રીની માલિકીની ખરાબાની જમીન ઉપલબ્ધ હોય તો તેમાંથી જેટકોની લાઈન પસાર કરવા માટે રી-સર્વે કરાવવાની માંગ કરી છે. ખરાબાની જમીનમાંથી લાઈન પસાર કરવામાં આવે તો ખેડૂતોની ફળદ્રુપ ખેતીની જમીન બચાવી શકાય અને ખેડૂતોને થતું નુકસાન પણ ટાળી શકાય તેવી રજૂઆત કરવામાં આવી છે.

આથી ઈણાજ ગામમાં જેટકોની લાઈન માટે તાત્કાલિક રી-સર્વે કરાવી શક્ય હોય ત્યાં સુધી સરકારી ખરાબાની જમીનમાંથી લાઈન પસાર કરવામાં આવે તેવી સાંસદ દ્વારા વિનંતી સહ ભલામણ કરવામાં આવી છે.

# જામકંડોરણાના ‘અબતક’ના યુવા પત્રકાર પ્રવીણ પટેલનો જન્મદિવસ



જામકંડોરણાના અબતક ના પત્રકાર પ્રવિણભાઈ પટેલનો આજે જન્મદિવસ છે.

પ્રવિણભાઈ પટેલ પત્રકારત્વ ક્ષેત્રે સક્રિય રહી વિવિધ સ્થાનિક અને પ્રાદેશિક મુદ્દાઓને વાચા આપી રહ્યા છે. તેઓ અબતકમાં ચેનલો અને પેપર સાથે જોડાઈ પત્રકાર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

પત્રકારત્વની સાથે પ્રવિણભાઈ પટેલ વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રીતે જોડાયેલા છે. ખોડલધામ સહિતની વિવિધ સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાઈ સમાજસેવામાં પણ યોગદાન આપી રહ્યા છે.

તેમના જન્મદિવસ નિમિત્તે રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો, પત્રકાર મિત્રો તથા સ્નેહીઓએ પ્રવિણભાઈ પટેલને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને સતત પ્રગતિ માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.

# સુરેન્દ્રનગર એબીવીપી દ્વારા વિદ્યાર્થીઓની બાકી રહેલી શિષ્યવૃતિની રકમ ચુકવવા રજૂઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લા કલેક્ટર કચેરી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા વિદ્યાર્થીઓને મળવાપાત્ર અને બાકી રહેલ શિષ્યવૃત્તિની રકમ તાત્કાલિક ચુકવવા સહિતની સાથે ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.



આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાં પણ વિવિધ શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અભ્યાસ કરતા એસસી, એસટી, એસઈબીસી, ઈડબલ્યુએસ સહિત અન્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ સરકારની અલગ અલગ શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ ઓનલાઈન અરજીઓ કરી છે. પરંતુ હજારો વિદ્યાર્થીઓએ શિષ્યવૃતિ અંગે અરજીઓ કર્યા બાદ મળવાપાત્ર પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ તેમજ સમાજ કલ્યાણ વિભાગમાંથી મળતી શિષ્યવૃત્તિની રકમ હજુ સુધી તેમના બેંક ખાતામાં જમા થઈ નથી. તેમજ અનેક વિદ્યાર્થીઓની અરજીઓ લાંબા સમયથી પેન્ડિગ, વેરીફીકેશન, સેન્કશન સહિતની સ્થિતિમાં હોવાનું જણાઈ આવે છે અથવા કોઈ ટેકનિકલ કે વહીવટી કારણોસર અટકી પડી છે. આવી સ્થિતિમાં ગરીબ પરિવારના અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને અભ્યાસ ફી, હોસ્ટેલ ફી, પુસ્તકો, રહેવા જમવા સહિત અન્ય શૈક્ષણિક ખર્ચમાં મુશ્કેલીઓ પડી રહી છે.

આથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પર આર્થિક ભારણ વધે છે જેને ધ્યાને લઈને સરકાર દ્વારા વિદ્યાર્થીઓની બાકીની શિષ્યવૃત્તિની રકમ તાત્કાલિક બેંક ખાતામાં જમા કરાવવામાં આવે અને પેન્ડિંગ અરજીઓનો પણ તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેવી માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

# સુત્રાપાડાઃ ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલ દ્વારા ‘સંસ્કૃત ગૌરવ યાત્રા’માં પરંપરા જીવત કરતી વિવિધ કૃતિ રજૂ કરાય

**અબતક,રામસિંહ મોરી, સુત્રાપાડા**





‘સંસ્કૃત સપ્તાહ’ની ઉજવણી અંતર્ગત ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલ, સુત્રાપાડા ખાતે સુત્રાપાડા તાલુકા વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષાની ભવ્ય ‘સંસ્કૃત ગૌરવ યાત્રા’નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવ યાત્રામાં ઋષિ-મુનિઓના પ્રાચીન કાળ તેમજ ભારતીય સંસ્કૃતિની ભવ્ય પરંપરાને જીવંત કરતી વિવિધ કૃતિઓ, ટેબ્લો અને વેશભૂષા દ્વારા સુંદર રજૂઆતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષાના સ્લોગનો, મંત્રોચ્ચાર અને ઋચાઓનું ગાન કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બની ગયું હતું. તજજ્ઞ પંડિતો દ્વારા યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાના આ સંસ્કૃત સપ્તાહ ઉજવણી કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ કારોબારી સભ્ય તથા જામનગર જિલ્લા પ્રભારી અને ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ બારડ, સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ ના પ્રતિનિધિ કાળાભાઈ, નગરપાલિકાના તમામ વોર્ડના સભ્યો, તાલુકા વિકાસ અધિકારી મૌલિક ગોસાઈ, જિલ્લા શિક્ષણ અધિકારીના વિજયભાઈ મોરી, સુત્રાપાડા ગામના વિવિધ જ્ઞાતિના આગેવાનો તેમજ ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલના આચાર્ય તમામ ફેકલ્ટી સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટામાં ત્રિલોકનાથ મહાદેવને ફરાળી વાનગીઓનો શણગાર

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**



ઉપલેટામાં પવિત્ર શ્રાવણ માસ ભગવાન ભોળાનાથ શિવનો મહિનો કહેવામાં આવે છે. ત્યાં આ પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવને અલગ શણગાર કરી પૂજન-અર્ચન કરવામાં આવે છે.

શહેરના વિવિધ શિવાલયો દૂર-દૂર મહાદેવના નાદથી વહેલી સવારથી ગુંજી ઉઠ્યા હોય છે ત્યારે વિવિધ શિવાલયોમાં પૂજારી દ્વારા શણગાર કરાતા હોય છે. ગઈકાલે બસ સ્ટેન્ડ પાછળ આવેલ ત્રિલોકનાથ મહાદેવને વિશેષ ફરાળનો શણગાર કરવામાં આવ્યો હતો. આ ફરાળમાં ૫૧ જેટલી જુદી-જુદી ફરાળી વસ્તુઓ શણગારમાં ઉપયોગમાં લેવામાં આવી હતી.

# ઉપલેટામાં હિન્દુ-મુસ્લીમના તહેવાર અંતર્ગત પોલીસ દ્વારા શાંતી સમિતિની બેઠક યોજાઈ



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

શહેરમાં આગામી સમયમાં જન્માષ્ટમી અને આજે ઈદે મિલાદના તહેવાર અંતર્ગત સ્થાનિક પોલીસ દ્વારા હિન્દુ મુસ્લીમ સમાજના આગેવાનોની પોલીસ સ્ટેશનમાં યોજાઈ હતી.

પોલીસ સ્ટેશને યોજાયેલી મિટીંગમાં શહેરના પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરા, પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડીયા ચેમ્બરના પ્રમુખ અલ્પેશભાઈ વોરા, ઉપપ્રમુખ દાઉતભાઈ માલવીયા સહિત હિન્દુ મુસ્લીમ સમાજ આગેવાનો હાજર રહ્યા હતા. આ મીટીંગમાં પી.આઈ. ધાંધલે જણાવેલ કે આજે મુસ્લીમ સમાજનો તહેવાર ઈદે મિલાદ થોડાક દિવસો પછી હિન્દુ સમાજમા જન્માષ્ટમી તહેવાર ચાલી રહ્યો છે. ત્યારે શહેર બંને સમાજ શાંતીથી તહેવારની ઉજવણી કરે શહેરમાં ભાઈ ચારાની ભાવના કેળવાઈ રહે શહેરમાં શાંતીનો માહોલ કાયમી ને માટે રહે તેવી અપીલ કરી હતી અને કોઈ કાયદાને હાથમાં લેવાનો પ્રયાસ કરશે તો પોલીસ સાખી નઈ લ્યે.

# પ્રભાસ - પાટણ પોલીસ સ્ટેશન ખાતે તહેવારો અંગે શાંતિ સમિતિની બેઠક મળી



**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

સોમનાથ - પ્રભાસ - પાટણ પોલીસસ્ટેશનમાં ઈદ અને આગામી શ્રાવણ માસના તહેવારો અંગે શાંતિ સમિતિની બેઠક મળી હતી ઈન્ચાર્જ વિભાગીય પોલીસવડા ચૌધરીના અને પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી.પિઠીયા ના અધ્યક્ષ પદે યોજાયેલી આ બેઠકમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા અને સૌએ આ તહેવારો શાંતિપૂર્ણ અને ભાઈચારા તથા કાયદો વ્યવસ્થા જળવાય તે રીતે ઉજવશે તેવું જણાવ્યું હતું વિભાગીય પોલીસવડા તથા પોલીસ ઈન્સ્પેક્ટરે બેઠકમાં ઉપસ્થિત રહેલ લોકોને વિગતવાર સમજૂતી આપેલ અને જો કોઈ સૂચન હોય તો જણાવવા વિનંતી આ બેઠકમાં નાના કોળીવાડા તથા મોટા કોળીવાડાના અગ્રણીઓ પ્રવીણ ચુડાસમા, કાનભાઈ ગઢીયા, ચેતન પરમાર, ઉકાભાઈ ગઢીયા, મુસ્લિમ સમાજના યુસુફભાઈ કચરા, હારૂન મહંમદ ચૌહાણ, અનવર મન્સૂરી, મહંમદ મુલ્તાની, સહિત આગેવાનો હાજર રહ્યા હતા અને શાંતિ અને ભાઈચારો જાળવી કાયદો વ્યવસ્થામાં પોલીસ તંત્રને સહકાર આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

ઈદે મિલાદુન્નબી નિમિત્તે

# ધ્રાંગધ્રા : સુન્ની ઘાંચી સમાજના મદ્રેસામાં બાળકોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કરાયા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા હ્નના યૌમે વિલાદ એટલે કે ઈદે મિલાદુન્નબી હ્નના મુબારક અવસર નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ ધાંગધ્રા સુન્ની ઘાંચી સમાજ સંચાલિત મદ્રેસા, ફૂલગલી ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકો દ્વારા કલામે પાકની તિલાવત, નાત-એ-શરીફ સહિત વિવિધ ઈસ્લામી કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. બાળકોએ સુંદર અંદાજમાં કુરઆન શરીફની તિલાવત તથા નાત-એ-પાક રજૂ કરી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા કાર્યક્રમ દરમિયાન મદ્રેસાના સંચાલકો દ્વારા બાળકોનો ઉત્સાહ વધારવા માટે તેમને પાણીની બોટલ, પાકીટ સહિતની ઉપયોગી કીટનું ઈનામરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ઈનામ મેળવી બાળકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી ઈદે મિલાદુન્નબી હ્નના આ મુબારક પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ ધાર્મિક માહોલ અને ખુશીભેર વાતાવરણમાં યોજાયો હતો.

# ચોટીલાની જે.વી.એચ. દોશી પ્રાથમિક શાળાના બાળકોના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી

## બાળકો ગૌ પૂજન અને વૃક્ષ પૂજન કરી ઉજવે છે જન્મ દિવસ



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા નગરમાં આવેલી જે.વી.એચ.દોશી પ્રાથમિક શાળા માં શિક્ષણ સાથે સંસ્કારનું ઘડતર કરવામાં આવે છે ત્યારે આ વર્ષથી શાળામાં ભણતા બાળકોના જન્મ દિવસ હોય છે ત્યારે શાળા પરિવારના સહયોગ બાળકો પોતે ગૌ પૂજન અને વૃક્ષ પૂજન કરી પોતાના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરે છે શાળાના બાળકો પ્રાર્થના સભામાં વક્તવ્ય આપતા જણાવે છે કે વૃક્ષ પૂજન અને ગૌ પૂજન એ વૈદિક સંસ્કૃતિના મહત્વના અંગો છે વૈદિક સંસ્કૃતિ અનુસાર બ્રહ્માંડના બધા ઘટકો,પદાર્થો, ક્રિયાઓ વગેરે એકબીજા સાથે સૂક્ષ્મ સ્તરે જોડાયેલા છે અને બધા જ ઘટકો એકબીજા પર અવલંબન રાખી છે તેથી બ્રહ્માંડના કોઈપણ ભાગને આપણે નુકસાન પહોંચાડીએ છીએ ત્યારે છેવટે નુકસાન આપણને પણ થાય છે. આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરીને માનવ જાતિએ પ્રકૃતિનું અત્યંત શોષણ કર્યું તેના ભયંકર પરિણામો હવે માનવ જાતિને મળી રહ્યા છે. થોડા દસકો પહેલા શિક્ષિત લોકો આપણને ર્યિય લજ્ઞમ ને પૂજનારા કહીને વ્યંગ કરતા હતા તેવા મનુષ્યો પણ હવે પ્રકૃતિના સંવર્ધનની વાત કરતા થઈ ગયા છે.

# અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવાનો માટે બી.એસ.એફ. નિવાસી તાલીમ યોજાશે

## ૩૦ દિવસ માટે સંપૂર્ણ નિઃશુલ્ક રહેવા જમવાની સુવિધા મળશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**


દેશની સંરક્ષણ અને પોલીસ દળમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા અમરેલી જિલ્લાના યુવાનો માટે જિલ્લા રોજગાર કચેરી દ્વારા ઈજશ્ર નિવાસી તાલીમ વર્ગ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છ-ભુજ ખાતે યોજાનારી આ ૩૦ દિવસની તાલીમ સંપૂર્ણ નિઃશુલ્ક રહેશે. પસંદગી પામેલા તાલીમાર્થીઓને રહેવા-જમવાની સુવિધા ઉપરાંત શારીરિક અને લેખિત કસોટીની વિશેષ તાલીમ પણ આપવામાં આવશે.

આયોજિત આ તાલીમ માટે માત્ર અમરેલી જિલ્લાના પુરુષ ઉમેદવારો, ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને ૧૭.૫ થી ૨૫ વર્ષની વયના ઉમેદવારો અરજી કરી શકશે. ઉમેદવાર શારીરિક તથા માનસિક રીતે સક્ષમ હોવો જરૂરી છે. લાયક ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતેથી સત્તાવાર અરજી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો સાથે ૧૫ દિવસની અંદર જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ અરજી જમા કરાવવાની રહેશે.

પવિત્ર શ્રાવણ માસે

# ઉપલેટા : બજરંગ રામ મંદિરે ૧૦૦૮ દીવડાઓની દીપમાળાથી બન્યું ભક્તિમય વાતાવરણ




**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા ના પૌરાણિક અને શ્રદ્ધાના ધામ એવા શ્રી બડા બજરઞ રામ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના સોમવારે ૧૦૦૮ (એક હજાર આઠ) દીવડાઓની દીપમાળા નું મહા ભવ્ય આયોજન કરવામાં આવ્યું શ્રાવણ માસના પરમ પવિત્ર વાતાવરણમા સંધ્યા સમયે સમગ્ર મંદિર પરિસર હજારો દીવડાવાના પ્રકાશથી અલૌકિક ભક્તિમય વાતાવરણ બની ગયું હતું.

પવિત્ર શ્રાવણ માસમાં આ વિશિષ્ટ ધાર્મિક કાર્યક્રમમા બ્રહ્મ્ મુરત થી જ ભગવાન શિવના દર્શન કરવા શ્રદ્ધાળુ ભારે ઘસારો જોવા મળતો હતો આરતી સમયે મંદિરના મહંત તથા સેવક ગણો હાજર રહ્યા હતા ભક્તો દ્વારા ૧૦૦૮ દીપમાળા પ્રગટાવવામાં આવી હતી દીપમાળા ના ઝળહળતા મનોહર જયોત પ્રકાશથી સમગ્ર વાતાવરણ પવિત્રમય બની ગયું હતું મંદિર ઝગમગી ઉઠ્યું હતું.

# વ્યાજખોરો સામે જીલ્લા પોલીસનો પ્રચંડ પ્રહાર: ૬૨ ગુના દાખલ, ૧૨૫ જેલ ભેગા

## સામાન્ય નાગરિકોને વ્યાજના વિષચક્રમાંથી બહાર કાઢવા પોલીસની પરિણામલક્ષી કામગીરી, વ્યાજખોરોના ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં ગેરકાયદે વ્યાજની પ્રવૃત્તિ કરતા વ્યાજખોરો સામે કાર્યવાહી કરી વ્યાજના વિષચક્રમાં ફસાયેલા સામાન્ય નાગરિકોને મુક્ત કરાવવાના હેતુથી ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે સુલતાનપુર પોલીસે વ્યાજખોર સામે કડક કાર્યવાહી કરી રૂ.૧ કરોડનો મુદ્દામાલ મૂળ માલિકને પરત અપાવ્યો હતો.





મળતી માહિતી મુજબ, નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ, રાજકોટ નાઓના માર્ગદર્શન મુજબ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર નાઓ દ્વારા વ્યાજ-વટાઉની પ્રવૃતિ શોધી કાઢી આવી ગેર-કાયદેસર પ્રવ્રુતિ સદંતર નાબુદ કરવા અને વ્યાજખોરોના ભોગ બનેલ સામાન્ય નાગરીકોને વ્યાજના વિષચક્ર માંથી બહાર કાઢવા અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે જે ગોંડલ વિભાગ, ગોંડલ ના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની પરીણામ લક્ષી કામગીરી કરવામાં આવેલ છે.ગોંડલ તાલુકાના મોવીયા ગામે રહેતા લલીત ઉર્ફે નિલેશ મોહનભાઈ ટારીયા નામના પશુપાલકે સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. , વાસાવડ ગામનો સોહિલ રફીકભાઈ સલાટ અને ઈરફાન રફીકભાઈ સલાટ એ નાણાધીરધારનું લાયસન્સ ન હોવા છતાં લલિતને રૂ. ૪૪,૦૦૦ માસિક ૩ ટકાના વ્યાજે આપ્યા હતા. લલિતે રૂ. ૨૦,૦૦૦ જેટલું વ્યાજ ચૂકવી દીધા છતાં, આર્થિક ભીંસના કારણે વ્યાજ આપવાનું બંધ કરતા બંને આરોપીઓએ ફરિયાદીને ફોન પર ધમકાવી, માર મારવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ ફરિયાદ બાદ બંને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરી હતી. આરોપીના ઘરેથી ફરિયાદીના રૂ. ૧,૨૦,૨૫૦ ની કિંમતના સોના-ચાંદીના દાગીના કબજે કર્યા હતા. આ ગુનો દાખલ થયા બાદ અન્ય આશરે ૯૦ જેટલા ભોગ બનનાર લોકોએ સુલતાનપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને જણાવ્યું હતું કે આરોપીઓએ તેમના પણ સોના-ચાંદીના દાગીના તથા મહત્વના દસ્તાવેજો કબ્જામાં રાખ્યા છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી બન્ને વ્યાજખોરોએ સ્વખુશીથી ભોગ બનનારાઓના દાગીના અને દસ્તાવેજો પરત કરાવ્યા હતા. જેમાં સોનાના દાગીના ૧૮૦.૬૫ ગ્રામ કિંમત રૂ. ૨૭,૪૮,૪૫૦,ચાંદીના દાગીના ૧૯ કિલો ૭૨૪ ગ્રામ કિંમત રૂ. ૪૯,૩૧,૦૦૦, જમીન/મકાન/પ્લોટના દસ્તાવેજો અને આર.સી. બુક કિંમત રૂ. ૨૯,૦૦,૦૦૦,સહી કરેલા કોરા ચેક ૬ નંગ મળીને પોલીસે કુલ રૂ.૧,૦૫,૭૯,૪૫૦નો મુદ્દામાલ ભોગ બનનારાઓને પરત અપાવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી સોહિલ રફીકભાઈ સલાટ સામે અગાઉ વાહન અકસ્માત અને ધમકી આપવાના ૩ ગુના નોંધાઈ ચૂકયા છે. વ્યાજખોરો સામે જીલ્લા પોલીસનો આકરો પ્રહાર ૬૨ ગુના દાખલ કરી ૧૨૫ને જેલ ભેગા કર્યા.

### અસામાજિક પ્રવૃત્તિ અંગે કંટ્રોલ રૂમ સંપર્ક કરો

રાજકોટ ગ્રામ્ય પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે વ્યાજખોરી, અસામાજિક પ્રવૃત્તિ કે નશીલા પદાર્થો અંગેની કોઈ પણ માહિતી આપવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૭૪૩૩૯૧૧૧૦૦ અથવા સિનિયર પોલીસ અધિકારીઓનો નિઃસંકોચ સંપર્ક કરવો.

**નિર્લિપ્ત રાયના માર્ગદર્શન મુજબ વિજયસિંહ ગુર્જરની સૂચના વ્યાજ-વટાવની ગેરકાયદે પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અસરકારક ઝુંબેશ**

# ભચાઉ: હત્યાની કોશિશના ગુનાના ૬ ફરાર આરોપી ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ વિસ્તારમાં બનેલા ખૂનની કોશિશના ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ભચાઉ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફની ટીમે કાર્યવાહી કરી ખૂનની કોશિશના ગુનામાં સંડોવાયેલા કુલ ૬ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.પકડાયેલા આરોપીઓ: સુરેશ હધુભાઈ કાઠેચા , ભરત વિરજીભાઈ દાફડા, રાજેશ ઉર્ફે બિલ્લુ હરજીભાઈ દાઘડા , હીમેશ દીનેશભાઈ કાઠેચ, દીપક ઉર્ફે લાલો શીવજીભાઈ દાફડા અને મુકેશ રવજીભાઈ દાફડા તમામ રહે.



ભટપાળિયા વિસ્તાર, ભચાઉ-કચ્છ. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ: જૈવિક કચરાના વાહનની આડમાં દિવથી શરાબીની હેરાફેરીનો પર્દાફાશ

## વાહન સોરઠ તબીબી સંઘની માલિકીની હોવાનું સામે આવ્યું: ૪૯૦ બોટલ દારૂ સાથે ચાલકની ધરપકડ: ખામધ્રોળના બુટલેગરની શોધખોળ

**અબતક, દર્શન જોશી,જૂનાગઢ**

જૂનાગઢના સોરઠ તબીબી સંઘ સંચાલિત ગિરનારબાયો મેડિકલ વેસ્ટ સર્વિસીઝના વાહન માંથી જૈવિક કચરાની આડમાં દિવથી લાવેલો ૨.૮૦ લાખનો દારૂ પોલીસે પકડી પાડી, કુલ રૂ. ૭.૯૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂ ખામધ્રોળના બુટલેગરના કહેવાથી દિવથી લઈ આવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.



જૂનાગઢ સી ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, મેંદરડાથી આવતા એક વાહનમાં પેક જૈવિક કચરાની આડમાં દારૂનો જથ્થો લઈ આવવામાં આવી રહ્યો છે. જે બાતમીના આધારે સી ડીવીઝન પોલીસ ઈવનગર રોડ પર વોચમાં હતી. ત્યારે બાતમી વાળું વાહન પસાર થતા તેને રોકી તપાસ કરતા, વાહનમાં રહેલ પ્લાસ્ટીકના ૯ માંથી રૂ. ૨.૮૦ લાખની કિંમતનો ૪૯૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે ટીંબાવાડીમાં રહેતા જીપ ચાલક કૈલાશ સોમજી કાબાની અટક કરી, પૂછપરછ કરતા જૂનાગઢના ખામધ્રોળ રોડ પર રહેતા નાનજી આણંદ ચાવડાએ દિવથી દારૂનો જથ્થો જીપમાં ભરાવ્યો હતો અને તેણે આગળ પાયલોટીંગ કર્યું હતું. જૂનાગઢ પહોંચી આ દારૂનો જથ્થો તેની કારમાં ઉતારી લેવાનો હતો. તથા દારૂ સાથે પકડાયેલ વાહન સોરઠ તબીબી સંઘની માલિકીની હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન દારૂ સાથે પકડાયેલ વાહનમાં જૈવિક કચરો હોવાથી પોલીસે જીઆઈડીસીમાં આવેલા સોરઠ તબીબી સંઘ સંચાલિત ગિરનારબાયો મેડિકલ વેસ્ટસર્વિસીઝના ગોડાઉનમાં જઈ બાયો મેડિકલ વેસ્ટનો કચરો ઉતારવી વાહનને સેનિટાઇઝ કરાવી દારૂ અને વાહન સહિત કુલ રૂ. ૭.૯૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યોહતો. આ અંગે સી ડીવીઝનના કોન્સ્ટેબલ દિનેશભાઈ રામભાઈ જીલડીયાએ ફરિયાદ કરતા પોલીસે કૈલાશ સોમજી કાબા અને હાજર નહી મળી આવેલા નાનજી આણંદ ચાવડા સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર જીલ્લા તોલમાપ વિભાગ દ્વારા ચાર માસમાં ૨૪૪૭ એકમોમાં ચેકિંગ

## પેટ્રોલ પંપ, સોના-ચાંદીના શોરૂમ, કરિયાણાની દુકાનો, ફરસાણના વેપારીઓ સામે કાર્યવાહી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લા કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા જીલ્લાભરમાં ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ વિભાગીય નિરીક્ષકોની ટીમ દ્વારા એપ્રિલ-૨૦૨૬ થી જુલાઈ-૨૦૨૬ ના સમયગાળા દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં તંત્ર દ્વારા જીલ્લાના પેટ્રોલ પંપ, ઔધોગિક એકમો, સોના-ચાંદીના શોરૂમ, અનાજ-કરિયાણાની દુકાનો, ફરસાણના વેપારીઓ, શાકભાજીના વિક્રેતાઓ તેમજ અન્ય વેપારી, ફેરીયાઓની સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવી હતી. જે દરમિયાન તોલમાપ સાધનો જેવા કે કાંટા, વજનિયાં, ઈલેક્ટ્રોનિક બેલેન્સ, વે-બ્રિજ અને પેટ્રોલ પંપના પંપ યુનિટ્સનું વિગતવાર મુદ્રાંકન કરવામાં આવ્યું હતું આ નિયમિત ચકાસણી અને મુદ્રાંકન ફી પેટે વિભાગ દ્વારા રૂ. ૧૪,૨૮,૬૧૫ ની સરકારી આવક એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રાહકો સાથે તોલમાપ કે પેકિંગ બાબતે થતી ગેરરીતિઓ અંગે કુલ ૨,૪૪૭ એકમોમાં પણ તપાસ કરવામાં આવી હતી જે તપાસ દરમિયાન તોલમાપ ધારાનો ભંગ કરનાર ૧૮ એકમો સામે પ્રોસીક્યુશન કેસ નોંધી રૂ. ૫૦,૦૦૦ ની માંડવાળ ફી તથા પેકેજડ કોમોડિટીઝ નિયમોનો ભંગ કરનાર ૧૦ એકમો સામે કાયદાકીય કાર્યવાહી કરી રૂ. ૧,૧૫,૦૦૦ ની માંડવાળ ફી વસૂલ કરવામા આવી હતી. આમ નિયમોના ઉલ્લંઘન બદલ કુલ ૨૮ એકમો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરીને રૂ. ૧,૬૫,૦૦૦ ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે. તેમજ ખાસ ૦૮ મોબાઈલ સ્કવોડની રચના કરીને જીલ્લાના અંતરિયાળ વિસ્તારો અને મુખ્ય બજારોમાં સામુહિક તપાસ હાથ ધરી સ્થળ પર જ ગેરરીતિ આચરતા ૨૩ એકમો સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરીને રૂ. ૧,૫૧,૫૦૦ ની માંડવાળ ફીની સ્થળ વસૂલાત કરવામાં આવી હતી. આ તમામ કાર્યવાહી થકી કચેરી દ્વારા કુલ રૂ. ૩,૧૬,૫૦૦ ની માંડવાળ ફી તથા મુદ્રાંકન ફી સહિત કુલ રૂ. ૧૭,૪૫,૧૧૫ ની સરકારી આવક અને વસૂલાત કરવામાં આવી છે.

# માધવપુરના ચામુંડા વિસ્તારમાંથી દીપડો પાંજરે પુરાયો

**અબતક, આશિષ પોપટ, માધવપુર**

માધવપુરના ચામુંડા વાડી વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી દીપડો અવારનવાર ચડી આવતો હતો. માનવ વસાવાટ વાળા આ વિસ્તારમાં દીપડાની અવરજવરને કારણે સ્થાનિક લોકો અને ખેડૂતોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ ફેલાયો હતો.



આ અંગે ચામુંડા વિસ્તારના સ્થાનિક લોકો દ્વારા વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) ને તાકીદે જાણ કરવામાં આવી હતી. લોકોની સુરક્ષાને ધ્યાને રાખીને પોરબંદર વન વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી આ વિસ્તારમાં દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. પાંજરે પુરાયેલા દીપડાને સુરક્ષિત રીતે બરડા અભયારણ્ય ખાતે આવેલા એનિમલ કેર સેન્ટર (પ્રાણી ઉપચાર કેન્દ્ર) માં ખસેડવામાં આવ્યો છે. દીપડો પકડાતા જ ચામુંડા વિસ્તારના સ્થાનિક રહીશોએ વન વિભાગની આ ત્વરિત કામગીરીને બિરદાવી હતી અને ભારે રાહતનો શ્વાસ લીધો હતો.

# કાલાવડ નિકાવા ગામે ઘાસ લેવા ગયેલી પરિણીતા ઢળી પડતા મોત

## રૂરલ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડ્યો: પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

કાલાવાડ તાલુકાના નિકાવા ગામે રહેતી ૩૦ વર્ષીય પરણીતા ગઈકાલે સવારે ઘાસ લેવા માટે નદી કાંઠે ગઈ હતી ત્યારે અચાનક ઢળી પડતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. સારવાર મળે તે પહેલા જ તબીબે મહિલાને મૃત જાહેર કરતા ઘટના સ્થળ પર કાલાવડ તાલુકા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ કાલાવડ તાલુકાના નિકાવા ગામે નદી કાંઠે રહેતા સોનલબેન રસિકભાઈ વાજેલીયા ઉંમર વર્ષ ૩૦ વર્ષીય પરણિતા ગઈકાલે નદી કાંઠે પશુઓ માટે ઘાસ લેવા ગઈ હતી ત્યારે અચાનક ઢળી પડતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા તબીબે પરણીતાને મૃત જાહેર કરતા ઘટના સ્થળે કાલાવાડ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે ઘેટા બકરા માટે ઘાસ લેવા ગયેલ સમયે ઢળી પડી હતી. કારણ જાણવા અંગે પોલીસે ફોરેન્સિક પીએમ કરાવ્યું છે તેમના પતિ શ્રમિક કામ કરે છે મૃતક પોતે સંતાનમાં બે પુત્રી માતાની મમતા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે

# ભચાઉ વોંધ ગામે જુગટુ રમતા ૪ ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વોંધ ગામની ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા રોકડા રૂપિયા સહિત કુલ ₹૧૧,૩૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીઓમાં દીપકભાઈ મુળજીભાઈ વાલ્મિકી, સુનિલભાઈ વાવાભાઈ કોલી, નાનજીભાઈ રતાભાઈ કોલી અને મહેશભાઈ રામજીભાઈ કોલીનો



સમાવેશ થાય છે. તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**સાતમ આઠમના પર્વ પૂર્વે વરસાદ વગર જુગારની મોસમ ખીલી ઉઠી!**

# રાજકોટ જિલ્લામાં સાત દરોડામાં બે મહિલા સહિત ચાર ડઝન શકુનીની ધરપકડ

## શાપરમાં કારખાનેદાર જુગાર રમડાતો ઝડપાયો, ગોંડલના ગોમટા જેતપુરના રૂપાવટી ઉપલેટાના માખીયાળા જેતપુર ફૂલવાડી ધોરાજી અને લોધિકામા જુગારની બાઝી ઉંધી વાળતી પોલીસ

**અબતક,રાજકોટ**

સાતમ આઠમના પર્વ પૂર્વે જુગારની મોસમ વરસાદ વગર સોળે એ કળાએ ખીલી ઉઠી છે. રાજકોટજિલ્લામાં સાત દરોડામાં બે મહિલા સહિત ૪૯ પત્તાપ્રેમીઓને ઝડપી લીધા હતાં. જેમાં શાપરમાં પતરાના શેડમાં જુગાર રમાડી રહેલા કારખાનેદાર સહિત સાત શખસોને ઝડપી લીધા હતાં. જ્યારે ગોંડલ તાલુકાના ખડી સીમ વિસ્તારમાં વાડીમાં જુગાર રમતા વાડી માલિક સહિત ૧૦ શખસોને ઝડપી લીધા હતાં. શાપરમાં કીચ ગેટની અંદર આવેલ રૈયારાજ રોડવેઝના પતરા ના શેડમાં જુગાર રમતા સાત શખસોને ઝડપી લીધા હતા. જેમાં ધવલ હિરપરા, પ્રીત વઘાસિયા, જયપાલ આગરીયા, રાહુલ ટારીયા, ફિરોજ બાંભણીયા, ઈરફાન હેરંજા અને વિજય ભાર્ગવનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં રાજકોટમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે રહેતા ધવલ જેઠાભાઈ હિરપરાએ અહીં પોતાના રૈયારાજ રોડવેઝ પતરાના શેડમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતો હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૩૭,૨૨૦ સાત મોબાઈલ ફોન, ત્રણ વાહન સહિત રૂ.૮,૨૭,૨૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ગોંડલ તાલુકા પીઆઈ યુ.આર. ડામોર અને પીએસઆઈ આર.જે. જાડેજા તથા



ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન એવી બાતમી મળી હતી કે, ગોમટા ગામની ખડી સીમ વિસ્તારમાં જયેશ અશોકભાઈ પંચાલ પોતાની વાડીમાં આવેલી ઓરડીમાં જુગાર રમાડી રહ્યો છે.બાતમીના આધારે પોલીસ જુગાર રમતા ૧૦ શખસોને ઝડપી લીધા હતા. જેમાં વાડી માલિક જયેશ અશોકભાઈ પંચાલ, ઉપરાંત ગોપાલ નટુભાઈ ખાચરીયા, હેમાંગ કાંતિભાઈ મણવર, નરેન્દ્ર નંદલાલભાઈ જીવાણી, વિમલ સુરેશભાઈ હદવાણી, મહેશ પુનાભાઈ સીતાપરા, અતુલ બાબુભાઈ ભાણવડિયા, જેનીશ રમેશભાઈ કાથરોટીયા, યોગેશ ગોરધનભાઈ હદવાણી અને ગૌતમ રામજીભાઈ જોરાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૧,૭૭, ૩૧૦ તથા સાત મોબાઈલ ફોન, ૩ બાઈક સહિત રૂપિયા ૨,૮૨,૩૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.જેતપુર તાલુકાના રૂપાવટી ગામે જાહેરમાં જુગાર રમતા સાત શખસોને ઝડપી લીધા હતા. જેમાં હરસુખ રાઠોડ, કિરણ રાઠોડ, પ્રેમજી રાઠોડ, રાજેશ રાઠોડ, નાનજી રાઠોડ, બેચર સાદીયા, વિપુલ સાદીયાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૩૭૦૦ કબજે કર્યા હતા. જ્યારે રાજકોટ એલસીબીની ટીમે જેતપુરમાં ફુલવાડી વિસ્તારમાં રામજી મંદિર રોડ પર રહેતી ગીતા ભટ્ટીના મકાનમાં દરોડો પાડી અહીં જુગાર રમતા બે મહિલા સહિત ૮ ને ઝડપી લીધા હતા. જેમાં ગીતાબેન અજયભાઈ ભટ્ટી, હમીદાબેન યુનુસભાઈ મુલતાની, જીગ્નેશ ઉર્ફે જીતો મહેન્દ્રભાઈ પાટડીયા, જીતેશ ભોજવિયા, અમીન લાખાણી, અલ્પેશ સોલંકી, રસિક મકવાણા અને મેરામ રાઠોડનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૪૭,૫૦૦ પાંચ મોબાઈલ ફોન સહિત રૂ. ૭૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ઉપલેટા તાલુકાના માખીયાણા ગામે વાડી વિસ્તારમાં જુગાર રમતા જેઠા ડાંગર ઉપરાંત પુંજા કાળોતરા, ચંદુ ઉર્ફે માઈકલ મુછડીયા, બોદુ નોઈડા, શરીફ સુમરા સહિત પાંચ શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે ફારુક હાજીભાઈ સુમરા અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૨૩,૮૯૦ કબજે કર્યા હતા.ધોરાજી તાલુકાના રામપરા જુગાર રમતા ભુપત ડાભી, મહેશ મેણીયા, સતિષ મેણીયા, રમણીક મેણીયા અને હિતેશ ડાભી સહિત પાંચને ઝડપી લઈ રોકડ રૂપિયા ૮,૫૫૦ કબજે કર્યા હતા. લોધીકા પોલીસે રાવકી ગામ લખમણભાઈ બગડાના ઘરની સામે જાહેરમાં જુગાર રમતા લખમણ બગડા, રમણીક ચાંડપા, પ્રવીણ રાઠોડ, પ્રવીણ ઉર્ફે કાળુ બગડા, ચિરાગ સાગઠીયા, દિપક બગડા, નીતિન બગડા સહિત સાત શખ્સોને ઝડપી લઈ રોકડ રૂપિયા ૨૭,૭૦૦ અને મોબાઈલ અને બાઈક સહિત રૂપિયા ૧.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# સુરેન્દ્રનગર કોર્પોરેશનના ડે. કમિશનર ધ્રાંગધ્રા અને ચોટીલાના ચીફ ઓફિસરની બદલી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર રવિકાન્ત પટેલની માણસા, ધ્રાંગધ્રા નગરપાલિકાના ચીફ ઓફિસર મંટીલ પટેલની વિરમગામ અને ચોટીલા નગરપાલિકાના વિપુલ પનારાની ઉમરેઠ ખાતે વહીવટી સરળતા ખાતર બદલી કરવામાં આવી છે. જ્યારે મહાનગરપાલિકાના નવા ડેપ્યુટી કમિશનર તરીકે પારસ મકવાણા, ધ્રાંગધ્રાના ચીફ ઓફિસર તરીકે ભદ્રેશ પટેલ અને ચોટીલાના ચીફ ઓફિસર તરીકે જયેશ પટેલની બદલી કરી જવાબદારી સોંપવામાં આવી છે.

### શ્રાવણીયા જુગારની મોસમ પુર બહાર ખીલી

# મોરબી અને હળવદમાં સાત-દરોડામાં ૩૭ શકુની પકડાયા

## ઈશ્વરનગર વૈજનાથ પાર્ક, શકતશનાળા, શોભેશ્વર રોડ, ખાખરેચી દરવાજા અને જોન્સનનગરમાં રંગમા ભંગ પાડતી પોલીસ: ૨.૩૨ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઋષી મહેતા**

મોરબી સીટી એ અને બી ડિવિઝન તથા હળવદ પોલીસે જુગાર અંગે છ અલગ-અલગ સ્થળોએ રેઈડ કરી તીનપત્તી સહિતનો જુગાર રમતા કુલ ૩૧ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે છ રેઈડમાં કુલ રૂ.૧,૬૯,૬૦૦/-ની રોકડ રકમ કબજે કરી હતી. આ સાથે તમામ આરોપીઓ સામે જુગારધારા કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

હળવદ ઈશ્વરનગર ગામે જુગાર રમતા હિરજીભાઈ લક્ષ્મણભાઈ સરાવાડીયા , અરવિંદભાઈ ઉર્ફે જગાલાલ વલમજીભાઈ માકાસણા તથા મુકેશભાઈ હસમુખભાઈ માકાસણા ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ સ્થળ ઉપરથી રૂ.૮૩,૭૦૦/- રોકડા કબજે કર્યા હતા.

મોરબી-૨ શોભેશ્વર રોડ ઉપર પાણીની ટાંકી પાસે જુગાર રમતા હિરાલાલ શંભુભાઈ મોદી , અંકિતભાઈ ઓધવજીભાઈ વીરાણી, રવિભાઈ ગણેશભાઈ વરાણીયા તથા મયુરભાઈ રાજુભાઈ ચૌહાણ ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.૬,૨૦૦/- રોકડા જપ્ત કરાયા હતા.

મોરબી-૨ શોભેશ્વર રોડ મફતીયાપરા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા દિપકભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ , ભીમાભાઈ હરખાભાઈ વાઘેલા , અંકિતભાઈ ભીખાભાઈ ચાવડા તથા ઈમરાનભાઈ સબીરભાઈ મોવરને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૭,૪૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મોરબીના શકત શનાળા-ધુનડા રોડ ઉપર તળાવ નજીક ગંજીપતાના ચિત્રવાળા પોસ્ટર ઉપર પૈસા મૂકી હારજીતનો જુગાર



રમતા રાજમહેન્દ્રસિંહ ગંભીરાસિંહ ઝાલા , અનિરૂધ્ધસિંહ ભુપેન્દ્રસિંહ પરમાર , જસ્મીતભાઈ જગદીશભાઈ ચભાડ , અર્જુનસિંહ રણજીતસિંહ ઝાલા , વિશાલભાઈ રાજેશભાઈ રાજદેવ, ગજેન્દ્રભાઈ ઉર્ફે ગોપાલભાઈ પ્રતાપભાઈ ભટ , વિશાલભાઈ હસમુખભાઈ ગાંભવા તથા અક્ષયભાઈ હસમુખભાઈ ગાંભવાને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ ઉપરથી કુલ રૂ.૫૨,૭૦૦/- રોકડા, ગંજીપત્તા અને પોસ્ટર કબજે કર્યા હતા.

મોરબીના ખાખરેચી દરવાજા પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા ધર્મેશભાઈ પ્રફુલભાઈ સોલંકી, પ્રીન્સ અનિલભાઈ કૈલા , પાર્થ મુકેશભાઈ રાવ , વરૂણભાઈ હિતેશભાઈ ચૌહાણ , મિલનભાઈ મયુરભાઈ ડાભી , રોહનભાઈ સંજયભાઈ ધામેચા તથા ઋત્વીકભાઈ હરેશભાઈ ટોયટા ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા રૂ.૫,૮૦૦/- કબજે કરાયા હતા.

મોરબીના જોન્સનગર શેરી નં.૧૩ હુશેની ચોક ખાતે જાહેરમાં જુગાર રમતા હનીફભાઈ રસુલભાઈ અલીયાસભાઈ ખોડ , ઈમરાનભાઈ જુસબભાઈ મામદભાઈ મોવરે , વિશાલભાઈ પ્રવીણભાઈ મેરુભાઈ શેખાણી , તાહિરહુશેન રમજુભાઈ હાજીભાઈ બેલીમ તથા અસલભાઈ હાજીભાઈ સીદકભાઈ ખોડ ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

હળવદ પોલીસને મળેલી બાતમીના આધારે વૈજનાથ પાર્કમાં પ્રવિણ ચંદુભાઈ ઠાકરના રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી પ્રવિણ ચંદુભાઈ ઠાકર , હિતુભા સામંતસિંહ ઝાલા , અશ્વિન ગટુરભાઈ વડેચા , ભરત ગાંડુભાઈ છનીયારા, પ્રવિણ દોલુભાઈ રાઠોડ તથા રસીક રેવાભાઈ ઉઘરેજા ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૬૩,૨૦૦/-રોકડા કબજે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈદે મિલાદની અનોખી ઉજવણી : દીની અને દુનિયાવી શિક્ષણ સાથે બાળકોમાં સંસ્કારનું સિંચન

**અબતક, લિતેશ ચંદારાણ, વાંકાનેર**



વાંકાનેર : જ્યાં દીની-દુનિયાવી અને ઈસ્લામી તાલીમથી બાળકો વંચિત રહી જાય છે, એવા વિસ્તારોમાં શિક્ષણ અને સંસ્કાર ની જ્યોત પ્રગટાવવાના હેતુથી મદાર એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ મહિનાથી સરાહનીય પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટના પ્રયાસોના ભાગરૂપે કે.જી.થી ધોરણ-૮ સુધીના આશરે ૨૦ વિદ્યાર્થીઓને શાળા શિક્ષણની સાથે કુરઆન શરીફ તથા ઈસ્લામી આદાબ-તરીકાની તાલીમ આપવામાં આવી રહી છે.ઈદે મિલાદુન્નબીના મુબારક પ્રસંગે તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઈશાની નમાજ બાદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં નાના ભૂલકાઓએ કુરઆન શરીફની આયતો સાથે જમતા પહેલાં અને જમ્યા બાદની દુઆ, મુસાફરી દરમિયાન પઢવાની દુઆ સહિતના ઈસ્લામી આદાબ જાહેર મંચ પરથી રજૂ કરતાં ઉપસ્થિત વાલીઓ અને મહેમાનો તાળીઓના ગડગડાટથી બાળકોનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની આઠ મહિનાની તાલીમનું સુંદર પ્રદર્શન કર્યું હતું. એક પછી એક બાળક દ્વારા કુરઆન શરીફની આયતો તથા ઈસ્લામી જ્ઞાનની રજૂઆત થતાં સમગ્ર વાતાવરણ ભાવસભર અને પ્રેરણાદાયી બન્યું હતું. પ્રથમ ક્રમે રહેનારી બાળકીનું વિશેષ સન્માન વિદ્યાર્થી પ્રોત્સાહન કાર્યક્રમમાં પ્રથમ ત્રણ ક્રમે રહેલા વિદ્યાર્થીઓ ને શિલ્ડ, સન્માનપત્ર, શૈક્ષણિક કીટ, ટિફિન, ઈમ્પોર્ટેડ કંપાસ અને લંચ બોક્સ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં સોહરવદી રહેનાઝ બાનુ યાસીનભાઈ સોહરવદી પ્રથમ ક્રમે રહી હતી. નોંધનીય બાબત એ રહી કે કુરઆન શરીફની તાલીમમાં પણ રહેનાઝ બાનુએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

# મોરબી ગ્રામ્યમાંથી સગીરા લાપતા

### લેબર કોલોનીમાંથી કિશોરી ગુમ થયા બાદ પરિવારજનો દ્વારા શોધખોળ, અજાણ્યા શખ્સ સામે અપહરણની ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી પંથકના કારખાનાની લેબર કોલોનીમાં રહેતા શ્રમિક પરિવારની સગીરાના માતા-પિતા કામ માટે બહાર ગયા હતા. આ દરમિયાન બપોરના સમયે પરિવારને સગીરા લેબર કોલોનીમાંથી ક્યાંક જતી રહી હોવાનું જાણવા મળતાં માતા-પિતા અને સંબંધીઓએ કોલોની તેમજ આસપાસના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી હતી.

પરિવારજનો દ્વારા મોરબીમાં અલગ અલગ સ્થળે રહેતા અને મૂળ વતનના સગા વ્હાલાને ત્યાં તપાસ કરવામાં આવી હતી, પરંતુ સગીરાનો કોઈ પત્તો મળ્યો ન હતો. સગીરા ઘરેથી નીકળી તે વખતે લાલ રંગની સાડી, કાળા રંગનું બ્લાઉઝ અને ચણીયો પહેરેલ હતું. હાલ પરિવારની શોધખોળ છતાં સગીરા ન મળતાં કોઈ અજાણ્યો શખ્સ તેનું અપહરણ કરી લઈ ગયો હોવાની આશંકાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા આરોપી સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સગીરાની શોધખોળ સાથે સમગ્ર મામલે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# લોડેડ પિસ્તોલ સાથે પરીમલ વાઘેલા ઝડપાયો

**અબતક, ઋષિ મહેત**



મોરબી એસઓજીએ રવાપર રોડ ઉપર કરણ એપાર્ટમેન્ટ પાસેથી દેશી હાથ બનાવટની પિસ્તોલ અને બે જીવતા કારતૂસ સાથે શખ્સને દબોચી લીધો છે.

મોરબી એસઓજી ટીમને મળેલી બાતમીના આધારે રવાપર રોડ પર કરણ એપાર્ટમેન્ટ પાસે રેઈડ કરવામાં આવી હતી. દરમિયાન પરીમલભાઈ ગોપાલભાઈ વાઘેલા રહે. લીલાપર રોડ ઓમ રેસિડેન્સી સ્મશાન સામે મોરબી વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી દેશી હાથ બનાવટની પિસ્તોલ નંગ-૧ કિ.રૂ.૫ હજાર અને જીવતા કારતૂસ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- એમ કુલ રૂ.૫,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ કલમ તથા જી.પી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધાવી એસઓજી દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં વિદ્યા ભારતી સંકુલ દ્વારા સંસ્કૃત યાત્રામાં બાળકોએ ઋષિના વેશ ધારણ કર્યા

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



સંસ્કૃત સપ્તાહ સમિતિ નોડલ શાળા શ્રીમતી એલ. કે. સંઘવી કન્યા વિદ્યાલય - વાંકાનેર તથા વિદ્યાભારતી સંસ્થા દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વાંકાનેર ખાતે ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓ અને નગરજનોમાં ગૌરવની ભાવના જાગૃત કરવી તથા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાના મહત્વનો પ્રચાર-પ્રસાર કરવાનો હતા નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ વોરાના હસ્તે લીલી ઝંડી આપી હતી પંડિત ગોપાલભાઈ પંડ્યા દ્વારા યાત્રાનો પ્રારંભસંસ્કૃતના શ્લોકગાન સાથે કરવામાં આવ્યો. આ યાત્રામાં અધિકારી ડીવાયએસપી સમીરભાઈ સારડા પી આઈ જે એસ ગામીત જોડાયા હતા, મામલતદાર કચેરીના કાર્યકર્તાઓ પદાધિકારીઓ માં વિદ્યાભારતી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ અમરશીભાઈ મઢવી, યુવા સંગઠનના ટ્રસ્ટી વિનોદભાઈ રૂપારેલિયા અને દિનેશભાઈ રાવલ, વ્યવસ્થાપક શ્રી પુષ્કરભાઈ ત્રિવેદી, ભારત વિકાસ પરિષદના મંત્રી રસિકભાઈ ખોરજા, સામાજિક કાર્યકર મહાવીર સિંહ ઝાલા પ્રજાપિતા બ્રહ્માકુમારીના કાર્યકર્તાઓ, સ્વાધ્યાય પરિવારના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

યાત્રામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં મો. હે. જે. ગર્લ્સ સ્કૂલના ૨૦૦ વિદ્યાર્થીઓ, રાતી દેવડી પ્રાથમિક શાળાના ૪૦ વિદ્યાર્થીઓ, શારદા સ્કૂલના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ, તાલુકા શાળા નંબર-૩ના વિદ્યાર્થીઓ, કે. કે. શાહ માધ્યમિક વિદ્યાલયના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ, વિદ્યાભારતી સંસ્થાના ધોરણ ૭ અને ૮ના આશરે ૧૫૦ બાળકો, શિશુમંદિરના ૨૫ બાળકો, શ્રીમતી એલ. કે. સંઘવી કન્યા વિદ્યાલયના ૨૨૫ વિદ્યાર્થીઓ, મો. હે. જે. ગર્લ્સના ૧૦૦ વિદ્યાર્થીઓ, અમરસિંહજી હાઈસ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓ અને મોડેલ સ્કૂલ વાંકાનેરના ૧૦૦ વિદ્યાર્થીઓ સહિત અનેક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ ઉપરાંત નગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં જોડાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૮૦૦ થી ૯૦૦ જેટલી રહી.

# ઘુંટુ નજીક દુકાનની બારી તોડી રૂ.૧.૮૦ લાખના વાયરની ચોરી

### તસ્કરોએ એસી-ફ્રીઝ રિપેરિંગની દુકાનની લોખંડની બારીના સળિયા તોડી ૧૦૦ કિલો કોપર વાયર ઉઠાવી ગયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના ઘુટુ ગામ નજીક આવેલી ડાયમંડ રેફ્રીજરેશન નામની એસી-ફ્રીઝ રિપેરિંગની દુકાનમાં તસ્કરોએ લોખંડની બારીના સળિયા તોડી પ્રવેશ કરી અંદાજે ૧૦૦ કિલો કોપર વાયર કિ.રૂ.૧.૮૦ લાખની ચોરી કરી ગયા.

મળતી માહિતી અનુસાર, હળવદ તાલુકાના સમલી ગામે રહેતા કૌશીકભાઈ ત્રીભોવનભાઈ પટેલ ઉવ.૪૨ વાળાની ઘુટુ રોડ પર આઈ.ટી.આઈ. કોલેજ પાછળ પીપળી ગામ તરફના રસ્તે ડાયમંડ રેફ્રીજરેશન નામની એસી રિપેરિંગ તથા વેચાણની દુકાન આવેલી છે. ત્યારે ગત તા.૨૨/૦૮ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે દુકાન બંધ કરી તેઓ ઘરે ગયા હતા. ત્યારબાદ બે દિવસ બાદ તા.૨૫/૦૮ના રોજ દુકાને પહોંચતા પાછળની લોખંડની બારીના સળિયા તૂટેલા જોવા મળ્યા હતા. જેમાં તસ્કરોએ બારીના સળિયા તોડી દુકાનમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલા નવા કોપર વાયરના ફીંડલા તથા કામમાં ઉપયોગમાં લેવાતા નાના-મોટા કોપર વાયરના ટુકડા મળી અંદાજે ૧૦૦ કિલો કોપર વાયર કિ.રૂ.૧,૮૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હોવાનું સામે આવ્યું હતું.

# નીચી માંડલ પાસે રોંગ સાઈડમાં આવેલી બોલેરોની ઠોકરે રિક્ષાચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ-મોરબી રોડ પર રોંગ સાઈડમાં પુરઝડપે આવેલી બોલેરોએ સીએનજી રિક્ષાને ટક્કર મારતાં ૨૬ વર્ષીય રિક્ષાચાલક યુવકનું ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, નીચી માંડલ ગામે રહેતા રાહુલભાઈ રામજીભાઈ ચૌહાણ ઉવ.૨૬ ગઈકાલ તા.૨૫/૦૮ના રોજ વહેલી સવારે પોતાની સીએનજી રિક્ષા નં. જીજે-૩૬-યુ-૫૫૪૩ લઈને નીચી માંડલથી મોરબી તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સિમોલો સિરામીક કારખાના પાસે મહિન્દ્રા બોલેરો રજી.નં. જીજે-૧૦-ટીએક્સ-૯૦૭૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી રોંગ સાઈડમાં ચલાવી આવી રિક્ષાને ટક્કર મારી હતી.

અકસ્માતમાં રાહુલભાઈને ૧૦૮ મારફતે મોરબીની સમર્પણ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જતી વખતે તબિયત વધુ લથડતાં ટંકારા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતના બનાવ અંગે મૃતકના મોટા ભાઈ દિલીપભાઈ રામજીભાઈ ચૌહાણની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર : મેસરિયા પંથકમાં પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ તરફ મહત્વનું પગલુ

### ગારીડા-જાલીડા વચ્ચે નવો અને પમ્પિંગ સ્ટેશન કાર્યરત થતાં વોટર સપ્લાય શરૂ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર: વાંકાનેર તાલુકાના મેસરીયા પંથકમાં લાંબા સમયથી ચાલી આવતી પીવાના પાણીની સમસ્યાના ઉકેલ તરફ મહત્વનું પગલું ભરાયું છે.

ગુજરાત સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૦૦ એલ.પી.સી.ડી. ગ્રુપ સુધારણા યોજના અંતર્ગત ચાલી રહેલા કામોમાં ગારીડા-જાલીડા વચ્ચે ઓગમેન્ટેશન ઓફ વાંકાનેર ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ પ્રોજેક્ટ હેઠળ નવા સંપ અને પમ્પિંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.કામ પૂર્ણ થયા બાદ પાણી પુરવઠો પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના પગલે મેસરીયા સહિત આસપાસના પંથકના લોકોને પીવાના પાણીની સુવિધામાં રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ કામગીરીની મુલાકાત દરમિયાન વાંકાનેર તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન જીજ્ઞાસાબેન મેર, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા તથા સદસ્ય અલ્પેશભાઈ, સરપંચ રાજુભાઈ, એન્જિનિયર સમીરભાઈ કુરેશી, કોન્ટ્રાક્ટર સાવનભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પરિણીતાને સાસરિયાઓનો સિતમ

### નાની-નાની બાબતોમાં મેણાંટોણાં અને માનસિક-શારીરિક ત્રાસ પતિ અને સાસુ સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં પિયરમાં રહેતી પરિણીતાએ પતિ અને સાસુ સામે અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો કરી શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપ્યા અંગે તેમજ સાડા પાંચ વર્ષની દીકરીને પરત ન સોંપતા હોય તે બાબતે મોરબી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, ફરિયાદી મિલનબેન રામસીભાઈ ગોજીયા હાલ રહે.મોરબી બોરીચાવાસ વાળાએ પતિ હિતેષ ઉર્ફે જીતુ અરજણભાઈ કરંગીયા અને સાસુ મણીબેન અરજણભાઈ કરંગીયા રહે.ન્યુ નવાનગર રણજીતસાગર રોડ જામનગર વાળા વિરુદ્ધ મોરબી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમના લગ્ન વર્ષ ૨૦૧૭માં હિતેષ ઉર્ફે જીતુ સાથે થયા હતા અને તેમને બે પુત્રીઓ છે. લગ્નના થોડા સમય બાદ સાસુ ઘરકામ સહિતની નાની બાબતોને લઈને ઝઘડા કરતા તથા પતિને ફરિયાદી વિરુદ્ધ ચઢામણી કરતા, જ્યારે બીજી બાજુ પતિ પણ શંકા રાખી ઝઘડા કરતા હતા.

લગ્નના બે વર્ષ બાદ બંને પતિ-પત્નીની સંમતિથી છૂટાછેડા થયા બાદ સમાધાન થયા બાદ ફરી લગ્ન કર્યા બાદ પણ સાસુ અને પતિ તરફથી ત્રાસ ચાલુ રાખવામાં આવ્યો હતો. જેમાં પતિ અને સાસુ પિયરના પરિવારજનો સાથે મળવા-વાતચીત કરવા બાબતે પણ નજર રાખતા, આ દરમિયાન મોટી પુત્રીને થોડા સમય માટે સાસુ પાસે મોકલ્યા બાદ આજદિન સુધી પરત ન સોંપી હોવાનો અને છેલ્લા દોઢ વર્ષથી ફરિયાદી મિલનબેન નાની પુત્રી સાથે પિયરમાં રહે છે.

# ફરિયાદનો ખાર રાખી બે યુવક ઉપર હુમલો

### છરી બતાવી રૂ.૨૪ હજારની લૂંટ કર્યાની ચાર શખ્સો સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના પાવડીયારી કેનાલ પાસે ચાર શખ્સોએ બે યુવકો સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર મારી છરી બતાવી એક યુવકના ખિસ્સામાંથી વેપાર ધંધાના રૂ.૨૪ હજાર કાઢી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, મૂળ સુરેન્દ્રનગરમાં ટાવર પાસે રહેતા હાલ પાવડીયારી કેનાલ નજીક અપના માર્કેટમાં મુરઘીના થડામાં કામ કરતા ફરીદ યાસીનભાઈ મેર ઉવ.૨૪ એ આરોપી ખીરઈ ગામ તા.માળીયા(મી)ના ઈકો, શિકલો, મુખી અને કારો નામના ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ગત તા.૨૪/૦૮ના રોજ રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે તેઓ તથા તેમના શેઠ ઈકબાલભાઈ મુરઘીના થડાનો હિસાબ કરી નજીકની ચાની દુકાને બેઠા હતા. ત્યારે નંબર વગરની કાળા રંગની સ્કોર્પિયો કારમાંથી ઉપરોક્ત ચાર શખ્સો આવ્યા અને આરોપી ઈકાએ ઈકબાલભાઈને તેમના ભાઈ તૈયબભાઈએ અગાઉ માળીયા પોલીસ સ્ટેશનમાં તેની સામે મારામારીની ફરિયાદ કેમ કરી તે બાબતે ઉશ્કેરાઈ ગાળાગાળી કરી હતી. આ દરમિયાન ફરિયાદી ફરીદ વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવ્યો હતો. દરમિયાન છરી બતાવી ફરીદના ખિસ્સામાં મુરઘીના થડાના બે દિવસના હિસાબના રૂ.૨૪,૦૦૦/-કાઢી લીધા હતા.

જે બાદ ચારેય શખ્સોએ ઢીકાપાટુનો માર મારી જતા સમયે તૈયબભાઈને જ્યાં મળે ત્યાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી ચારેય શખ્સો વિરુદ્ધ લૂંટ, મારામારી, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર: કોઠારીયા ગામે બંધ મકાનનું તાળું તોડી રૂા. ૧.૬૦ લાખની ચોરી

### કબાટનું લોક તોડી સોના-ચાંદીના દાગીના અને રૂ. ૧૦ હજાર રોકડ લઈ તસ્કર ફરાર

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં કબાટનું લોક તોડી સોના-ચાંદીના દાગીના તથા રૂ.૧૦ હજાર રોકડ મળી કુલ રૂ.૧.૬૦ લાખની માલમતા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવા અંગેની વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોરી અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, કોઠારિયા નવા પ્લોટ વિસ્તારમાં કુમાર શાળાની બાજુમાં રહેતા ઉસ્માનગનીભાઈ મહમદભાઈ માથકીયા ઉવ.૫૨ એ વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૨૪/૦૮ના રોજ સવારે તેઓ ખેતીકામ માટે વાડીમાં ગયા હતા. ત્યારબાદ તેમનો પુત્ર નોકરી પર ગયો હતો અને પત્ની તથા પુત્રી પણ વાડીએ આવ્યા ત્યારે સવારે આશરે ૯ વાગ્યે પુત્ર ઘરેથી તાળું મારી નોકરી પર ગયો હતો. જે બાદ બપોરે આશરે ૧૧.૪૫ વાગ્યે ફરિયાદીની પત્ની અને પુત્રી ઘરે પરત ફરતાં મકાનના દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું.

જે બાદ ઘરમાં તપાસ કરતા રૂમમાં સામાન વેરવિખેર હતો અને કબાટનું લોક પણ તૂટેલું હતું.

કબાટમાંથી સોનાનો હાંસડી હાર, સોનાની પોંચી, વીંટી, કાનના એરિંગ, સોનાની સેર સહિતના દાગીના તથા ચાંદીના સાંકળા અને વીંટી મળી આશરે રૂ.૧.૫૦ લાખના દાગીના તેમજ રૂ.૧૦ હજાર રોકડ મળી કુલ રૂ.૧.૬૦ લાખની માલમતા ચોરાઈ હોવાનું સામે આવ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આરોપી અજાણ્યા તસ્કર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી અજાણ્યા તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

# જેતપુરના ખીરસરા ગામે ધો.૧૦ પાસ નકલી ડોક્ટર દબોચ્યો

## ટેબ્લેટ, ઈન્જેકશન, સિરીંજ સહિત રૂ.૧૬ હજારનો મુદ્દામાલ કબજે, જૂનાગઢના બોગસ તબીબ પાસે અનુભવ લઈ ખુદનું કિલનિક શરૂ કર્યું



**અબતક,રાજકોટ**

જેતપુર તાલુકાના ખીરસરા ગામે મેડિકલ ડીગ્રી વગર લોકો સાથે આરોગ્ય સાથે ચેડા કરનાર નરેશ રાણાપરીયાને એસઓજીએ દબોચી લીધો હતો. બોગસ તબીબ પાસેથી અનુભવ મેળવ્યા બાદ આઠ વર્ષથી કલિનિક ચલાવીં લોકોની સારવાર કરતો હતો. જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લામાં બોગસ તબીબો નો રાફડો ફાટ્યો હોય અને લોકોની આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની એસપી વિજયસિંહ ગુર્જર ને ધ્યાને આવતા અને કલાક સાથે ડામી દેવા આપેલી સુચના ને પગલે એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ પી.બી.મિશ્રા ટીમ તથા ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન એએસઆઈ પરબતભાઈ શામળા, કોન્સ્ટેબલ ચિરાગભાઈ કોઠિવાર, રઘુભાઈ ત્રકુટાને એવી બાતમી મળી હતી કે, જેતપુરના ખિરસરા ગામ નરેશ શાંતી રાણાપરીયા નામનો શખસ પોતે કોઈપણ મેડીકલ ડીગ્રી ધરાવતો ન હોવા છતા એલોપેથિક કલિનિક ચલાવે છે. જે બાતમીના આધારે ટીમે મેડિકલ ઓફિસરને સાથે રાખી દરોડો પાડ્યો હતો.તેની પુછતાછ કરતા તેણે પોતાનું નામ નરેશ શાંતી રાણાપરીયા (ઉ.વ.૫૦, રહે.મુળ ડોબરીયા વાડી, અમરનગર રોડ, ગૌશાલા વાળી શેરી, જેતપુર) હોવાનું જણાવ્યું હતું. આ શખસ પાસે મેડીકલ પ્રેકટીસને લગતી કોઈ ડીગ્રી ન હોય અને છેલ્લા આઠેક વર્ષથી પોતે આ કલિનિકચલાવતો હોવાનુ જણાવેલ હતું. ટેબ્લેટસ, ઈન્જેકશનો, સીરીજ, નીડલ તથા મેડીકલ પ્રેકટીશને લગતા અન્ય સાધનો તથા દવાઓ મળી આવેલ હતી.

પોલીસે કુલ રૂ.૧૬ હજારથી વધુની દવાઓ અને મેડિકલ સાધનો કબ્જે કરી બોગસ તબીબ નરેશ રાણપરિયાની ધરપકડ કરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલ શખસે ધોરણ ૧૦ સુધીનો જ અભ્યાસ કર્યો છે અને તેને જૂનાગઢના બોગસ તબીબ પાસેથી મેડિકલ સારવારનો અનુભવ મેળવી કલીનીક શરૂ કરી દીધુ હતું. જો કે જૂનાગઢનો બોગસ તબીબ હાલ અવસાન પામ્યો હોવાનું સામે આવ્યું છે.

# ચોટીલા નજીક ટ્રકમાંથી ૨૪ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

## એલસીબી ની ટીમે ૧૩.૫૮૪ ચપલા, ૯૬૦ બિયરના ટીન મળી રૂ.૪૦ લખનો મુદ્દામાલ કબ્જે કર્યો



### રાજસ્થાનના શખ્સની ધરપકડઃ સપ્લાયર અને રીસીવરની શોધખોળ

**અબતક રણજીતસિંહ ધાધલ ચોટીલા**

તહેવારો નજીક આવતા બુટલેગરો પ્યાસીઓની પ્યાસ બુઝાવા સક્રિય થયા છે. પરંતુ પોલીસ તંત્રની બાજ નજરમાંથી બચવું મુશ્કેલ છે. ત્યારે સુરેન્દ્રનગર એલસીબીની ટીમે ચોટીલા - રાજકોટ નેશનલ હાઈવે પર આવેલા જાની વડલાના પુલ પાસેથી ટ્રકમાંથી વિદેશી દારૂના ૧૩.૫૮૪ ચપલા અને ૯૬૦ બિયર ના ટીન મળી રૂ.૪૦ લાખના મુદ્દા માલ સાથે રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો સપ્લાયર અને રીસીવર તેમજ ટ્રક ના માલિકની શોધખોળ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ એ જિલ્લામાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, સુરેન્દ્રનગર એલસીબી ની ટીમ ચોટીલા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી કે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અજયસિંહ ઝાલાને બાતમી મળી હતી કે ,ચોટીલા નજીક જાની વડલા ફૂલ તરફથી GJ.31 U 0536 નંબરના ટ્રકમાં વિદેશી દારૂ અને બીયરના જથ્થા સાથે આવી રહ્યો છે.

સુરેન્દ્રનગર એલસીબી ની ટીમ શાની વડલા ગામ નજીક આવેલા પુલ પાસે વોચમાં ગોઠવાઈ જઈ બાતમી મળેલો ટ્રક ગુજરાતી પસાર થતાં, અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી વિદેશી દારૂના ૧૪.૫૪૪ અને ચપલા અને ૯૬૦ બિયર ના ટીન મળી આવતા, પોલીસી શરાબ, બીયર ના ટીન અને ટ્રક મળી રૂ.૪૦ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાનના નરપતલાલ માંગીલાલ ભાદુ નામના શખ્સની ધરપકડ કરી છે.

જ્યારે ટ્રક માલિક, દારૂ નો સપ્લાયર અને રીસીવરની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડા ની કામગીરી એલસીબી પીઆઇ બી એચ શિંગરખીયા, પીએસઆઇ આર જે ગોહિલ, પેરોલ ફર્લો પીએસઆઇ એન એ રાયમાં, હેડ કોન્સ્ટેબલ અજયસિંહ ઝાલા, દેવરાજભાઈ જોગરાજીયા અને કોસ્ટેબલ કુવરસિંહ ઝાલા સહિતના સાથે બજાવી છે.

# ચકચારી રાજકુમાર જાટ કેસમાં નવો વળાંકઃ સીસીટીવીમાં જાતે કપડા કાઢતો દેખાયો, હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ

## સરકાર તરફથી પોલીસ અહેવાલ રજૂઃ વિડીયો સાથે ચેડા નથી, ફોરેન્સિક ખરાઈ કરાવી , ૨૪ સપ્ટેમ્બરે વધુ સુનાવણી

### મૃતક માનસિક બીમાર હોઈ શકે તેવી મનોચિકિત્સકની શંકાઃ ૧૧ કલાકમાં ૫૧ કિ.મી. ચાલવું શક્ય હોવાની દલીલ

**અબતક રાજકોટ**

ગોંડલ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર રાજકુમાર જાટની હત્યા કેસમાં સીબીઆઈ તપાસની દાદ માગવામાં આવી છે, આ રિટમાં ગુજરાત સરકાર તરફથી પોલીસ તપાસનો અહેવાલ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયો છે, જેમાં કહેવાયું છે કે, સીસીટીવી કેમેરામાં રાજકુમાર જાતે કપડાં કાઢતો નજરે પડે છે. ફોરેન્સિક તપાસ માટે વીડિયો મોકલાયા હતા અને તેની સાથે ચેડાં નહીં થયા હોવાનો પણ અહેવાલમાં દાવો કરાયો છે. પોલીસ રિપોર્ટનો જવાબ આપવા અરજદારે વધુ સમયની માગણી કરી હતી, તા. ૨૪મી સપ્ટેમ્બરે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે

મૃતકના પરિજને અકસ્માતે મોત નહિ પણ હત્યા થયાનો દાવો કર્યો છે, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેના પુત્ર ગણેશ ગોંડલ હત્યાનો આક્ષેપ કરાયો હતો એટલુંજ નહીં પરંતુ સ્થાનિક પોલીસ બચાવી રહી હોવાથી તપાસ સીબીઆઈ મારફત થાય તે માટે દાદ મગાઈ છે. આ કેસની સુનાવણીમાં અગાઉ રાજકુમારના અકસ્માત પહેલા તે નગ્નાવસ્થામાં ફરતો હોવાની બાબતની તપાસના આદેશ પોલીસને આપવામાં આવ્યા હતા. હવે તપાસ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, રાજકુમાર જાટ જાતે કપડાં કાઢતો કેમેરામાં દેખાય છે. આ વીડિયોને ફોરેન્સિકમાં મોકલીને ખરાઈ પણ કરાઈ છે.

સરકારી વકીલે દલીલ કરી હતી કે, રાજકુમાર કંઈક બોલી રહ્યો હોવાનું વીડિયોમાં જણાય છે. તે ગાંજાનું સેવન કરતો હોવાનું જણાય છે. વર્તણૂકને પારખવા મનોચિકિત્સકને વીડિયો બતાવ્યા હતા. મનોચિકિત્સકના કહેવા વ્યસની હોવાનું માની શકાય. જે રીતે ચાલી રહ્યો છે સાધારણ નથી. માનસિક બીમાર પણ હોઈ શકે છે. અકસ્માત પહેલા એ ઘરેથી નશાની શોધમાં નીકળ્યો હતો. ગિરનાર જતો ત્યારે ગાંજો લેતો હતો, પરંતુ તેણે ગાંજો પીધો કે નહીં તે ખબર નથી.

જ્યાં સુધી તેનું એક રાતમાં પર કિ.મી. ચાલવાનો પ્રશ્ન છે તો નિષ્ણાતો કહે છે કે સ્વસ્થ વ્યક્તિ ચાર કિ.મી. પ્રતિકલાકની ઝડપે ચાલી શકે છે. તે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચ્યો તેમાં તેને ૫૧ કિ.મી.નું અંતર કાપ્યું હતું. કુલ ૧૧ કલાક અને ૩૯ મિનિટ જેટલો સમય તેણે લીધો હતો, તો આટલા સમયમાં તે ૫૧ કિ.મી. ચાલી શક્યો હોય તેમ માની શકાય. અરજદારનો દાવો હતો કે, તેના કપડાં મળ્યા નથી. કોઈએ તેને ગાડીમાં બોલાવ્યો તેની તપાસ નથી થઈ

# મોબાઈલ ટાવરમાંથી રિમોટ યુનિટ ચોરીમાં મેરઠનો સૂત્રધાર અને બે સાગરીત ઈન્દોરથી ઝબ્બે, રશિયા સુધી નેટવર્ક

## શાપરમાં ઈન્ડસ ટાવરમાંથી રૂ.૧.૨૦ લાખના નોકિયા આરઆરયુની ચોરીઃ પાવર ચાલુ હોય ત્યારે વાયર કાપી ડિવાઈસ ઉતારી લેતા, દિલ્હીથી વિદેશ મોકલતા હોવાની કબૂલાત

**અબ તક,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં મોબાઈલ ટાવરથી રીમોર્ટ યુનિટ ચોરતી ગેંગનો શાપર પોલીસે પર્દાફાશ કર્યા બાદ મેરઠના મુખ્ય સૂત્રધાર અને જમ્મુના બે સાગરીતને ઈન્દોરથી ઝડપી લીધા છે. સાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવરમા નોકીયા કંપનીના બે એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટ રૂ.૧.૨૦ લાખના જે ટાવર ઉપર ચડીને વાયરીંગ કટ કરી ચોરી ગયા અંગેની નોંધાયેલી ફરિયાદ નો ભેદ ઉકેલવા છે. શાપર પીઆઈ આર.બી.રાણાની ટીમો બનાવી ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે આરોપીઓની તપાસ કરી ફારૂ ઉર્ફે ફરમાન ઉર્ફે કાળુ અયુબખાન અન્સારી (ઉ.વ.૨૮, રહે.રતોલી, મેરઠ, ઉતરપ્રદેશ), સંગ્રામસિંગ ઉર્ફે વિશાલ પાજી લહેરસિંગ રાજપુત (ઉ.વ.૩૧, ધંધો વોડાફોન કંપનીમાં એન્જીનીયર,



રહે, રાજકોટ, ગોપાલચોક, નટરાજ સોસા. મુળ રહે.કાંજલી, જમ્મુ) અને સુમીતસિંગ શ્યામસિંગ રાજપુત (ઉ.વ.૨૭, ધંધો એન્જીનીયર રહે. રાજકોટ, ગોપાલચોક, નટરાજ સોસા. મુળ રહે.સોપાનુ, રાજય જમ્મુ) ની બાતમી મળતા તુરત જ વર્ક આઉટ કરી આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપીઓ અલગ અલગ મોબાઈલ ટાવરોમાં નેટવર્ક કનેકટીવીટી માટે લગાવેલ અતિસંવેદનશીલ ડીવાઈસ એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટ ચાલુ હોય તે દરમિયાન ટાવર પર ચડી ડીવાઈસમાં લગાવેલ ઈલેકટ્રીક

### રાજકોટના વોડાફોનના બે એન્જિનિયર ટીપ આપતા હતાઃ PI આર.બી. રાણાની ટીમે ટેકનિકલ સોર્સથી ભેદ ઉકેલ્યો, ધરપકડ આક સાત

વાયરો ચાલુ પાવર દરમ્યાન કટ કરી પાના પકડો વડે ડીવાઈસ ટાવરથી અલગ કરી ડીવાઈસ સાથે ટાવર પરથી નીચે ઉતરી મોબાઈલ ટાવરના ફકત અતિસંવેદનશીલ ડીવાઈસ એઝેડએનએ રીમોર્ટ રેડીયો યુનિટની છેલ્લા બે માસથી ગુજરાત રાજયના અલગ અલગ શહેરો જેમાં અમદાવાદ તથા રાજકોટ ખાતેથી ચોરીઓ કરી આ ડીવાઈસ કુરીયર સર્વિસ મારફતે અલગ અલગ શહેરોમાંથી પોતાના મળતીયાઓ મારફતે દિલ્હી મોકલાવી દિલ્હીથી આ ડીવાઈસ એક્ષપર્ટ માણસો દ્વારા રશીયા સહિતના વિદેશમાં અલગ અલગ જગ્યાઓએ મોકલતા હોવાની કબુલાત આપેલ છે

મોબાઈલ ટાવરમાં નોકરી કરતાં એન્જિનિયર અને હાલ રાજકોટના ગોપાલ ચોકમાં રહેતાં મૂળ જમ્મુના વતની વિશાલ રાજપુત અને સુમીતસિંગ રાજપુત ટીપ આપતાં હતાં. જે બાદ ગેંગના સાગરીતો ચોરીને અંજામ આપી મેરઠના શખ્સ સુધી ચોરેલ ડિવાઈસ પહોંચાડતા હતાં.અત્રે ઉલ્લેખનીય છે કે, આ ચોરી પ્રકરણમાં અગાઉ જયદીપ વલ્લભ બાવળીયા (ઉ.વ.૨૩, ધંધો ડ્રાઈવીંગ રહે.માનસરોવર, મહીકા મેઈન રોડ, જે.કે.રેસીડન્સી, રાજકોટ, મુળ રહે.ધારેઈ, ચોટીલા), રાહુલ સુરેશ સતવાણી (ઉ.વ.૨૦, (રહે.ધારેઈ, ચોટીલા) અને ધર્મેશ ધીરૂ મેવાસીયા, કોળી (ઉ.વ.૨૦ રહે.નાની લાખાવાડ, જસદણ) અને સચીન મીરસીંગ પુનીયા (જાટ) (ઉ.વ. ૨૫ કાલરી ગામ, રાજગઢ, જી. ચુરૂ, રાજસ્થાનની ધરપકડ કરાઈ હતી.

# ઉપલેટામાં જન્માષ્ટમીમાં માર્કેટીંગ યાર્ડમાં નવ દિવસની રજા જાહેર

## ૭ સપ્ટેમ્બરથી ખેડુતો જણસી લઈ યાર્ડમાં આવી શકશે

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**




તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

ઉપલેટામાં જન્માષ્ટમી તહેવાર અંતર્ગત માર્કેટીંગ યાર્ડમાં નવ દિવસની રજા જાહેર કરવામાં આવી છે. તા. ૭.૯ સોમવારથી ખેડુતો પોતાની જણસી નિયમિત રીતે યાર્ડ લઈ આવી શકશે.

ઉપલેટા ખેતીવાડી ઉત્પન બજાર સમિતિના સેક્રેટરી રાજભાઈ ઘોડાસરાએ એક અખબારી યાદીમાં જણાવેલ કે આગામી જન્માષ્ટમીના તહેવાર અંતર્ગત તા. ૩૦ને રવિવારથી તા. ૭.૯ સોમવાર નવ દિવસ સુધી યાર્ડમાં હરાજીનું કામકાજ બંધ રહેશે તા. ૨૯.૮ને શનીવારના હરરાજી પૂર્ણ થયા બાદ તમામ જણસીની આવક બંધ કરવામાં આવશે. તા. ૭.૯ને સોમવારથી તમામ જણસીની આવક યાર્ડમાં ખેડુતો લઈ આવી શકશે તેની તમામ ખેડુતો અને વેપારીઓને જાણ કરવામાં આવે છે.

# બહુચર્ચિત રાજુ સોલંકી પુત્ર પર હુમલા કેસમાં ગણેશ ગોંડલ સહિત ૧૧ આરોપી દોષમુક્ત

## ૨૦૨૫ના બનાવમાં હત્યાની કોશિશ, અપહરણ, એટ્રોસિટી હેઠળ ગુનો નોંધાયો હતોઃ દેવાંગનું કારમાં અપહરણ કરી ગોંડલ લઈ જઈ ઢોર માર માર્યાનો આરોપ હતો

**અબતક રાજકોટ**

સોરઠ સહિત સૌરાષ્ટ્રભરના બહુચર્ચિત રાજુ સોલંકીના પુત્રને માર મારવા અને અપહરણ કેસમાં જૂનાગઢની ડિસ્ટ્રિક્ટ કોર્ટે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ ગોંડલ સહિત તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરી દોષમુક્ત કર્યા છે. બંને પક્ષોએ કોર્ટમાં સમાધાન થયું હોવાની જુબાની આપતા કોર્ટે આ ચુકાદો આપ્યો છે.

### રાજુ સોલંકી અને જયરાજસિંહ વચ્ચે સમાધાનઃ જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટનો ચુકાદો, ગણેશ ગોંડલને મોટી રાહત

આ અંગે મળતી માહિતી . જૂનાગઢ શહેરના દાતાર રોડ પર દેવાંગ રાજુ સોલંકી સાથે ૩૦ મે ૨૦૨૫ ના રોજ માથાકૂટ થઈ હતી. ફરિયાદ અનુસાર, દેવાંગ સોલંકીનું કાર મા અપહરણ કરી તેને ગોંડલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને ઢોર માર મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની કોશિશ કરવામાં આવી હતી. આ ઘટના બાદ સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર મચી ગઈ હતી અને જૂનાગઢ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગણેશ જાડેજા અને તેમના સાથીદારો સામે ઈંડઈની ગંભીર કલમો જેવી કે અપહરણ, હત્યાનો પ્રયાસ, મારામારી તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી ગણેશ જયરાજસિંહ જાડેજા, જશપાલસિંહ ઉર્ફે જે.કે. રાણા, ઈન્દ્રજીતસિંહ ઉર્ફે ઈન્દુભા જાડેજા, પૃથ્વીરાજસિંહ ઉર્ફે પુથુભા જાડેજા, દિગપાલસિંહ ઉર્ફે દિગુભા જાડેજા, સમીર ઉર્ફે પોલાસ, અકરમ તર્કવાડીયા અને રમીશ પઠાણ સહિત કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરી હતી. આ તમામ આરોપીઓ લાંબા સમય સુધી જેલમાં રહ્યા હતા અને બાદમાં જામીન પર મુક્ત થયા હતા.આ કેસની જૂનાગઢની સેશન્સ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી ત્યારે જ ફરિયાદી રાજુ સોલંકી અને આરોપી પક્ષ વચ્ચે સામાજિક આગેવાનોની મધ્યસ્થીથી સમાધાન થઈ ગયું હતું. આજે કોર્ટ કાર્યવાહી દરમિયાન ફરિયાદી દેવાંગ સોલંકી અને મુખ્ય સાક્ષીઓએ પોતાની જુબાનીમાં બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાની વાતને કોર્ટ સમક્ષ સમર્થન આપ્યું હતું. સાક્ષીઓ પોતાની અગાઉની ફરિયાદથી ફરી ગયા હતા.સરકારી વકીલની દલીલો અને બચાવ પક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે તમામ કાનૂની પરિસ્થિતિઓ, સાક્ષીઓની ફેરવાયેલી જુબાની અને પક્ષકારો વચ્ચે થયેલા આંતરિક સમાધાનને ધ્યાને રાખીને તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો ચુકાદો આપ્યો છે.આ ચુકાદાથી ગણેશ ગોંડલ અને તેના પરિવારને મોટી રાહત મળી છે

# ધ્રાંગધ્રા નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે ભદ્રેશ પટેલને જવાબદારી સોંપાઈ

## રાજ્યના એક સાથે ૨૫ ચીફ ઓફિસરની બદલીમાં ધ્રાંગધ્રાના મંટીલકુમાર પટેલનો સમાવેશ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**





રાજ્ય સરકાર દ્વારા આજે સમગ્ર ગુજરાતમાં એકસાથે ૨૫ નગરપાલિકાના ચીફ ઓફિસરોની બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં ધ્રાંગધ્રા નગરપાલિકાના ચીફ ઓફિસર મંટીલકુમાર પટેલની પણ બદલી કરવામાં આવી છે. તેમને વિરમગામ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે મંટીલકુમાર પટેલની બદલી બાદ મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર ભદ્રેશ પટેલને ધ્રાંગધ્રા નગરપાલિકાના નવા ચીફ ઓફિસર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. નવા ચીફ ઓફિસર તરીકે ભદ્રેશ પટેલ હવે ધ્રાંગધ્રા નગરપાલિકાની વહીવટી કામગીરીની જવાબદારી સંભાળશે. નવા ચીફ ઓફિસર ભદ્રેશ પટેલના કાર્યકાળ દરમિયાન શહેરના વિકાસ અને નાગરિકલક્ષી કામગીરીને કેટલી ગતિ મળે છે તેના પર સૌની નજર રહેશે.

# ગાંધીધામઃ ઝુલેલાલ મંદિરમાં સિંધી સમાજનાં ઈષ્ટદેવના આરાધ્ય પર્વ ચાલિયા સાહેબ મહોત્સવની ધામધૂમથી પૂર્ણાહુતિ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

છેલ્લા ૪૦ દિવસથી આદિપુર અને ગાંધીધામમાં સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલ ભગવાનની ભક્તિ અને સ્તુતિ માટેના ચાલ્યા સાહેબ મહોત્સવ ચાલી રહ્યો હતો ત્યારે આદિપુર અને ગાંધીધામના તમામ સિંધી સમાજના ભાઈઓ અને બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો દર વર્ષની જેમ આ વર્ષે પણ સિંધી સમાજના વ્રતધારીઓ ઝુલેલાલ મંદિર આદિપુરમાં સતત ૪૦ દિવસ સુધી ચાલનારા ચાલ્યા મહોત્સવમાં નિયમોનુસાર પૂજા વિધિ અને આરાધના કરી રહ્યા હતા. જે અંતર્ગત ગતરોજ ૪૦ માં દિવસે ચેટીચંદ મેલા સમિતિ અને પૂજ્ય ભાઈબંધ પંચાયત દ્વારા સવારથી બપોર સુધી ધામધૂમથી પૂર્ણાહુતિનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હવન,ભેરાણા સાહેબ, મહાપ્રસાદ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઉત્સવનો લાભ સિંધી સમાજના આગેવાનો અને બહોળી સંખ્યામાં સિંધી સમાજના લોકોએ લીધો હતો.

# ગિરનારના ધાર્મિક સ્થળો પર બાળકોના પ્રવેશબંધીનો વિરોધઃ વિશ્વ હિન્દુ પરિષદે કલેકટરને આવેદન આપ્યું

## ગિરનારના જટાશંકર અને આનંદેશ્વર મહાદેવ મંદિરે ૧૨ વર્ષથી નીચેના બાળકોના પ્રવેશ પર પ્રતિબંધ સામે વિશ્વ હિન્દુ પરિષદનો વિરોધ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં આવેલા આનંદેશ્વર અને જટાશંકર મહાદેવ મંદિરે ૧૨ વર્ષથી નીચેના બાળકોના પ્રવેશ પર વન વિભાગ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વન તંત્રના આ કાળા કાયદાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવીને પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ અનુસાર, ગિરનાર ક્ષેત્રમાં શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં અહીં દર્શનાર્થે આવતા સાધુ-સંતો અને ભાવિક ભકતજનોની સંખ્યા ખૂબ મોટી હોય છે. આ ક્ષેત્રમાં આવેલા ભરતવન, શેષવન, ઈન્દ્રેશ્વર અને સીતાવન સહિતના ધાર્મિક સ્થળોએ રહેતા સંતો અને સેવાપૂજા કરતા સેવકોને જવા પર પણ વન તંત્ર દ્વારા અવાર-નવાર અટકાવવામાં આવે છે.

આ ઉપરાંત, કાલે વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી હોવા છતાં, ભાવિકોની આસ્થા કે સંતોની માગણી ધ્યાને લેવામાં આવી નથી. આથી વન વિભાગના આ કાર્યો સામે આંદોલન અને કાર્યક્રમો યોજવાની રણનીતિ ઘડાઈ રહી હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં ગિરનાર સીડી પર પરિવાર સાથે આવેલા ૧૨ વર્ષીય તરૂણ પર થયેલા સિંહના હુમલા બાદ વન તંત્ર દ્વારા આ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. જંગલ વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થાનોમાં ૧૨ વર્ષથી નીચેના બાળકોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

એક તરફ સરકાર પ્રવાસનને વેગ આપી રહી છે, ત્યારે બીજી તરફ વન તંત્ર કાયદા બતાવી રહ્યું છે. આવા સમયે જો ભાવિકો પ્રવાસીઓને દર્શન કરવા જવું હોય તો બાળકોને ક્યાં છોડી જવા, તેવો મોટો સવાલ પ્રવાસીઓ અને ભાવિકોમાં ઉઠ્યો છે, જેને પગલે વન વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# જામનગરમાં માત્ર રૂ. ૨ હજારની ઉઘરાણીમાં આધેડનું ઢીમ ઢાળનાર ઝડપાયો

## ઘરમાં જ છરીના ઘા ઝીંકી હત્યા કરનાર હુસેન ઈસ્માઈલ સંધીને જેલ હવાલે કર્યો



**અબતક, જામનગર**

જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં માત્ર રૂ. ૨ હજારની ઉઘરાણી મામલે આધેડની હત્યા કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. માલુભાના ચોક નજીક પોતાના ઘરમાં રહેલા ચંદ્રસિંહ મેરૂજી રાઠોડ પર છરી વડે હુમલો કરી તેમની હત્યા નિપજાવવાના બનાવમાં પોલીસે આરોપીની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યો છે.

દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં. ૪૫ નજીક આવેલા સુભાષપરાની શેરી નં. ૧ પાસે માલુભાના ચોકમાં રહેતા ચંદ્રસિંહ મેરૂજી રાઠોડની ગત રવિવારે સાંજે છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ બનાવ અંગે લક્ષ્મીબેન લખુભાઈ ચૌહાણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદના આધારે જાણવા મળતી વિગતો મુજબ ચંદ્રસિંહે પોતાના મિત્ર હુસેન ઈસ્માઈલ સંધી પાસેથી કેટલીક રકમ હાથઉછીની લીધી હતી. આ રકમ પૈકી રૂ. ૨ હજારની ઉઘરાણી કરવા માટે હુસેન સંધી રવિવારે સાંજે ચંદ્રસિંહના ઘરે આવ્યો હતો. દરમિયાન બંને વચ્ચે ઉઘરાણી બાબતે બોલાચાલી થઈ હતી. વાત ઉગ્ર બનતાં હુસેન ઈસ્માઈલ સંધી ઉશ્કેરાઈ ગયો હતો અને છરી વડે ચંદ્રસિંહ પર હુમલો કર્યો હતો. છરીનો ઘા ગળાના ભાગે વાગતાં ચંદ્રસિંહ ગંભીર રીતે ઘવાયા હતા અને તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. દરમિયાન સિટી-સી ડિવિઝન પોલીસે હત્યાના ગુનામાં આરોપી હુસેન ઈસ્માઈલ સંધીની ધરપકડ કરી હતી. આરોપીની ધરપકડ બાદ તેને કોર્ટમાં રજૂ કરતાં જેલ હવાલે કરવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર: ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાઈ

**અબતક, જામનગર**



જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દરબારગઢ સર્કલ ખાતે વાહન ચકાસણી કરી રહ્યો હતો. તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ધુડાભાઈ મોરી, વિપુલભાઈ જગદીશભાઈ સોનગરા તથા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ડોડીયાને સંયુક્ત રીતે ખાનગી બાતમી મળી હતી કે નંબર પ્લેટ વગરનું શંકાસ્પદ મોટરસાયકલ લઈને સુભાષ શાક માર્કેટ તરફથી દરબારગઢ સર્કલ તરફ આવી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે કાળા રંગનું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ અટકાવી તેની તપાસ કરી હતી. મોટરસાયકલના ચેસીસ નંબર અને એન્જિન નંબરની ચકાસણી કરતાં તે વાહન ચોરીના ગુનાનું હોવાનું બહાર આવ્યું હતું.

આથી પોલીસે તોફીક દાઉદભાઈ જખરા, રેહાન હારૂનભાઈ બ્લોચને ઝડપી પાડ્યા હતા. પોલીસે રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૦-સીસી-૧૧૮૫ ધરાવતું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કબજે કરી તેની કિંમત રૂ. ૨૦,૦૦૦ આંકી હતી. આ અંગે જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ચોરીના વણશોધાયેલા ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલવામાં આવ્યો હતો. પોલીસ હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ ભરતસિંહ પરમારે બંને આરોપીઓની અટકાયત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી-વિસાવદર બ્રોડગેજની માંગ વચ્ચે 'વડાપ્રધાન મુલાકાત'ના ફોટાને લઈને વિવાદ

## મિશન બ્રોડગેજના આગેવાનોનો આક્ષેપ: વડાપ્રધાન સાથે મુલાકાતના નામે એઆઈથી બનાવેલા ફોટા ફરતા કરાયા; સમગ્ર મામલે સ્પષ્ટતા કરવાની માંગ




**અબતક મેહુલ ત્રિવેદી ધારી**

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધા શરૂ કરવાની માંગ સાથે અમરેલી બ્રોડગેજ કમિટી તથા ધારી-ચલાલા-વિસાવદરની જાગૃત જનતા દ્વારા છેલ્લા ઘણા સમયથી 'મિશન બ્રોડગેજ' નામનું બિનરાજકીય અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. લાખો લોકો માટે ઉપયોગી બને તેવી આ રેલવે સુવિધા ઉપલબ્ધ થાય તો ધારી, ચલાલા અને વિસાવદર સહિતના વિસ્તારોને સુરત, અમદાવાદ, વડોદરા અને મુંબઈ જેવા શહેરો સાથે વધુ સારી કનેક્ટિવિટી મળી શકે છે. સાથે જ વેપાર-ઉદ્યોગ અને સતાધાર ધામ, પરબધામ, તુલસીશ્યામ, આંબરડી સફારી પાર્ક, ખોડિયાર ડેમ સહિતના ધાર્મિક અને પ્રવાસન સ્થળોના વિકાસને પણ વેગ મળવાની આશા છે.


બ્રોડગેજની આ માંગને રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થાઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનું પણ સમર્થન મળી રહ્યું છે. આ દરમિયાન વિસાવદરના કેટલાક રાજકીય આગેવાનોનું પ્રતિનિધિમંડળ હરીદ્વાર દર્શન માટે ગયું હતું. આ પ્રવાસ અગાઉ પ્રતિનિધિમંડળ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ અમરેલી-વિસાવદર બ્રોડગેજ સહિત રેલવેના વિવિધ પ્રશ્નો અંગે લેખિત અને મૌખિક રજૂઆત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

જોકે, હરીદ્વારથી પરત ફરેલા પ્રતિનિધિમંડળ દ્વારા વડાપ્રધાન સાથેની મુલાકાતના ફોટા અને માહિતી પત્રકારોને મોકલવામાં આવ્યા બાદ સમગ્ર મામલે વિવાદ સર્જાયો છે. મિશન બ્રોડગેજ સાથે સંકળાયેલા આગેવાનોનો આક્ષેપ છે કે રજૂ કરવામાં આવેલા ફોટા વાસ્તવિક મુલાકાતના નહીં પરંતુ કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈની મદદથી તૈયાર કરવામાં આવેલા હોવાનું જણાય છે.

આ ફોટાઓ અંગે વધુ તપાસ કરતાં કેટલાક પ્રતિનિધિઓના ખિસ્સામાં મોબાઈલ ફોન દેખાતા હોવાનો તેમજ અલગ-અલગ ફોટાઓમાં ટૂંકા સમયગાળામાં વડાપ્રધાનના વસ્ત્રોના રંગમાં ફેરફાર જોવા મળતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બાબતોના આધારે ફોટાની પ્રામાણિકતા સામે સવાલો ઉઠાવી સમગ્ર મામલે સ્પષ્ટતા કરવાની માંગ કરવામાં આવી છે.

ધારી પત્રકાર સંઘના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ, મિશન બ્રોડગેજ સંપૂર્ણપણે બિનરાજકીય અભિયાન છે અને તેનો મુખ્ય હેતુ અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધા મેળવવાનો છે. આ સમગ્ર મામલે હકીકત જનતા સમક્ષ લાવવામાં આવશે અને જાહેર હિતની આ માંગને રાજકીય લાભ-શ્રેયથી ઉપર રાખીને આગળ ધપાવવામાં આવશે તેવી વાત તેમણે જણાવી હતી.

# 'અબતક'ના ફોટોગ્રાફર શૈલેષ વાડોલિયાના પિતાશ્રીનું નિધન: કાલે બેસણું



**રાજકોટઃ** મુળ મોટી ભલસાણ ગામ હાલ રાજકોટ નિવાસી નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા (ઉ.વ.૭૯) તે હરિભાઈના નાનાભાઈ, મગનભાઈ અને હેમંતભાઈના મોટાભાઈ, હસમુખભાઈ, રાજુભાઈ, 'અબતક' દૈનિકના ફોટોગ્રાફર શૈલેષભાઈ અને ભાવેશભાઈના પિતાશ્રી, કરણ, દર્શન, પાર્થ, દેવાંશ, જાનવી અને સોનલના દાદાનું તા. ૨૪ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ કલાક દરમિયાન નાગર બોર્ડિંગ ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલ સામે રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. હસમુખભાઈ મો. નં. ૯૮૨૫૨ ૪૧૮૫૯, રાજુભાઈ મો.નં. ૯૮૨૫૧ ૫૨૬૪૫, શૈલેષભાઈ મો. નં. ૯૮૯૮૧ ૪૪૮૦૫, ભાવેશભાઈ મો. નં. ૯૮૯૮૯ ૩૪૧૬૮ અને કરણભાઈ મો. નં. ૯૮૨૫૧ ૦૯૭૭૬ છે.

# ભાણવડ: સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી



**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ: ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા તાલુકા વહીવટી તંત્ર, ભાણવડ દ્વારા સંસ્કૃત ગૌરવ યાત્રા-૨૦૨૬નું ભવ્ય આયોજન તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાણવડ શહેરમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ભાણવડના મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર તેમજ સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્કૃત ભાષાના મહત્ત્વ, ગૌરવ તથા તેના સંવર્ધન અંગે પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓમાં ગૌરવ અને રસ વધે તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસાર અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી યોજાયેલી આ યાત્રામાં ભાણવડ શહેરની તમામ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ગીર ગઢડાના રસુલપરા ગામે જુગાર રમતા સાત શખ્સો પકડાયા

**અબતક, ઉના**

ગીર ગઢડા ના પોલીસ ઈન્સ્પેક્ટર કે. એ. ચાવડા અને હેડ કોન્સ્ટેબલ ચીરાગ અમરસિભાઈ બારડ, પોલીસ કોન્સ્ટેબલ હિરેન કિશોર ભાઈ મકવાણા, નલિન બાલાભાઈ સોલંકી પેટ્રોલિંગ માં હતા ત્યારે બાતમી મળી હતી કે રસુલપરા ગામ થી કોદીયા ગામ તરફ જતા રોડ ઉપર કનુભાઈ રામભાઈ કલસરિયા ની વાડી માં અમુક લોકો જુગાર રમતા હોય રેડ પાડતા કનુ રામભાઈ કલસરિયા, સવજી મેઘાભાઈ મકવાણા, પ્રવીણ રણછોડ કલસરિયા, નાથા હમીરભાઈ ગીજડા, લખમણ ખોડાભાઈ કલસરિયા, બાબુ કાળુ ગોહિલ રે. તમામ. છ એ રસુલપરા, દાદુ ભીમાભાઈ મકવાણા રે. કોદીયા કુલ સાત જુગારીઓ ને રૂપિયા ની હાર જીત નો તીન પત્તી નો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૩૯૬૦/ સાથે પકડી ગીર ગઢડા પોલીસ સ્ટેશન ખાતે લાવી જુગાર ધારા નો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# સનાતન ધર્મ સંસ્થાની સેવા ટ્રસ્ટ મહિલા સંગઠનની વાર્ષિક સભા મળી



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

સનાતન ધર્મના સર્વોચ્ચ ધર્મગુરૂ દ્વારકા પીઠના જગતગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજના આશિર્વાધ અને મુક્તાનંદજીબાપુ અખિલ ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ અને શ્રી સંભુ પંચ અગ્નિ અખાડાના સભાપતિના માર્ગદર્શન હેઠળ તેમજ સનાતન ધર્મ સંસ્થા ગુજરાત પ્રમુખ ઉષા કપુરના પ્રમુખ પદે સનાતન ધર્મ સંસ્થા સેવા ટ્રસ્ટ મહિલા સંગઠન સમિતિનું વાર્ષિક અહેવાલ મીટીંગ તા. ૨૩ ના રોજ પેથાપુર ગાંધીનગર મુકામે આયોજન કરવામાં આવેલ તેના નિયુક્ત હોદેદારો હાજર રહેલ તેમણે વર્ષ દરમિયાન કરેલા કાર્યોનું ખુબ સુંદર રીતે પ્રેજન્ટેશન કર્યુ મુકતાનંદજી બાપુ દ્વારા જૂનાગઢ જીલ્લા પ્રમુખ કૈલાસબેન વેગડાનું સન્માન કરવામાં આવેલ આ પ્રસંગે જૂનાગઢ શહેર ગ્રામ્ય પ્રમુખ મધુબેન હિતેષભાઈ જોષી તેમજ વંથલીના પ્રમુખ પ્રજ્ઞાબેન તથા વિસાવદરના પ્રમુખ રમીલાબેન મહેતા તથા નમ્રતાબેન જેઠવા તથા અન્ય બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપેલ અને બાપુના આશિર્વાદ લઈ ધન્યતા મેળવેલ.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ૧૦ કલાક વિજળી...

સદૈવ અડીખમ ઊભી છે; સિંચાઈ અને પીવાના પાણીની કોઈ પણ સમસ્યા ઊભી ન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. યોગ્ય જળ વ્યવસ્થાપન દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો અને ખેતરો સુધી પાણી પહોંચાડીને પાકને આર્થિક નુકસાનથી બચાવવામાં આવશે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેતીવાડી માટે હાલમાં રોજના ૮ કલાક નિયમિત અને ગુણવત્તાસભર વીજળી પૂરી પાડવામાં આવી રહી છે, જેથી સિંચાઈમાં કોઈ અવરોધ ન આવે.

સ્થાનિક ભૌગોલિક સ્થિતિ અને જરૂરિયાતને ધ્યાને રાખીને, સરકારે ત્વરિત નિર્ણય લઈને ૭ જિલ્લાઓ (અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ)માં ૧૦ કલાક વીજળી આપવાનું શરૂ કરી દીધું છે.

અમે માત્ર ૭ જિલ્લાઓ પૂરતા મર્યાદિત નથી. રાજ્યના અન્ય કોઈ પણ જિલ્લામાં જો પાક માટે કે પાણી માટે વધુ વીજળીની જરૂરિયાત ઊભી થશે, તો ત્યાં પણ ૧૦ કલાક વીજળી આપવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

### ખાંડ મિલો પાસે...

રીતે જોડાયેલા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨.૦૬ લાખ મેટ્રિક ટન શેરડીનું પિલાણ દ્વારા ૭.૬૬ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન થયું હતું. જેની સામે શેરડીના ખેડૂતોને રૂ. ૩,૦૭૦ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. રાજ્યનો સરેરાશ રીકવરી દર પણ ૧૦.૬૪% રહ્યો છે. શેરડી માટે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રૂ. ૩,૫૫૦ પ્રતિ મેટ્રિક ટનના ફેર એન્ડ રેમ્યુનિરેટિવ પ્રાઈઝ સામે ગુજરાતની સહકારી મંડળીઓએ ખેડૂતોને રૂ. ૩,૯૦૦ થી રૂ. ૪,૫૦૦ પ્રતિ મેટ્રિક ટન જેટલા ઊંચા અને પ્રોત્સાહક ભાવો ચૂકવ્યા છે. સહકારી ખાંડ મિલોને સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી સાકર યોજના, બાયો પ્રમોશન અને કેપિટલ સબસિડી જેવી વિશેષ સહાય યોજનાઓ અંગે પણ પ્રતિનિધિમંડળને માહિતી આપવામાં આવી હતી. આસામના સહકાર મંત્રી કૌશિક રાયે ગુજરાતના સહકારી મોડેલ, પારદર્શી વહીવટ અને ખેડૂતોને આપાતા મહત્તમ ભાવોની સરાહના કરી હતી અને આસામમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત કરવા ગુજરાતના આ અનુભવોનો ઉપયોગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### શ્રાવણ ઉત્સવ...

સ્વ-સહાય જૂથો (સખી મંડળો) દ્વારા ઉત્પાદિત વિવિધ ખાદ્ય ઉત્પાદનો, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, પરંપરાગત વસ્ત્રો, પૂજન સામગ્રી, ઘર સજાવટની વસ્તુઓ તેમજ અન્ય સ્થાનિક ઉત્પાદનોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા હેતુથી મેળાઓમાં સ્ટોલની ફાળવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન સખીમંડળની બહેનોને પ્રોત્સાહન સ્વરૂપે નાણાકીય સહાયના ચેકનું પણ વિતરણ કરવામાં આવશે.

રાજકોટ અને ઘેલા સોમનાથમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઘેલા સોમનાથ ખાતે આવતીકાલથી પાંચ દિવસ માટે મેળો ચાલશે. જ્યારે રાજકોટમાં તા.૨ થી ૬ સપ્ટેમબર રેસકોર્સ ખાતે મેળો યોજવા જઈ રહ્યો છે.

રાજકોટ ખાતે આયોજિત મેળામાં સખી મંડળોની બહેનોને ૪૦ સ્ટોલ તેમજ ઘેલા સોમનાથ ખાતે ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે. તે સિવાય પોરબંદરના મેળામાં ૬૫ સ્ટોલ, ગીર સોમનાથમાં ૨૦ સ્ટોલ, દેવભૂમિ દ્વારકામાં ૨૦ સ્ટોલ ફાળવામાં આવશે. આ ઉપરાંત ભાવનગર ખાતે નિષ્કલંક મહાદેવના મેળામાં ૨૦ સ્ટોલ તેમજ નર્મદા જિલ્લામાં નીલકંઠધામ, પોઈચા ખાતે પણ ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે. ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા સખી મંડળની બહેનોને નિઃશુલ્ક સ્ટોલ ઉપરાંત તેઓને રહેવા, જમવાની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે. વધુમાં સખી મંડળની બહેનોને આવવા જવા માટે ભાડું પણ આપવામાં આવે છે. આમ સખીમંડળની બહેનો અન્ય કોઈ ખર્ચ વગર તેમની વસ્તુનું સારી રીતે વેચાણ કરી શકે છે.

### આણંદના ધુવારણ...

છે. આ રોકાણ પૂર્ણ થતાં તે ગુજરાતના ઊર્જા ક્ષેત્રમાં થયેલા સૌથી મોટા રોકાણો પૈકીનું એક સાબિત થશે. રાજ્યમાં ઝડપથી વિકસી રહેલા સેમિકન્ડકટર ઉત્પાદન, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક મોબિલિટી જેવા વધુ વીજ વપરાશ ધરાવતા ઉદ્યોગોને કારણે ભવિષ્યમાં વીજળીની માંગમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં ધુવારણ ખાતે ૧,૧૦૦ હેક્ટર જમીન ઉપલબ્ધ કરવામાં આવી છે. આ પ્લાન્ટની સાથે સ્થપાનારા પરમાણુ ઈંધણ સંકુલ માટે કેન્દ્ર સરકારની ટીમે સ્થળની પ્રાથમિક મુલાકાત પણ પૂર્ણ કરી લીધી છે. પ્રોજેક્ટ માટે સાઈટની ભૌગોલિક સ્થિતિ, ભૂકંપ પ્રતિકારક ક્ષમતા, જમીનની ગુણવત્તા અને ઠંડક માટેના પાણીની ઉપલબ્ધતા અંગે વિગતવાર અભ્યાસ ચાલી રહ્યો છે. પરમાણુ ઊર્જા વિભાગ (ડીએઈ) સાથેની ચર્ચાઓ મુજબ સ્વદેશી પ્રેસરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર (પીએચડબલ્યુઆર) તેમજ પ્રેસરાઈઝ્ડ વોટર રિએક્ટર્સ (પીડબલ્યુઆર) ટેકનોલોજીના ઉપયોગ પર વિચારણા ચાલી રહી છે. રાજ્ય સરકારે પ્રોજેક્ટની શક્યતાઓ ચકાસવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિ (એચપીસી) અને કારોબારી સમિતિની રચના કરી છે, જેની બે બેઠકો પણ મળી ચૂકી છે. આ પ્રોજેક્ટને મંજૂરી મળતાં ગુજરાતના વર્તમાન પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં મોટો વધારો થશે. હાલમાં તાપી જિલ્લામાં સ્થિત કાકરાપાર પરમાણુ ઊર્જા મથક (કેએપીએસ) ખાતે ૨૨૦ મેગાવોટના ૨ યુનિટ અને ૭૦૦ મેગાવોટના સ્વદેશી ટેકનોલોજી ધરાવતા ૨ યુનિટ મળીને કુલ ૧,૮૪૦ મેગાવોટની સંયુક્ત ક્ષમતા કાર્યરત છે. ધુવારણ પ્રોજેક્ટ કાર્યરત થવાથી રાજ્યમાં હરિયાળી અને સ્વચ્છ ઊર્જાની આધારભૂત ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થશે.

### પોરબંદર...

અકબર સેલોટ ૧૨ વર્ષથી વધુ સમયથી પોરબંદરમાં વકીલાત કરી રહ્યા છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સેવાઓ આપે છે. તેમને નિયમિત જામીન મળ્યા હોવા છતાં, પોરબંદરની સ્થાનિક પોલીસે સંકેત આપ્યો હતો કે તેમની સામે નોંધાયેલી બે ફરિયાદના આધારે તેમની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. કેસની સુનાવણી બાદ, હાઈકોર્ટની બેન્ચે સરકારી વકીલને તપાસ કરવા કહ્યું હતું કે શું સંબંધિત સત્તાવાળાઓએ વકીલ સામે પાસા હેઠળ કોઈ કાર્યવાહી શરૂ કરી છે કે કેમ. અકબર સેલોટની અરજી સ્વીકારીને હાઈકોર્ટે તેમની અટકાયત પર રોક લગાવી હતી. કોર્ટે આદેશ આપ્યો હતો કે, ‘‘સત્તાવાળાઓને અકબર સલાટ સામે પાસા અધિનિયમ હેઠળ અટકાયત દ્વારા કોઈ પણ કડક કાર્યવાહી કરતા આગામી આદેશ સુધી રોકવામાં આવે છે.‘‘આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બર માટે મુકરર કરવામાં આવી હતી.

### 'આપ'ના સપના...

સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી ધીરે-ધીરે વધુ મજબૂત બની રહી છે અને સંગઠનના વિસ્તરણનું કામ સતત આગળ વધી રહ્યું છે. ગુજરાતના ૫૦ હજારથી વધુ બૂથો પર મજબૂત સંગઠન ઊભું કરવાના સંકલ્પ સાથે પાર્ટી સતત મહેનત કરી રહી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ સ્તરે જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આજે કેટલાક જિલ્લા પ્રમુખો, લોકસભા ઈન્ચાર્જ, લોકસભા સંગઠન મંત્રીઓ તેમજ પ્રદેશ સ્તરની મહત્વની જવાબદારીઓ માટે સાથીઓની નિમણૂક કરવામાં આવી રહી છે. મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવી રહી છે. પાર્ટીનો હેતુ ગુજરાતના સામાન્ય અને મહેનતુ લોકોનો અવાજ બનીને જનતાની સરકાર સ્થાપિત કરવાનો છે. દરેક નવા જવાબદારોને સંગઠનના વિસ્તરણ, જનસંપર્ક અને પક્ષને બુથ સ્તર સુધી મજબૂત બનાવવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતમાં પરિવર્તન માટે આમ આદમી પાર્ટી આગામી સમયમાં વધુ આક્રમક રીતે જનહિતના મુદ્દાઓ ઉઠાવશે અને સામાન્ય માણસની સરકાર બનાવવાના સંકલ્પ સાથે આગળ વધશે.

### અંબાજી...

ચાચર ચોકમાં માતાજીની આરાધના એટલે કે ગરબા કરવા હોય તો પણ વેપારીકરણ થઈ ગયું છે અને ૧૫૦૦ રૂપિયા ફરજિયાત વહીવટદાર ભરાવે છે. વળી આ પાવતીમાં સૌથી છેલ્લે જે લખેલું છે તે દરેક સનાતન ધર્મીઓની આસ્થાને ઠેસ પહોંચાડે તેવું છે જેમાં લખ્યું છે કે, વેચેલો માલ પાછો લેવામાં નહીં આવે. હજી સુધી આ ૧૫૦૦ રૂપિયા ઉપર જીએસટી લગાવવામાં નથી આવ્યો તેના માટે મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** ગં. સ્વ. અનસુયાબેન બાબુલાલ દવે ઉ.વ. ૮૯ તે સ્વ. બાબુલાલ લાભશંકર દવેના ધર્મપત્ની તથા વિશ્વનાથ પ્રાણજીવન વ્યાસના પુત્રી તેમજ જયેશભાઈ, તુષારભાઈ તથા હરેશભાઈ દવે (એડવોકેટ)ના માતાનું તા. ૨૫-૦૮-૨૦૨૬, મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૭-૦૮-૨૦૨૫, ગુરુવારનોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે ઉમા સદન, ઉમા પાર્ક, શેરી નં. ૩, જે.કે. ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે તથા પિયર પક્ષની સાદડી સાથે રાખવામાં આવેલ છે.

**વાંકાનેર :** વાંકાનેર નિવાસી લુહાર રમણીકલાલ લવજીભાઈ (ઉ.વ.૬૭) તે પ્રકાશભાઈના પિતા તથા મનહરભાઈ તથા છોટુભાઈના ભાઈનું તા. ૨૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે મચ્છુ કઠિયા લુહાર જ્ઞાતિની વાડી નેશનલ હાઈવે વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજકોટ :** નૌતમભાઈ દયાણજીભાઈ માણેક(સી.એ.) તે અ.સૌ.સ્વ. રસીલાબેન ના પતિ, તે પ્રતિક, સોનલ, રૂપલના પિતાનું તા. ૨૪-૦૮-૨૦૨૬ સોમવારે અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા.૨૭-૦૮-૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે.

**રાજકોટ :** મોરબી નિવાસી હાલ રાજકોટ મુકેશભાઈ મહેન્દ્રભાઈ ઝાટકિયા ઉ.વ ૬૬ તે સ્વ.માલતીબેનના પતિ, કરનભાઈ, રવિભાઈના પિતા, શૈલેષભાઈ, જયશ્રીબેન કોઠારી ના ભાઈ, સ્વ નવરંગલાલ ઝવેરચંદ બાટવીયાના જમાઈનુ તારીખ ૨૪-૦૮ ૨૦૨૬ના અવસાન થયેલ છે. સદગતનુ ઉઠમણું તારીખ ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવારના સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે શેઠ ઉપાશ્રય, પ્રસંગ હોલ વાળી શેરી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે

**રાજકોટ :** સ્વ. અમરશીભાઈ નાગજીભાઈ શીંગાળાના પૌત્ર તથા સ્વ.મણીલાલ અમરશીભાઈ શીંગાળાના પુત્ર ગુણવંતરાય મણીલાલ શીંગાળા (ઉ.વ.૭૫) તે મલયભાઈ તેમજ ચાર્મીબેનના પિતા તથા સ્વ. જયસુખલાલ, પ્રવિણભાઈ, હંસાબેન પ્રવિણકુમાર ઉનડકટ (તાલાલા)ના ભાઈ, સ્વ. રતિલાલભાઈ ચત્રભુજભાઈ જીવરાજાની (ગોંડલ)ના જમાઈ તા.૨૪-૮-૨૦૨૬, સોમવારે અવસાન પામેલ છે. ઉઠમણું / પીયરપક્ષની સાદડી તા.૨૭-૮-૨૦૨૬ ગુરૂવાર સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કલાકે સ્થળ : ૧૧-કરણપરા, રાજહંસ એપાર્ટમેન્ટ, રાજકોટ.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગોડ માળવિય બ્રાહ્મણ સ્વ. શિવલાલ કાશીરામ જોશી (મૂળ ચકરગઢ) હાલ રાજકોટ ના સુપુત્ર સ્વ. પ્રવીણભાઈ શિવલાલ જોશી (ઊં. વ.૮૦ )તે ભૂપતભાઈ, હસમુખભાઈ, સ્વ. ધીમંતભાઈ ના લઘુબંધુ અને ભરતભાઈ, વિનોદભાઈ અને પુષ્પાબેન જોશીના મોટાભાઈ તથા સ્વ. અમૃતલાલ પુરષોતમ જોશી (ચારણીયા)ના જમાઈ તેમજ સ્વ. રમણીકભાઈ, સ્વ. જીતુભાઈ , કિશોરભાઈના બનેવી અને હાર્દિક , હિમાંશુ , દીપ્તિબેન અને બિન્દુ બેનના પિતાશ્રી,હિરેનભાઈ, સંદીપભાઈના સસરા,જશ અને અન્વીના દાદાનું તા. ૨૩ના રોજ અવસાન થયું છે.

બને પક્ષ નું બેસણું તથા ઉઠમણું તા.૨૭ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ સ્વસ્તિક હાઈલેન્ડ , જલારામ ચોક, ડ્રીમસિટી મેઈન રોડ, સોપાન લક્ઝુરિયા પાછળ, રૈયા હિલ તેમના નિવાસ્થાન એ રાખેલ છે .

હાર્દિકના મો.નં.૯૫૮૬૮ ૪૦૪૩૦ અને હિમાંશુના મો. નં .૯૮૨૪૮ ૩૨૫૩૩ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બગસરા શરાફી મંડળીએ રૂ.૧૦ લાખના સોનાના દાગીના ગ્રાહકને પરત સોંપી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું

## લોકર ઓપરેટ કરતા કર્મચારીઓને લોકરની બહાર પડેલા ઘરેણાં મળ્યા: શાખા મેનેજર અને અધિકારીઓને જાણ કરી એક મહિના બાદ ગ્રાહકને સંપૂર્ણ દાગીના પરત કર્યા



**અબતક, રાજકોટ**

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની બગસરા શાખાએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મંડળીની લોકર સુવિધાના ૧૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર બનેલી ઘટનામાં લોકરની બહાર પડેલા આશરે રૂ.૧૦ લાખના સોનાના ઘરેણાં કર્મચારીઓએ સુરક્ષિત રાખી ગ્રાહકને પરત કર્યા હતા.બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સ્થાપનાને ૪૨ વર્ષ પૂર્ણ થયા છે, જ્યારે મંડળીમાં છેલ્લા ૧૩ વર્ષથી લોકર સુવિધા કાર્યરત છે. મંડળીના સભાસદ મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ જીવાણી પોતાના અંગત દસ્તાવેજો લોકરમાં રાખવા આવ્યા હતા. અગાઉ લોકર ખોલ્યું ત્યારે સોનાના ઘરેણાં લોકરની અંદર રાખવાને બદલે લોકરની ઉપર જ રહી ગયા હતા અને તેઓ ધ્યાન બહાર નીકળી ગયા હતા.

દરમિયાન લોકર ઓપરેટ કરતા કર્મચારી વસીમ હાલા અને રવિ વ્યાસ અન્ય ગ્રાહકને લોકર ખોલી આપવા ગયા ત્યારે તેમના હાથમાં આ સોનાના ઘરેણાં આવ્યા હતા. બંને કર્મચારીઓએ તાત્કાલિક શાખા મેનેજર હેમેન્દ્ર કટેસિયા તથા મંડળીના જનરલ મેનેજર નિતેશ ડોડીયા અને સેક્રેટરી ડી.જી. મહેતાને જાણ કરી હતી.

આ ગંભીર બાબતની જાણ મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાને કરવામાં આવી હતી. આવે ત્યારે જરૂરી ચોકસાઈ કર્યા બાદ ઘરેણાં પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ઘટનાના આશરે એક મહિના બાદ સભાસદ મહેન્દ્રભાઈ જીવાણીએ મંડળીના ચેરમેન સમક્ષ પોતાના ઘરેણાં ગુમ થયાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ લોકર ઓપરેટર, શાખા મેનેજર, જનરલ મેનેજર, સેક્રેટરી તથા મંડળીના અધિકારીઓએ સમયસૂચકતા દાખવી સોનાના ઘરેણાંને સુરક્ષિત રીતે સીલ પેક કરી રાખ્યા હતા. ગ્રાહક દ્વારા કોઈ ફરિયાદ કે દાવો કરવામાં મંડળીના ડિરેક્ટરો મહેશભાઈ વ્યાસ અને પ્રકાશભાઈ ભરખડાએ સભાસદ પાસેથી ઘરેણાં અંગેની સંપૂર્ણ માહિતી મેળવી જરૂરી ખરાઈ કરી હતી.ખરાઈ બાદ મંડળી દ્વારા આશરે રૂ.૧૦ લાખની કિંમતના સંપૂર્ણ સોનાના ઘરેણાં તેમના સાચા માલિક મહેન્દ્રભાઈ જીવાણીને પરત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓની આ નૈતિકતા અને પ્રામાણિકતાને પગલે મંડળીના બંને લોકર ઓપરેટર વસીમ હાલા અને રવિ વ્યાસને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના કર્મચારીઓએ રૂપિયા ૧૦ લાખના સોનાના ઘરેણાં પરત કરી સહકારી ક્ષેત્રમાં વિશ્વાસ, નૈતિકતા અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# બગસરાના રકતદાતા ધનશ્યામ બિરલાનું શિવા ગ્રૂપ દ્વારા સન્માન

## પર્યાવરણ પ્રેમી ચેતન દેવલુકનું પણ અદકેરૂ સન્માન



**અબતક, રાજકોટ**

બગસરા મૂકામે છગનભાઈ ગાંડાભાઈ વસાણી ટ્રસ્ટ દ્વારા શૈક્ષણીક સમારોહ સાથે વિધાર્થી સમ્માન સમારોહ અત્રેના રામદેવપીર મંદીર ખાતે ટ્રસ્ટના પ્રમૂખ ધનશ્યામભાઈ વસાણી-બિરલા ના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમા બગસરા તાલુકાના ધો. ૯ થી ૧૨ સૂધીના સાયન્સ તેમજ કોમૅસ ફેકલટીના વિધાર્થીઓને સન્માનિત કરવામા આવેલ. આ તકે ધનશ્યામભાઈ વસાણી દ્વારા ૧૦૮ વખત રકતદાન કરવાના અવસરે શિવાગ્રૂપ-બગસરાના પ્રમૂખ નિતેષ ડોડીઆ દ્વારા સન્માનિત કરવામા આવેલ આ તકે નગરપાલિકાના પ્રમૂખ નિરવભાઈ ગોંડલીયા તેમજ પર્યાવરણ પ્રેમી ચેતનભાઈ દેવલૂકનૂ અદકેરૂ સન્માન સંસ્થા દ્વારા કરાયેલ. આ

તકે બગસરાના વિવિધ રાજકીય. સામાજીક. આગેવાનો ઊપસ્થીત રહેલ હતા.

# ધોરાજી: ભુતવડ ખાતે તાલુકા કક્ષાના ૭૭માં વન મહોત્સવમાં પર્યાવરણ સંરક્ષણનો સંદેશ અપાયો

## મહાનુભાવો અને ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંકલ્પ કર્યો



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી તાલુકાના ભુતવડ ખાતે આજરોજ ધોરાજી તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન ધોરાજી તાલુકા પંચાયતના પ્રમુખ કિરણબેન દિલીપભાઈ ટાંક દ્વારા સંભાળવામાં આવ્યું હતું.

વન મહોત્સવના આ કાર્યક્રમમાં ધોરાજી તાલુકા પંચાયતના સભ્યો, ધોરાજી નગરપાલિકાના પ્રમુખ તથા નગરપાલિકાના સભ્યો, ધોરાજી શહેર તેમજ તાલુકા ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ભુતવડ સહિત આસપાસના ગામોના સરપંચો, ગ્રામજનો તેમજ ભારતીય જનતા પાર્ટીના સિનિયર અને જુનિયર કાર્યકર્તાઓએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ કરી વધુમાં વધુ વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરવા તથા હરિયાળું ગુજરાત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત

# ડુમિયાણી બી.આર.એસ કોલેજ ખાતે ગૌરવ યાત્રા અને વ્યાખ્યાનમાં સંસ્કૃતમય વાતાવરણ સર્જાયું



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

પીપલ્સ વેલફેર સોસાયટી સંચાલિત બી.આર.એસ. કોલેજ, ડુમિયાણી ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંસ્કૃત પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધે તે હેતુથી વ્યાખ્યાન તથા ગૌરવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વ્યાખ્યાતા તરીકે ઈવા આયુર્વેદિક કોલેજ, સુપેડીના સંસ્કૃત વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર હિરેનભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના રસપ્રદ અને જ્ઞાનસભર વક્તવ્યમાં સંસ્કૃત ભાષાનું મહત્વ, તેની પ્રાચીનતા અને ભારતીય સંસ્કૃતિમાં રહેલા તેના અમૂલ્ય યોગદાન વિશે સુંદર રીતે સમજણ આપી હતી. વકતવ્ય દરમિયાન તેમણે 'અવનીતલ પુનરાવર્તીણા' ગીતનું સૌ સાથે સમૂહગાન કરાવી કાર્યક્રમમાં સંસ્કૃતમય વાતાવરણ સર્જ્યું હતું.

હિરેનભાઈ ભટ્ટે સંસ્કૃત સાહિત્યના સમૃદ્ધ વારસાની વાત કરતાં સંસ્કૃતનાં અઢાર મહાપુરાણો વિશે વિસ્તૃત માહિતી આપી હતી, તેમજ પ્રાચીન ભારતના ઋષિ-મુનિઓના જ્ઞાન, તપ અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં તેમના પ્રદાન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમના પ્રેરણાદાયી વક્તવ્યથી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે વધુ રસ અને જિજ્ઞાસા જાગી હતી.

કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય ડો.ઘનશ્યામસિંહ ગોહિલ સર એ ઉપસ્થિત મહેમાન તથા સૌ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણનું શબ્દોથી હાર્દિક સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત બોર્ડના નોડલ અધિકારી ડો.પારૂલ ખાંટ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડો.ઉર્વિશા નિમાવત દ્વારા કરવામાં આવી હતી.

# ગાંધીધામ ગુરુદ્વારામાં આદિપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓનું સન્માન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ગુરુદ્વારા ખાતે ગુરુનાનકસિંઘ સભા દ્વારા આદિપુર પોલીસ મથકના એમ.સી. વાળા તથા આર.એમ.ડુવા અને તેમની સમગ્ર ટીમની ઉત્તમ કામગીરી બદલ બંને અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરુનાનકસિંઘ સભાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ અધિકારીઓને નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ અભિનંદન પાઠવી તેમના કાર્યની પ્રશંસા કરી હતી.

# અમરેલી: ભાવ વધારા સામે 'આપ'ના કાર્યકરોએ ચપટી ખાંડનું કર્યુ વિતરણ

## કાર્યકર્તાઓએ મોંઘવારી મુદ્દે વિરોધ કરી લોકોનું ધ્યાન દોર્યું



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ખાંડના વધતા ભાવને લઈને સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવા અને સરકારનું ધ્યાન મોંઘવારીના મુદ્દા તરફ દોરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી શહેરમાં અનોખો જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન આપના કાર્યકર્તાઓએ લોકોને પ્રતિકાત્મક રીતે ચપટી-ચપટી ખાંડનું વિતરણ કરી સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો.

અમરેલી આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા અમરેલી વિધાનસભા પ્રભારી નિકુંજ સાવલિયાની હાજરીમાં કાર્યકર્તાઓએ બજારમાં અને લોકો વચ્ચે જઈને ખાંડના ભાવવધારાની અસર અંગે સંવાદ કર્યો હતો. રોજિંદા જીવનમાં અનિવાર્ય ગણાતી ખાંડના વધતા ભાવથી સામાન્ય પરિવારના ઘરખર્ચનું બજેટ કેવી રીતે પ્રભાવિત થાય છે તે અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ઉના: ગાંધી કન્યા હાઈસ્કુલમાં સંસ્કૃત ગૌરવ યાત્રામાં વિદ્યાર્થિનીઓ ઉત્સાહભેર જોડાઈ



**અબતક, ઉના**

ગાંધી કન્યા હાઈસ્કૂલ, ઉના ખાતે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા કેળવણી મંડળના પ્રમુખ જીતુભાઈ શેઠ, ચંદુભાઈ છગ, સી.આર.સી. દિલીપભાઈ પરમાર, દીપક ભાઈ મકવાણા અને શાળા સંકુલના કન્વીનર દીપ્તિબેન ગૌસ્વામીની પ્રેરક ઉપસ્થિતિ તથા માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આ ગૌરવ યાત્રાનું સફળ સંચાલન સંસ્કૃત વિષયના શિક્ષકો કુ. સવિતાબેન વઢવાણા તથા શ્રીમતી અનિલાબેન જોશીની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### 'સંસ્કૃત સપ્તાહ' નિમિત્તે ગૌરવ યાત્રા યોજાઈ

# સાવરકુંડલા: ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે માર્ગો પર ગુંજ્યો સંસ્કૃત ભાષાનો નાદ



**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

ભારતીય સાંસ્કૃતિક વારસાની ધરોહર સમાન સંસ્કૃત ભાષાનું મહત્વ આધુનિક યુગમાં પણ જળવાઈ રહે અને યુવા પેઢી તેનાથી સુપેરે પરિચિત થાય તેવા શુભ આશય સાથે સાવરકુંડલા ખાતે 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત એક અદભુત અને ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવ યાત્રાનો શુભારંભ સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતેથી કરવામાં આવ્યો હતો. યાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરીને પ્રજાજનોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ સાંસ્કૃતિક યાત્રામાં ૭૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ પૂર્ણ ઉત્સાહ અને શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો.

### એકતાના પ્રતિક સમા દિપમાળા પ્રસંગે

# જૂનાગઢના ઉપલા દાતારમા દીપ સે દીપ જ્યોત જલાવી એકતાનો સંદેશ અપાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં મહાપર્વ ઉર્સના ગઈકાલે ત્રીજા દિવસે દાતારની જગ્યા ખાતે દીપમાળા મહેંદીનો કાર્યક્રમ યોજાયો હતો. ગુફાની અંદર જે અખંડ જ્યોત જલી રહી છે એની જ્યોતથી આખી જગ્યામાં ભાવિકો દ્વારા દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા અને આખી જગ્યાને રોશનીથી જળહળી ઉઠી હતી.

જગ્યાના મહંત ભીમ બાપુ દ્વારા આ દિવસે દીપ સે દીપ જલાઓના સંદેશ સાથે સર્વે જનની સુખાકારી અને સમગ્ર દેશમાં સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. દીપમાળાના આ પાવન પ્રસંગે ઉપલા દાતારની જગ્યાના મહંત દ્વારા જગ્યામાં પધારેલા ભાવિક ભક્તોના હાથે દરેક જગ્યાએ દીપ પ્રગટાવી હજારો દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા અને આખી જગ્યા રોશનીથી જળહળી ઊઠી હતી. તમામ લાઈટો બંધ કરી અને આ સુંદર મજાનો નજારો ઉપસ્થિત ભાવિકોએ નિહાળીઓ હતો. ત્યારબાદ દરેક ભાવિકો માટે ચોખા ઘીના સિરોનો પ્રસાદ અને કાજુ, બદામ, કીસમીસ ડ્રાઈફ્રુટનો પ્રસાદ બધાને અર્પણ કરાયો હતો.

# વેરાવળ: ક્ષાર અંકુશ પેટા વિભાગની કચેરી સ્થળાંતરિત કરાઈ

## ૮૦ ફૂટ રોડની બાજુમાં અંકુર એપાર્ટમેન્ટના પ્રથમ માળે કાર્યરત થઈ કચેરી

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

કાર્યપાલક ઈજનેર, ગીર સોમનાથ સિંચાઈ વિભાગ, વેરાવળ હસ્તકની નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ક્ષાર અંકુશ પેટા વિભાગ, વેરાવળની કચેરી નવા સરનામે કાર્યરત થઈ છે.

કાર્યપાલક ઈજનેર, ગીર સોમનાથ સિંચાઈ વિભાગ, વેરાવળ હસ્તકની નાયબ કાર્યપાલક ઈજનેર, ક્ષાર અંકુશ પેટા વિભાગ, વેરાવળની કચેરી રુદ્રાક્ષ સ્કવેર, દુકાન નંબર બી/૩૦૭, બંદર રોડ, લાઈબ્રેરી સામે, ટાવર ચોકની બાજુમાં, વેરાવળ ખાતે કાર્યરત હતી.

આ કચેરી હવે અંકુર એપાર્ટમેન્ટ, પ્રથમ માળ, તુલસી ડાયનિંગ હોલની સામે, ૮૦ ફૂટ રોડની બાજુમાં, મહિલા કોલેજ રોડ, વેરાવળ ખાતે કાર્યરત થઈ છે. પત્રવ્યવહાર અને કચેરીના કામકાજ અર્થે ફોન નંબર ૦૨૮૭૬-૨૯૬૨૫૦ ઉપર સંપર્ક સાધવા ક્ષાર અંકુશ પેટા વિભાગ નાયબ કાર્યપાલક ઈજનેરની એક યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે કાલે લાઈસન્સી સર્વેયર માટે ભરતી મેળો

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગીર સોમનાથ અને જિલ્લા જમીન દફતર નિરીક્ષકની કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ ઓગસ્ટના રોજ ઈણાજ જિલ્લા સેવા સદન ખાતે લાઈસન્સી સર્વેયર માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે.

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, રુમ નં. ૩૧૦/૩૧૨, બીજો માળ, જિલ્લા સેવા સદન, તાલાલા-વેરાવળ રોડ, ઈણાજ ખાતે તા. ૨૭ ઓગસ્ટના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઔદ્યોગીક રોજગાર ભરતી મેળો યોજાશે.

આ ભરતી મેળામાં જિલ્લા જમીન દફતર નિરીક્ષકની કચેરી-ગીર સોમનાથ દ્વારા લાઈસન્સી સર્વેયર (સર્વેયર કામગીરી/જમીન માપણીનો અનુભવ) માટે આઈ.ટી.આઈ સર્વેયર/ ડિપ્લોમા (સિવિલ), બી.ઈ. (સિવિલ) ઓટોકેડ અને કોમ્પ્યુટરના જાણકાર તેમજ ઉંમર ૧૮ થી ૪૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. આ એક ઓપન જોબફેર છે. જેથી કોલ લેટર ન મળેલા અને રોજગાર નોંધણી ન કરાવેલા ઉમેદવારો પણ શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદામાં આવતા હોય તો સ્વખર્ચે હાજર રહી શકશે.

જોબફેરમાં લાયકાત-અનુભવના પ્રમાણપત્રો, લિવિંગ સર્ટિફિકેટ, માર્કશીટ, આધારકાર્ડ-ચૂંટણીકાર્ડ અને ચાર નંગ પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ તથા બાયોડેટા સાથે ઉપસ્થિત રહેવું.

# વેરાવળમાં કાલે સંસ્કૃત ગૌરવ યાત્રા

## ડો.બાબાસાહેબ આંબેડકર ગાર્ડનથી પ્રસ્થાન કરી સંસ્કૃત યુનિવર્સિટી સુધી યોજાશે સંસ્કૃત ગૌરવ યાત્રા

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લામાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા પ્રેરિત અને ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૨૫ ઓગસ્ટ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

આ મહોત્સવ અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટના મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ડો.બાબા સાહેબ આંબેડકર ગાર્ડનથી પ્રસ્થાન કરી શ્રી સંસ્કૃત યુનિવર્સિટી સુધી ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાશે.

સંસ્કૃત આપણી ગૌરવશાળી ભાષા અને સમૃદ્ધ સંસ્કૃતિને જન-જન સુધી પહોંચાડવાના પવિત્ર હેતુથી યોજાયેલી આ યાત્રામાં સંસ્કૃત ભાષાની વિવિધ ઝાંખીઓ, ભારતીય સંસ્કૃતિ અને પરંપરા, વેદ-શાસ્ત્રો, કર્મકાંડ વિજ્ઞાન, જ્યોતિષ વિજ્ઞાન, આયુર્વેદ તથા સંસ્કૃતના જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રેરહેલા અમૂલ્ય યોગદાનને દર્શાવવામાં આવશે. આ સંસ્કૃત ગૌરવ યાત્રામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સંસ્કૃત પ્રેમીઓને ઉત્સાહપૂર્વક જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભારતે લંકાને ફોલોઓન આપ્યું, પ્રથમ ઈનિંગમાં લંકા ૨૯૦માં ધરાશાયી

## સોનલ દિનુષાની સદી પણ લંકા ફોલોઓન ના ટાળી શક્યું: ભારત તરફથી માનવ-પ્રસિદ્ધને ૩-૩ જયારે સારાંશને બે અને સિરાઝ-જાડેજાને એક-એક વિકેટ મળી



**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયા અને શ્રીલંકા વચ્ચે કોલંબોમાં બીજી ટેસ્ટ રમાઈ રહી છે. મેચનો ચોથો દિવસ છે. ભારતીય ટીમે પોતાનો પહેલો દાવ ૫૦૩/૯ પર ડિકલેર કર્યો હતો. આ દરમિયાન શ્રીલંકાની ટીમ પોતાની પહેલી ઈનિંગમાં ૨૯૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને તેમને ફોલોઓન કરવાની ફરજ પડી હતી. ભારત પાસે ૨૧૩ રનની લીડ છે. ભારત તરફથી માનવ-પ્રસિદ્ધને ૩-૩ જયારે સારાંશને બે અને સિરાઝ-જાડેજાને એક-એક વિકેટ મળી હતી.

શ્રીલંકા ફોલો-ઓન ટાળી શક્યું નહીં અને માત્ર ૨૯૦ રનમાં પેવેલિયન પરત ફર્યું. તેઓ હજુ પણ ભારતના કુલ સ્કોરથી૨૧૩રન પાછળ છે.શ્રીલંકાને ૯મો ફટકો પડ્યો છે. લાહિરુ કુમારા ૧૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા છે. ફોલોઓન ટાળવાથી શ્રીલંકા હજુ ૧૬ રન દૂર છે.કોલંબો ટેસ્ટના ચોથા દિવસની શરૂઆતમાં સોનલ દિનુષાએ સદી ફટકારી. ભારત સામે સોનલની આ સતત બીજી ટેસ્ટ સદી છે. ગાલેમાં રમાયેલી પહેલી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં સોનલે બેટથી શાનદાર પ્રદર્શન કર્યું હતું.ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસના પહેલા અને બીજા સેશનમાં વરસાદ પડવાની શક્યતા ૫૦ ટકાથી વધુ છે. ત્રીજા સેશનમાં પણ ૨૦ ટકા વરસાદ પડવાની શક્યતા છે. આનો અર્થ એ થયો કે બુધવારે કોલંબોમાં દિવસભર વરસાદ પડવાની શક્યતા છે. ચોથા દિવસે કેટલી ઓવર રમી શકાય છે તે જોવાનું રહેશે. જો બુધવારે અડધા દિવસની રમત પણ પ્રભાવિત થાય છે, તો ભારત માટે આ ટેસ્ટ જીતવી મુશ્કેલ બની જશે.

### સોનલ દિનુષાની સદી, ઝહીર અબ્બાસના કલબમાં જોડાયો



બીજી ટેસ્ટમાં ૧૦૦ રન બનાવતાની સાથે જ દિનુષાએ ખાસ સિદ્ધિ હાંસલ કરી. તેમનો સમાવેશ હવે ભારત સામે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની પહેલી ત્રણ ઈનિંગમાં ૮૦ કે તેથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં થઈ ગયો છે. તેમના પહેલા ફક્ત ઈંગ્લેન્ડના એવર્ટન વીક્સ અને પાકિસ્તાનના દિગ્ગજ ઝહીર અબ્બાસે જ આ સિદ્ધિ હાંસલ કરી હતી. ૧૯૪૮માં ભારત સામેની પોતાની પહેલી ત્રણ ટેસ્ટ ઈનિંગમાં વીક્સે ૧૨૮, ૧૯૪ અને ૧૬૨ રન બનાવ્યા હતા. દરમિયાન, ઝહીર અબ્બાસે ૧૯૭૮માં ૧૭૬,૯૬ અને અણનમ ૨૩૫ રન બનાવ્યા હતા. હવે, ૨૦૨૬માં, દિનુષા ૧૦૦, ૮૪ અને ફરી સદી બનાવીને આ યાદીમાં સ્થાન મેળવી ચૂક્યો છે.

# સીએસ રાજકોટ પ્રોફેશનલનું ૧૭.૩૬ ટકા અને એક્ઝિક્યુટિવનું ૨૧.૩૭ ટકા પરિણામ

## ઓલ ઈન્ડિયા ટોપ ૨૫માં અમદાવાદ બ્રાન્ચના એક્ઝિક્યુટિવમાં ૭ અને પ્રોફેશનલમાં ૫ વિદ્યાર્થીનો સમાવેશ:ઓલ ઈન્ડિયા રેન્કમાં પ્રોફેશનલ પ્રોગ્રામમમાં જયપુર કેન્દ્રની ખુશી અગ્રવાલ અને મુંબઈ કેન્દ્રની સાનિયા સમીર ખાન સમગ્ર દેશમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે રહી

**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાની જૂન સીએસ પ્રોફેશનલ અને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું પરિણામ જાહેર થયું છે. તેમાં અમદાવાદ ચેપ્ટર સીએસ પ્રોફેશનલનું ગ્રુપ-૧નું ૩૫.૧૧ ટકા અને ગ્રુપ-૨નું ૩૧.૬૪ ટકા પરિણામ આવ્યું છે.સીએ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું ગ્રુપ-૧નું ૨૮.૨૬% અને ગ્રુપ-૨નું ૨૭.૧૯% આવ્યું છે. સીએસ એક્ઝિક્યુટિવ-ફાઈનલમાં ઓલ ઈન્ડિયા લેવલે ટોપ ૫૦માં કુલ ૧૨ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. જેમાં સીએ એક્ઝિક્યુટિવમાં ૭ અને ફાઈનલમાં ૫ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. ૧૦ વર્ષોમાં પ્રથમવાર ૧૨ વિદ્યાર્થી આવ્યા છે.ખાસ કરીને રાજકોટ કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામનું ગ્રુપ-૧ માં ૧૭.૯૫ ટકા અને ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા વિદ્યાર્થીઓએ સફળતા નોંધાઈ છે જયારે એક્ઝિક્યુટિવ પ્રોગ્રામનું ગ્રુપ-૧ માં ૨૧.૨૧ ટકા અને ગ્રુપ-૨ માં ૧૬.૪૬ ટકા ઉમેદવારો પાસ થયા છે.



જામનગર કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૫૭.૮૯ ટકા જેવો ઊંચો પાસિંગ દર રહ્યો છે, જ્યારે ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા ઉમેદવારો સફળ થયા છે.એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૧૯.૩૫ ટકા અને ગ્રુપ-૨ માં ૮.૮૨ ટકા ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે તેમજ ગાંધીધામ કેન્દ્રનું પ્રોફેશનલ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૨૦.૦૦ ટકા અને ગ્રુપ-૨ માં ૩૫.૭૧ ટકા સફળતા મળી છે.એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ ગ્રુપ-૧ માં ૧૮.૯૨ ટકા અને ગ્રુપ-૨ માં ૬.૪૫ ટકા પરિણામ રહ્યું છે.

ઓલ ઈન્ડિયા ટોપ ૨૫માં અમદાવાદ બ્રાન્ચના એક્ઝિક્યુટિવમાં ૭ અને પ્રોફેશનલમાં ૫ વિદ્યાર્થીનો સમાવેશ જયારે ઓલ ઈન્ડિયા રેન્કમાં પ્રોફેશનલ પ્રોગ્રામમમાં જયપુર કેન્દ્રની ખુશી અગ્રવાલ અને મુંબઈ કેન્દ્રની સાનિયા સમીર ખાન સમગ્ર દેશમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે રહી છે.સેક્રેટરીસ ઓફ ઈન્ડિયાની સીએસ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ અને સીએસ પ્રોફેશનલ પ્રોગ્રામ (સિલેબસ ૨૦૨૨)ની પરીક્ષાઓ ૨૧મીથી ૨૮મી ડીસેમ્બર ,૨૦૨૬ દરમ્યાન બપોરના સેશનમાં યોજાશે. આ પરીક્ષા માટેની ઓનલાઈન નોંધણી, પરીક્ષા ફી ભરવાની પ્રક્રિયાનો આજે ૨૬મી ઓગષ્ટથી પ્રારંભ થશે.

# ક્રૂડના ભાવ ગગડ્યા, રૂપિયો સુધર્યો: સેન્સેક્સમાં ૨૦૦ પોઈન્ટનો ઉછાળો

## ક્રૂડ ઓઈલમાં ૨ દિવસમાં ૬ટકાના કડાકા સાથે ૮૦ ડોલર અને રૂપિયો ૩૩ પૈસા મજબૂત થઈ ૯૫.૪૧ ના સ્તરે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં તણાવ ઘટવાના સંકેતો વચ્ચે વૈશ્વિક બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ના ભાવમાં બે દિવસમાં ૬ ટકા જેટલો મોટો કડાકો બોલાયો છે. ક્રૂડ તેલ સસ્તું થતાં અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ડોલરના વેચાણથી ભારતીય ચલણ રૂપિયામાં ૩૩ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે સ્થાનિક શેરબજારમાં પણ સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ જેટલો ઉછળ્યો હતો.

વૈશ્વિક તેલ પરિવહન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝના જળમાર્ગના સંચાલનને લઈને ઈરાન અને પાડોશી દેશ ઓમાન વચ્ચે ફરી



સકારાત્મક વાતચીત શરૂ થઈ છે. અમેરિકી આર્થિક દબાણ અને કૂટનીતિક પ્રયાસો વચ્ચે આ દરિયાઈ માર્ગ ફરી સામાન્ય થવાની આશા જાગતાં તેલ બજારમાં ગભરાટ દૂર થયો છે અને ભાવ ઝડપથી નીચે આવ્યા છે.બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૨.૬૫ ટકા ઘટીને ૮૬ ડોલર અને રોઈટર્સ અનુસાર અગાઉ ૮૯.૨ ડોલર ની નીચે આવી ગયું હતું યુએસ ક્રૂડ: ૨.૩૬ ટકા ઘટીને ૮૦.૪૨ ટકા પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે.

ક્રૂડ ઓઈલના ભાવ ઘટતાં અને સરકારી બેંકો મારફતે આરબીઆઈના હસ્તક્ષેપને કારણે રૂપિયો મજબૂત બન્યો હતોરૂપિયો પાછલા બંધ ૯૫.૭૪ સામે ૩૩ પૈસા સુધરીને ૯૫.૪૧ ના સ્તરે રહ્યો હતો. તણાવ હળવો થતાં સરકારી બોન્ડ માર્કેટમાં ૧૦ વર્ષના બેન્ચમાર્ક બોન્ડની યીલ્ડ ૨ બેસિસ પોઈન્ટ ઘટીને ૬.૮૫ ટકા થઈ હતી.કાચું તેલ સસ્તું થવાથી દેશના આયાત બિલ અને ફુગાવાની ચિંતા હળવી થતાં શેરબજારમાં પણ રોકાણકારોનો ઉત્સાહ વધ્યો હતો અને સેન્સેક્સમાં ૨૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

# જૂનાગઢની નોબેલ કોલેજના બોગસ શિક્ષકોને છાવરવા ૧૦ લાખની લાંચ ઑફર થઈ! સીબીઆઈએ કેસ કર્યો

## નોબેલ આયુર્વેદિક કોલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી અને ડો. અભય નાલવડે સામે દિલ્હી સીબીઆઈમાં ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

જૂનાગઢની નોબેલ આયુર્વેદિક કોલેજમાં કાગળ પર દર્શાવાયેલા બોગસ શિક્ષકોને કાયદેસર ઠેરવવા અને સાનુકૂળ રિપોર્ટ મેળવવા માટે ૧૦ લાખની લાંચ આપવાના પ્રયાસ બદલ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા કોલેજના ટ્રસ્ટી પ્રતીક મોરી અને પ્રોફેસર ડો. અભય નાલવડે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.દિલ્હી સીબીઆઈમાંથી મળતી માહિતી મુજબ, નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઑફ મેડિસિનની હિયરિંગ કમિટીના એક સભ્યને નોબેલ આયુર્વેદિક કોલેજના ૧૩ શિક્ષકોની ચકાસણીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ શિક્ષકો માત્ર કાગળ પર જ કામ કરતા હોવાની ગંભીર શંકા હતી. તપાસ કમિટીના સભ્યને એક વોટ્સએપ કોલ આવ્યો હતો. જેમાં ૧૩ શિક્ષકોને ક્લિયરન્સ આપીને કોલેજના પક્ષમાં સકારાત્મક અહેવાલ સબમિટ કરવા બદલ ૧૦ લાખની લાંચ આપવાની ઓફર કરવામાં આવી હતી.૧૮ ઓગસ્ટ જૂનાગઢ કોલેજના ફેકલ્ટી સભ્ય ડો. અભય નલાવડેએ ડો. મહાડિકને વોટ્સએપ કોલ કરીને ૧૩ શિક્ષકોના પક્ષમાં સકારાત્મક અહેવાલ તૈયાર કરવા માટે નાણાકીય લાલચ આપી હતી.૧૯ ઓગસ્ટ ડો. નલાવડેએ પુનઃ વોટ્સએપ કોલ કરીને લાંચની ઓફર દોહરાવી હતી.૨૦ ઓગસ્ટ કોલ દરમિયાન નોબેલ આયુર્વેદિક કોલેજના ટ્રસ્ટી પ્રતિક મોરી પણ સંવાદમાં જોડાયા હતા અને ૧૩ બોગસ શિક્ષકોના નામો ક્લિયર કરવા બદલ રૂ. ૧૦ લાખ આપવાની સીધી ઓફર કરી હતી.ડો. મહાડિકે આ ગેરકાયદેસર ઓફરનો અસ્વીકાર કરીને ૨૧ ઓગસ્ટના રોજ દિલ્હી સીબીઆઈ એસીબી સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી હતી. સીબીઆઈ દ્વારા પ્રાથમિક અને ગુપ્ત ચકાસણી કરવામાં આવી, જેમાં પ્રથમ દ્રષ્ટિએ મોરી અને નલાવડે દ્વારા લાંચ આપવાની વાત સાચી હોવાનું સામે આવ્યું હતું. ચકાસણી દરમિયાન પ્રતિક મોરીએ ૨૨ ઓગસ્ટે દિલ્હી ખાતે ૧૦ લાખ રૂપિયા પહોંચાડવાનું વચન આપ્યું હતું.ભ્રષ્ટાચાર અને ષડયંત્ર ખુલ્લું પડતાં સીબીઆઈએ એ પ્રતિક મોરી અને ડો. અભય નલાવડે સામે ક્રિમિનલ કાવતરું રચવા અને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી રાજ્યના મેડિકલ શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# પાકિસ્તાનના ઈસ્લામાબાદની હોસ્પિટલમાં ભીષણ આગ: ૧૫ નવજાત બાળકોના મોત

## પિમ્સ હોસ્પિટલના ગાયનેકોલોજી વોર્ડમાં એસીના કમ્પ્રેસરમાં ધમાકો થતાં સર્જાઈ ગંભીર દુર્ઘટના

**અબતક, રાજકોટ**

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં આવેલી જાણીતી 'પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ' હોસ્પિટલમાં આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે. હોસ્પિટલના બાળકોના વોર્ડ (નર્સરી) માં અચાનક ભયાનક આગ લાગતાં ઓછામાં ઓછા ૧૫ નવજાત બાળકોના મોત નીપજ્યા છે.

મળતી વિગતો અનુસાર, જે સમયે આ અકસ્માત સર્જાયો ત્યારે નર્સરી વોર્ડમાં કુલ ૧૬ નવજાત બાળકો સારવાર હેઠળ દાખલ હતા. આગ લાગ્યા બાદ તાત્કાલિક હાથ ધરાયેલા રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ૧૬ માંથી માત્ર ૧ જ બાળકને સુરક્ષિત બહાર કાઢી શકાયું હતું, જ્યારે અન્ય ૧૫ અબોલ બાળકો આગમાં દાઝી જવાથી અને ગૂંગળામણને કારણે કરૂણ રીતે મૃત્યુ પામ્યા હતા.

પ્રાથમિક તપાસ અને સત્તાવાર અહેવાલો મુજબ, આ ભયાનક આગ નર્સરી વોર્ડમાં રહેલા એર કન્ડીશનરનું કમ્પ્રેસર ફાટવાના કારણે લાગી હતી. ધમાકા બાદ આગે જોતજોતામાં સમગ્ર વોર્ડને લપેટમાં લઈ લીધો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટુકડીઓએ સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો અને હાલ ત્યાં કુલિંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ગોઝારી ઘટના બાદ હોસ્પિટલ તંત્ર અને સ્થાનિક વહીવટી તંત્ર સામે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

# આયુર્વેદ-હોમિયોપેથી માટે પહેલી વખત અલગ પ્રવેશ પ્રક્રિયા, ૬ સપ્ટે. સુધી રજિસ્ટ્રેશન

## કેટલીક કોલેજોની પેનલ્ટી સાથે બેઠકોની વાસ્તવિક સ્થિતિ હવે પછી જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

ધો.૧૨ પછી આયુર્વેદ અને હોમિયોપેથીમાં પહેલી વખત અલગ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવી રહી છે. પ્રવેશ સમિતિ દ્વારા અગાઉ મેડિકલ-ડેન્ટલ માટેની પ્રક્રિયા શરૂ કર્યા બાદ હવે આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ આગામી ૬ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ચાલુવર્ષે બેઠકોમાં ઘટાડો થવાની પણ શકયતાં છે.રાજ્યમાં અત્યાર સુધી મેડિકલ અને ડેન્ટલની સાથે જ આયુર્વેદ અને હોમિયોપેથીની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હતી. ચાલુવર્ષે કેન્દ્ર સરકાર દ્વારા અલગથી પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવાના કારણે રાજ્ય સરકારે પણ અલગથી પ્રવેશ પ્રક્રિયા જાહેર કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે ૧ હજાર રૂપિયા અને ૧૦ હજાર રૂપિયા ડિપોઝીટ મળીને કુલ ૧૧ હજાર રૂપિયા ફી ભરવાની રહેશે. મહત્વની વાત એ કે, હાલમાં કાઉન્સિલ દ્વારા જુદી જુદી આયુર્વેદ અને હોમિયોપેથીનું ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં મોટાભાગની કોલેજોમાં અલગ અલગ ખામીઓના કારણે બેઠકો કાપવાથી લઈને લાખો રૂપિયા પેનલ્ટી કરવામાં આવી રહી છે. હાલમાં આયુર્વેદ અને હોમિયોપેથીની મળીને અંદાજે ૮ હજાર બેઠકો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર બેઠકોની જાહેરાત કરવામાં આવશે. જોકે હાલમાં ઈન્સ્પેકશનના કારણે મોટાભાગની કોલેજોની બેઠકોમાં ઘટાડો થાય તેમ છે. સમિતિ દ્વારા હાલમાં વિદ્યાર્થીઓને ૨૫મીથી ૬ સપ્ટેમ્બરે બપોરે ૨ વાગ્યા સુધી ઓનલાઈન પીન ખરીદીને આજ સમય દરમિયાન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ૨૭મી ઓગસ્ટથી લઈને આગામી ૭મી સપ્ટેમ્બર સાંજે ૪ વાગ્યા સુધી હેલ્પસેન્ટરમાં જઈને ડોક્યુમેન્ટ ચકાસણી કરાવવાની રહેશે. પ્રવેશનો વિસ્તૃત કાર્યક્રમ એટલે કે ચોઈસ ફિલિંગ, પ્રવેશ ફાળવણી અને બેઠકોની છેલ્લી સ્થિતિની વિગતો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

# એચડીએફસી બેંકે ખોટી સ્કીમ પધરાવ્યાના આરોપથી રોકાણકારો વડાપ્રધાન કાર્યાલયના દ્વાર ખટખટાવશે

## દુબઈ શાખા મારફતે ઊંચા વળતરની લાલચ આપી ૧૧૫ કરોડથી વધુનું રોકાણ કરાવ્યાનો દાવો; વર્ષોથી નાણાં અટવાઈ પડતા રોકાણકારો હવે પીએમઓ અને આરબીઆઈ સમક્ષ કરશે રજૂઆત

**અબતક રાજકોટ**

દેશની અગ્રણી ખાનગી બેંક એચડીએફસી બેંક સામે ગ્રાહકોને ખોટી નાણાકીય પ્રોડક્ટ પધરાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે. બેંકની દુબઈ શાખા મારફતે વિદેશી ફંડમાં રોકાણ કરનારા ૭૫થી વધુ રોકાણકારોના અંદાજે ૧૩.૫ મિલિયન ડોલર (આશરે ₹૧૧૫ કરોડથી વધુ) અટવાઈ પડતા ભારે હોબાળો મચી ગયો છે. લાંબા સમયથી પોતાના નાણાં પાછા મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા રોકાણકારોનું આ જૂથ હવે ન્યાય માટે ભારતના વડાપ્રધાન કાર્યાલય તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના દ્વાર ખટખટાવવાની તૈયારી કરી રહ્યું છે.

રોકાણકારોના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન એચડીએફસી બેંકના દુબઈ ઓપરેશન્સ દ્વારા 'કાર્લાઈલ એસેટ મેનેજમેન્ટ'ના લક્ઝમબર્ગ લાઈફ ફંડ નામની પ્રોડક્ટનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ સ્કીમ આંતરરાષ્ટ્રીય સ્તરે લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી આધારિત રોકાણ સાથે જોડાયેલી હતી. રોકાણકારોનો મુખ્ય આરોપ છે કે બેંકના અધિકારીઓએ આ યોજનામાં 'મૂડી સંપૂર્ણપણે સુરક્ષિત' રહેશે તેવો ભરોસો આપ્યો હતો અને વાર્ષિક ૧૨ થી ૧૯ ટકા જેટલા ઊંચા વળતરની લાલચ આપી હતી. વધુમાં, રોકાણનું કદ વધારવા માટે લેવરેજ (લોન લઈને રોકાણ)ની સુવિધા પણ અપાઈ હતી, જે પાછળથી રોકાણકારો માટે ભારે નુકસાનકારક સાબિત થઈ.

રોકાણકારોની મુશ્કેલી ત્યારે વધી જ્યારે વર્ષ ૨૦૨૦માં કોવિડ મહામારી બાદ સંબંધિત ફંડ હાઉસે નાણાં પાછા ખેંચવા પર રોક લગાવી દીધી. ત્યારથી આજ દિન સુધી રોકાણકારોના કરોડો રૂપિયા ફસાયેલા છે અને તેમને કોઈ સંતોષકારક ઉકેલ મળ્યો નથી. દુબઈ, ભારત અને અન્ય દેશોમાં વસતા એનઆરઆઈ રોકાણકારોએ આ મામલે દુબઈ ફાઈનાન્શિયલ સર્વિસિસ ઓથોરિટી અને સેન્ટ્રલ બેંક ઓફ બહેરીન સમક્ષ પણ રજૂઆતો કરી છે અને હવે તેઓ બેંક વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

બીજી તરફ, આ વિવાદ અંગે એચડીએફસી બેંકે પોતાનો બચાવ કરતા જણાવ્યું છે કે બેંકે માત્ર એક ફેસિલિટેટર (મધ્યસ્થી) તરીકે ગ્રાહકોને થર્ડ-પાર્ટી પ્રોડક્ટમાં રોકાણની સુવિધા પૂરી પાડી હતી. ફંડનું સંચાલન, તેની કામગીરી અને રિડેમ્પશનની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિદેશી ફંડ હાઉસની છે. બેંકના પ્રવક્તાના જણાવ્યા મુજબ, આ મામલે આંતરિક તપાસ કરવામાં આવી હતી જેમાં મિસ-સેલિંગ કે નિયમોના ઉલ્લંઘનનો કોઈ પુરાવો મળ્યો નથી. બેંક હાલ લક્ઝમબર્ગના નિયમનકારી તંત્ર અને કાનૂની સલાહકારો સાથે સંપર્કમાં છે જેથી રોકાણકારોના હિતનું રક્ષણ થઈ શકે.

# હાલારમાં જળસંકટઃ બોરવેલમાં ૪૫ ફૂટથી વધુ ઊંડાઈએ દરિયાનું ખારૂ પાણી આવવા માંડ્યું

## બોરવેલમાં ખારૂ પાણી આવવાને કારણે સ્થાનિક રહીશો અને ખેડૂતોની ચિંતાના વાદળો ઘેરાયા



ચાલુ વર્ષે જામનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન પડેલી વરસાદની ભારે ઘટને કારણે ભૂગર્ભ જળસ્તરમાં ભયજનક ઘટાડો નોંધાયો છે. વરસાદ ખેંચાવાના કારણે ભૂગર્ભ જળ રિચાર્જ ન થતાં અનેક વિસ્તારોમાં જળસંકટ ઘેરૂં બન્યું છે. જામનગર અને આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે, જ્યાં ૪૫ ફૂટ કે તેથી વધુ ઊંડા બોરવેલ બનાવાતાં પાણીમાં દરિયાની ખારાશ જોવા મળી રહી છે.ચાલુ સિઝનમાં જામનગર જિલ્લામાં સરેરાશ કરતાં ઓછો વરસાદ નોંધાવાને કારણે સ્થાનિક ડેમો અને જળાશયોમાં પૂરતો જળસંગ્રહ થઈ શક્યો નથી. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે લોકો બોરવેલ પર વધુ નિર્ભર બન્યા છે. જોકે, વરસાદી પાણીથી જમીનનું તળ રિચાર્જ ન થવાથી જળસ્તર ખૂબ ઊંડે ઉતરી ગયાં છે.

દરિયાકાંઠા નજીક આવેલા વિસ્તારોમાં જ્યારે ૪૫ ફૂટ કે તેથી વધુ ઊંડે બોરવેલનું ડ્રિલિંગ કરવામાં આવે છે, ત્યારે મીઠા પાણીના બદલે દરિયાનું ખારું અને ક્ષારવાળું પાણી બહાર આવી રહ્યું છે. ભૂગર્ભ જળનો અતિશય વપરાશ અને વરસાદના અભાવે જમીન અંદર મીઠા પાણીનું દબાણ ઘટતાં દરિયાનું પાણી ભૂગર્ભ જળસ્ત્રોતોમાં પ્રવેશવા લાગ્યું છે.બોરવેલમાં ખારું પાણી આવવાને કારણે સ્થાનિક રહીશો અને ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે.

ખારાશ વાળું પાણી પીવા યોગ્ય ન હોવાથી લોકો માટે શુદ્ધ પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે.સિંચાઈ માટે ખારા પાણીનો ઉપયોગ કરવાથી જમીન બંજર બનવાનું અને પાક બળી જવાનું જોખમ વધી ગયું છે.વરસાદ ખેંચાતાં શહેરી વિસ્તારોમાં પણ પાણી પુરવઠા પર અસર પડી છે, જેને પગલે જળ સંચય અને યોગ્ય વિતરણ માટે તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને ભૂગર્ભ જળસ્તર સુધારવા માટે સ્થાનિક લોકો તથા પર્યાવરણપ્રેમીઓ દ્વારા વોટર રીચાર્જિંગ અને જળ સંચય જેવા ઉપાયો હાથ ધરવા હાકલ કરવામાં આવી રહી છે.ભૂગર્ભ જળસ્તરમાં સતત ઘટાડો અટકાવવા વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના રિચાર્જિંગને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત નિષ્ણાતો અને પર્યાવરણપ્રેમીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચેકડેમ, તળાવો, રિચાર્જ કૂવા અને અન્ય જળસંચયના માધ્યમોથી વરસાદી પાણીને જમીનમાં ઉતારવામાં આવે તો ભૂગર્ભ જળસ્તર સુધારવામાં મદદ મળી શકે છે.

જામનગરના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળનું અતિશય દોહન અને વરસાદની ઘટ બંને સાથે જોવા મળી રહી છે. જો સમયસર જળસંચય, પાણીના યોગ્ય ઉપયોગ અને ભૂગર્ભ જળ રિચાર્જિંગ માટે અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો આગામી સમયમાં ભૂગર્ભ જળમાં ખારાશની સમસ્યા વધુ વિસ્તરી શકે છે. તેથી હાલની સ્થિતિને ચેતવણીરૂપ માની જળસંચય અને પાણી બચાવવાના ઉપાયો પર ભાર મૂકવો જરૂરી બન્યો છે.

## જિલ્લામાં સીઝનનો માત્ર ૨૮.૮૮ ટકા વરસાદ નોંધાયો :૭૧.૧૨ ટકાની ભારે ઘટ

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષના ચોમાસાની સિઝન દરમિયાન વરસાદની અછત વર્તાઈ રહી છે. પ્રાપ્ત સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં જામનગર જિલ્લામાં મોસમના કુલ વરસાદના માત્ર ૨૮.૮૮ ટકા જ ખાબક્યા છે, જે સામાન્ય વરસાદ કરતા આશરે ૭૧.૧૨ ટકા જેટલી મોટી ઘટ દર્શાવે છે. આ સાથે જામનગર રાજ્યમાં ઓછો વરસાદ નોંધાવનારા જિલ્લાઓની યાદીમાં સામેલ થયો છે.

બીજી બાજુ, સમગ્ર ગુજરાત રાજ્યની વાત કરીએ તો, સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૭૪.૧૧ ટકા નોંધાયો છે. જ્યારે સૌરાષ્ટ્ર ઝોનમાં કુલ વરસાદ ૫૫.૫૯ ટકા આસપાસ રહ્યો છે. રાજ્યના અન્ય ભાગોની સરખામણીએ જામનગર પંથકમાં મેઘરાજાની કૃપા હજુ સુધી ઓછી રહી હોવાથી ખેડૂતો અને સ્થાનિક તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. આગામી દિવસોમાં સારો વરસાદ ન વરસે તો ખેતીવાડી અને જળસંચય પર તેની વિપરીત અસર પડવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

# ભૂચરમોરીના લોકમેળાના મેદાનની હરાજીથી ધ્રોલ પાલિકાને રૂ.૨૫.૧૦ લાખની આવક

### ચાર આયોજકો વચ્ચે સ્પર્ધા બાદ મોરબીની અમર એન્ટરપ્રાઈઝને મેળાના સંચાલનનો ઈજારો મળ્યો; તેરસ, ચૌદસ અને અમાસના ત્રણ દિવસ જામશે લોકમેળો

**અબતક ,સંજય ડાંગર ધ્રોલ**



ધ્રોલના સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક ભૂચરમોરીના મેદાન ખાતે વર્ષોથી પરંપરાગત રીતે યોજાતા ત્રણ દિવસીય ભવ્ય લોકમેળાના આયોજનને લઈને ધ્રોલ નગરપાલિકા દ્વારા જાહેર હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચાર અનુભવી આયોજકોએ ભાગ લીધો હતો. તંદુરસ્ત સ્પર્ધા બાદ મોરબીની જાણીતી અમર એન્ટરપ્રાઈઝે સૌથી ઊંચી બોલી લગાવી મેળાના સંચાલનનો ઈજારો મેળવ્યો છે. આ હરાજીથી ધ્રોલ નગરપાલિકાની તિજોરીમાં રૂ.૨૫.૧૦ લાખની જંગી આવક થશે.

ભૂચરમોરીના મેદાન ખાતે યોજાયેલી જાહેર હરાજીમાં ચાર પક્ષકારો વચ્ચે બોલીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંતે સૌથી ઊંચી બોલી લગાવનાર મોરબીની અમર એન્ટરપ્રાઈઝને લોકમેળાના મુખ્ય આયોજક-સંચાલક તરીકે પસંદ કરવામાં આવી હતી. પાલિકાની આ સફળ હરાજીને પગલે નગરપાલિકાને નોંધપાત્ર આવક પ્રાપ્ત થઈ છે.

ભૂચરમોરીના ઐતિહાસિક રણમેદાનમાં આગામી તેરસ, ચૌદસ અને અમાસ એમ ત્રણ દિવસ સુધી ભવ્ય લોકમેળો ધામધૂમપૂર્વક યોજાશે. મેળામાં વિવિધ મનોરંજન સાધનો, સ્ટોલ્સ સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવશે અને મોટી સંખ્યામાં લોકો મેળાની મુલાકાત લે તેવી શક્યતા છે.જાહેર હરાજી પ્રક્રિયા દરમિયાન ધ્રોલ નગરપાલિકાના પ્રમુખ વિનુભાઈ વાઘેલા, ચીફ ઓફિસર ગીરીશભાઈ સરૈયા, પાલિકાના ચૂંટાયેલા સભ્યો, પદાધિકારીઓ તથા નગરપાલિકાનો કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર હરાજી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી.

ઐતિહાસિક ભૂચરમોરી ખાતે યોજાનારા આ લોકમેળાને લઈને સ્થાનિકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા મેળાની વ્યવસ્થા સુચારુ રહે અને મોટી સંખ્યામાં આવતા લોકો માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ રહે તે દિશામાં આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

# ભૂચરમોરીની ધરતી પર ગુંજશે વીરતાની ગાથા શહીદોને શૌર્યભેર આપશે શ્રદ્ધાંજલિ

### અશ્વ દોડ અને તલવારબાજી સહિતની સ્પર્ધાઓ આકર્ષણનું કેન્દ્ર બનશે




ધ્રોલના ઐતિહાસિક ભૂચરમોરી મેદાન ખાતે શિતળા સાતમના પાવન દિવસે શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભૂચરમોરીની ઐતિહાસિક વીરભૂમિ પર શહીદ થયેલા વીર સપૂતોની સ્મૃતિમાં દર વર્ષે યોજાતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

અકબર બાદશાહ સામે જામ સતાજીએ લડેલું ભૂચરમોરીનું યુદ્ધ ગુજરાતના ઈતિહાસમાં વિશેષ સ્થાન ધરાવે છે. ભૂમિ, સંસ્કૃતિ અને આશ્રિતોના રક્ષણ માટે લડાયેલા આ ઐતિહાસિક યુદ્ધમાં હજારો વીરોએ શહીદી વહોરી હતી. તેમની વીરગાથાને જીવંત રાખવા ભૂચરમોરી ખાતે દર વર્ષે શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવે છે.ભૂચરમોરી ખાતે યોજાતા આ કાર્યક્રમમાં અત્યાર સુધી અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી શહીદોને નમન કરી ચૂક્યા છે. પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના અગ્રણીઓએ પણ ભૂચરમોરીની વીરભૂમિને શ્રદ્ધાપૂર્વક નમન કર્યું છે. આનંદીબેન પટેલની સરકાર દરમિયાન રૂ. ૧૧ કરોડના ખર્ચે ભૂચરમોરી ખાતે શહીદ વનનું નિર્માણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ અંતર્ગત સવારે ૮ વાગ્યાથી અશ્વ દોડ અને ઘોડેસવારી સ્પર્ધા યોજાશે. છેલ્લા ૨૫ વર્ષથી યોજાતી આ અશ્વ સ્પર્ધામાં ૫૦થી વધુ અશ્વો ભાગ લે છે. અશ્વ સ્પર્ધા નિહાળવા દર વર્ષે ૧૫થી ૨૦ હજાર જેટલા દર્શકો ભૂચરમોરી ખાતે ઉમટી પડે છે. અશ્વ સ્પર્ધા બાદ તલવારબાજીની સ્પર્ધા પણ યોજાશે.સવારે ૧૦ વાગ્યે મુખ્ય શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ યોજાશે. જેમાં રાજ્યમંત્રી રિવાબા જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા, સાંસદ કેસરીદેવસિંહજી, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ પણ કાર્યક્રમમાં હાજરી આપશે.

# જિલ્લામાં ગેરકાયદે લાઈમસ્ટોન ખનનનો પર્દાફાશ

### ભોજાબેડી ગામે રાજકોટ રેન્જની કાર્યવાહી; બે હિટાચી અને બે ટ્રક મળી રૂ. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ સીઝ : ખનીજ માફિયાઓમાં ફફડાટ

**અબતક, ભરત ગોહિલ જામજોધપુર**



જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભોજાબેડી ગામમાંથી ગેરકાયદે લાઈમસ્ટોન ખનન અને વહનનો પર્દાફાશ થયો છે. રાજકોટ રેન્જ પોલીસની ટીમે કાર્યવાહી કરી બે હિટાચી મશીન તથા લાઈમસ્ટોન ભરેલા બે ટ્રક સહિત કુલ રૂ. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ સીઝ કર્યો છે.રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ સરકારની તેમજ કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત રાજકોટ રેન્જ પોલીસ ઈન્સ્પેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ રેન્જની ટીમે હ્યુમન સોર્સ મારફતે મળેલી માહિતીના આધારે તપાસ હાથ ધરી હતી.આ તપાસ દરમિયાન જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભોજાબેડી ગામે લીઝ ધારક લખમણભાઈ દેવશીભાઈ ચાવડાના લીઝ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે લાઈમસ્ટોનનું ખનન કરી તેનું વહન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. હકીકતના આધારે પી.એસ.આઈ. સી.એમ. કાંટેલીયા તથા સ્ટાફે સ્થળ પર કાર્યવાહી હાથ ધરી હતી.કાર્યવાહી દરમિયાન ગેરકાયદે ખનન કરાયેલ લાઈમસ્ટોન ભરીને વહન કરતા બે ટ્રક મળી આવ્યા હતા. જેમાં જી.જે.-૦૩-બી.ડબલ્યુ.-૮૬૦૪ નંબરના ટ્રકના ચાલક પીયુષભાઈ કારાભાઈ રાઠોડ, રહે. કુતિયાણા, જિલ્લા પોરબંદર તથા જી.જે.-૦૩-સી.યુ.-૯૮૭૫ નંબરના ટ્રકના ચાલક રોહિતભાઈ રણછોડભાઈ ધાંગડ હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત લાઈમસ્ટોનના ગેરકાયદે ખનન માટે ઉપયોગમાં લેવાતા બે હિટાચી મશીન પણ સ્થળ પરથી મળી આવ્યા હતા. જેમાં બૃજબીહારી યાદવ અને મોતીલાલ ગોવિંદરાય યાદવ સહિતના ઈસમોની સંડોવણી સામે આવી હતી.રાજકોટ રેન્જ પોલીસની આ કાર્યવાહીમાં બે હિટાચી મશીન, બે ટ્રક તથા ગેરકાયદે ખનન અને વહન સાથે સંકળાયેલ મુદ્દામાલ મળી કુલ રૂ. ૧.૪૦ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. કુદરતી સંપત્તિના ગેરકાયદે ખનન સામે થયેલી આ કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

# હાપા માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવકના શ્રીગણેશ

### પ્રથમ દિવસે ચંદ્રગઢના ખેડૂત પાંચ ગુણી મગફળીવેંચાવા આવ્યા; મણનો ભાવ રૂ.૧,૮૨૫ મળતા ખુશીનો માહોલ

હાપા માર્કેટિંગ યાર્ડમાં મંગળવારથી નવી મગફળીની સિઝનનો પ્રારંભ થયો છે. સિઝનની પ્રથમ મુરતની આવક તરીકે ચંદ્રગઢ ગામના ખેડૂત ગીરધરભાઈ સભાયા પાંચ ગુણી નવી મગફળી લઈને યાર્ડમાં પહોંચ્યા હતા. પ્રથમ દિવસે નવી મગફળીની આવક થતાં યાર્ડમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.સિઝનની પ્રથમ આવકમાં મગફળીનો એક મણનો ભાવ રૂ.૧,૮૨૫ નોંધાયો હતો. શરૂઆતમાં જ સારો ભાવ મળતા ખેડૂતે ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ દિવસે માત્ર એક જ ખેડૂત નવી મગફળી લઈને આવ્યા હોવાથી કુલ આવકનું પ્રમાણ ખૂબ જ ઓછું રહ્યું હતું.

હાલ નવી મગફળીની આવક મર્યાદિત પ્રમાણમાં શરૂ થઈ છે.



ખેતરોમાં મગફળીની લણણી આગળ વધશે તેમ આગામી દિવસોમાં યાર્ડમાં આવકમાં વધારો થવાની સંભાવના છે. યાર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ મગફળીની મોટા પ્રમાણમાં આવક શરૂ થવામાં હજુ બે સપ્તાહ કે તેથી વધુ સમય લાગી શકે છે.

સિઝનની શરૂઆતમાં જ મગફળીનો ભાવ રૂ.૧,૮૨૫ પ્રતિ મણ નોંધાતા મગફળી પકવતા ખેડૂતોમાં આગામી દિવસોમાં સારા ભાવ મળવાની આશા જાગી છે. હવે મગફળીની આવક વધ્યા બાદ બજારમાં ભાવનો ટ્રેન્ડ કેવો રહે છે તેના પર ખેડૂતોની નજર મંડાયેલી રહેશે.

# ખંભાળિયામાં સંસ્કૃત ગૌરવયાત્રામાં વિદ્યાર્થીઓએ કર્યા વૈદિક મંત્રોચ્ચાર



**અબતક, વિનાયક ભટ્ટ જામ ખંભાળિયા**

રાજયવ્યાપી સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર અને રાજય સંસ્કૃત બોર્ડ દ્વારા જામખંભાળીયા ખાતે સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. ખંભાળીયાની જી.વી.જે. હાઈસ્કૂલ ખાતેથી રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારીયા સહિતના મહાનુભાવો દ્વારા રેલીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી જે શહેરના નગર ગેઈટ, શારદા સિનેમા રોડ, જોધપુર ગેઈટ, નગર ગેઈટ થી જી.વી.જે. હાઈસ્કૂલ સુધી સંસ્કૃત ગાન અને સંસ્કૃત ગૌરવના સૂત્રોચ્ચાર સાથે યોજાઈ હતી. આ યાત્રામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિષ્યો વગેરેના વિવિધ વેશભૂષામાં રેલીને શોભાવી હતી. રેલીમાં પ્રાચીન ગુરૂકુળ કેળવણીનો ભવ્ય વારસો, ભગવાનના વિવિધ અવતારો, ભગવાન નારાયણ અને પરિવાર, મહાભારત, ભગવદ્ ગીતા થીમ આધારિત ટેબ્લો નગરવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બાળકો દ્વારા બેન્ડ અને સ્પીકર સાથે સંસ્કૃત ગૌરવ યાત્રામાં શ્લોકગાન, ગૌરવ સૂત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. રાજયમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી રૂપે તા.૨૭ ઓગષ્ટના સંસ્કૃત સંભાષણ દિવસ, ૨૯મીએ સંસ્કૃત સાહિત્ય દિન, ૩૧મીએ સામૂહિક સુભાષિત પઠન દિવસની .પણ ઉજવણી કરવામાં આવશે.

# દ્વારકા : જીલણા એકાદશીએ બાલસ્વરૂપ ગોપાલજીની પાલખીયાત્રામાં ગાર્ડ ઓફ ઓનર અપાયું

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે જીલણા એકાદશીના પાવન અવસરે સદીઓ જૂની પરંપરાનુસાર રાણીવાસમાં બિરાજમાન ભગવાન દ્વારકાધીશના બાલસ્વરૂપ ગોપાલજીની પાલખી યાત્રા નગરચર્યા માટે જગતમંદિરમાંથી વાજતે-ગાજતે નિકળી શહેરના રાજમાર્ગોમાં ફરી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં ભાવિકોએ પાલખીયાત્રાનું ભાવભેર સ્વાગત કરી પૂજન-અર્ચન કર્યુ હતું. જગતમંદિરની સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત પોલીસ દ્વારા ભગવાનની પાલખીને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. જિલણા એકાદશીની નગરચર્યા સાથે જોડાયેલ માન્યતાનુસાર ચોમાસા દરમ્યાન નદી-નાળામાં આવેલ પાણી તથા કુદરતી પરિસ્થિતિનું નિરીક્ષણ કરતા ભગવાન પોતાની પ્રજાના હાલચાલ જાણવા નગરમાં નિકળે છે. નગરચર્યા દરમ્યાન દ્વારકાના પૌરાણિક કકલાસ કુંડમાં ઠાકોરજીના બાલસ્વરૂપે વૈદિક મંત્રોચ્ચાર સાથે પવિત્ર સ્નાન કર્યુ હતું.

# એમ્યુઝમેન્ટ પાર્ક નજીક લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં આગથી ભારે દોડધામ

### એ.સી.માં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટથી આગ ભભૂકી, ફાયર બ્રિગેડે આગને કાબૂમાં લીધી

જામનગર શહેરમાં એમ્યુઝમેન્ટ પાર્ક નજીક આવેલ લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં આજે સાંજે એ.સી.માં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાની ઘટના બનતાં દોડધામ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી એક ફાયર ફાઈટર વાહન દ્વારા આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લીધી હતી.ફાયર બ્રિગેડને મળેલી માહિતી મુજબ, સાંજે ૫.૪૦ કલાકે એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આવેલ લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં અકસ્માતે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થતાં એ.સી.માં આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ એક ગાડી સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.ફાયર બ્રિગેડની સમયસરની કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકી હતી અને



આગને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં આવી હતી. આગની આ ઘટનામાં ફર્નિચર સહિતની વસ્તુઓને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.પ્લે સ્કૂલના માલિક ભરતભાઈ કરંગીયાએ પ્રાથમિક અંદાજ મુજબ આશરે રૂ. ત્રણ લાખનું નુકસાન થયાનું જણાવ્યું છે. સદનસીબે શૈક્ષણિક કામગીરી બંધ હોવાથી ઘટનાસમયે બાળકો કે વિદ્યાર્થીઓ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી.

# સૌરાષ્ટ્ર-કચ્છના સાત જિલ્લાને સિંચાઈ માટે ૧૦ કલાક વિજળી અપાશે

### રાજયમાં પુરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ

રાજયમાં પુરતા પ્રમાણમાં ઘાસચારાની ઉપલબ્ધતા છે. વરસાદની ઘટની સ્થિતિમાં રાજ્ય સરકાર પશુપાલકો અને પશુધનની સુરક્ષા માટે સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે.

રાજ્યના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુધન સુધી ઘાસચારો પહોંચાડવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં સફળતાપૂર્વક ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પૂરું પાડીને પશુપાલકોને મોટી રાહત આપવામાં આવી છે. રાજ્યમાં ઘાસચારાની કોઈ અછત નથી; સરકાર પાસે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. વન વિભાગ પાસે હજુ પણ ૩૬૧ લાખ કિલો ઘાસચારો અનામત (રિઝર્વ) પડ્યો છે, જેથી આગામી સમયમાં પણ કોઈ તકલીફ પડશે નહીં. તમામ જિલ્લા કલેક્ટરેને સ્થાનિક જરૂરિયાત મુજબ ત્વરિત પગલાં લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. પશુપાલકો પર આર્થિક બોજ ન પડે તે માટે માત્ર રૂ. ૨ પ્રતિ કિલોના રાહત દરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. ''રાજ્ય સરકાર દરેક પરિસ્થિતિમાં પશુપાલકોની સાથે અડીખમ ઊભી છે અને જરૂરિયાત મુજબ તમામ યોગ્ય પગલાં ચાલુ રહેશે.''

**અબતક, રાજકોટ**

વરસાદ ખેંચાતા સૌરાષ્ટ્ર-કચ્છના સાત જિલ્લાઓને સિંચાઈ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વિજળી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈન નેટવર્કથી જોડાયેલા તળાવો અને ડેમોમાં પાણી આપવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રીની સંવેદનશીલ સૂચના અને સ્પષ્ટ માર્ગદર્શન હેઠળ, ખેડૂતોના ઊભા પાક અને મોલાતને સુકાતા બચાવવા માટે આ પાણી પુરવઠો સતત શરૂ રાખવાનો મક્કમ નિર્ણય લેવામાં આવ્યો છે.

મહી કમાન્ડ વિસ્તારમાં નાગરિકોની સુવિધા માટે પીવાનું પાણી પરિયેજ અને કનેવાલ તળાવમાં નિયમિતપણે પહોંચાડવામાં આવી રહ્યું છે.

પીવાના પાણીની સાથે સાથે ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ઊભો પાક બચાવવા માટે આણંદ અને ખેડા જિલ્લાઓમાં કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર ખેડૂતોની પડખે

(અનુ. આઠમા પાને)

## અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર, જૂનાગઢ અને કચ્છને વધુ વિજળી અપાશે: સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના તળાવો ડેમોમાં નર્મદાના નીર ઠાલવવામાં આવશે

## ગુજરાતની ખાંડ મિલો પાસે ૧૮ લાખ કિવન્ટલ જથ્થો ઉપલબ્ધ

### રાજયની ૧૭ ખાંડ મિલોમાં પ્રતિદિન ૭૩૮૦૦ ટન પીલાણની ક્ષમતા: નજીકના ભવિષ્યમાં ભાવ ઘટશે

ગુજરાતમાં હાલ ખાંડની કોઈ પ્રકારની અછત નથી ૧૭ મિલો કાર્યરત છે. ખાંડ મિલો પાસે ૧૮ લાખ કિવન્ટલ જથ્થો ઉપલબ્ધ છે.

ગુજરાતમાં ૧૭ ખાંડ મિલો કાર્યરત છે, જેની પ્રતિદિન ૭૩,૮૦૦ ટન પીલાણ કરવાની ક્ષમતા છે. રાજ્યમાં દર વર્ષે ૨ લાખથી વધુ ખેડૂતો શેરડી આપે છે અને તેના થકી દર વર્ષે ૯ લાખ મેટ્રિક ટન જેટલું ખાંડનું ઉત્પાદન થાય છે. હાલમાં ગુજરાતની ખાંડ મિલો પાસે ૧૮ લાખ ક્વિન્ટલ જેટલો ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે. હાલમાં સીઝન ન હોવાના કારણે ખાંડ મિલો બંધ છે, જે આગામી ૧૫ ઓક્ટોબર પછીથી કાર્યરત થશે અને ઉત્પાદન શરૂ કરશે. જેથી જથ્થમાં હજુ વધારો થશે. ગુજરાત રાજ્યમાં કોઈ ખાંડ મંડળી શેરડીમાંથી સીધો ઈથેનોલ બનાવતી નથી. શેરડીના પીલાણ બાદ ખાંડ બન્યા પછી જે મોલાસિસ મળે છે, તેમાંથી જ ઈથેનોલ બનાવાય છે. અગાઉ ફેક્ટરીની બહાર પ્રતિ ક્વિન્ટલ રૂ.૬૫૦૦ થી પણ વધુ ભાવ ઉચકાયા હતા, જે સરકારના વિશેષ પ્રયત્નોના પરિણામે હાલમાં રૂ.૬૦૦૦ થી પણ નીચે સુધી ઘટી ગયા છે. નજીકના સમયમાં બજારમાં ખાંડના ભાવો પણ સંપૂર્ણ નિયંત્રિત થશે. તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

ગુજરાતની મુલાકાતે પધારેલા આસામના સહકાર મંત્રી કૌશિક રાયના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગર ખાતે ગુજરાતના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ તથા સહકાર રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક દરમિયાન રાજ્યના ખાંડ નિયામક દ્વારા ગુજરાતના સહકારી ખાંડ ક્ષેત્રની સફર, વર્તમાન ક્ષમતા અને નવીન પહેલો દર્શાવતું એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાતના ખેડૂત-કેન્દ્રિત સહકારી મોડેલથી આસામનું પ્રતિનિધિમંડળ ખૂબ જ પ્રભાવિત થયું હતું.

આ બેઠકમાં સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૫૫માં બારડોલીથી શરૂ થયેલું સહકારી ચીની આંદોલન આજે ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ બન્યું છે. ખાંડ મિલોને માત્ર ઔદ્યોગિક એકમ ન ગણતા તેને ઈથેનોલ ઉત્પાદન, ગ્રીન એનર્જી અને ડિજિટલાઈઝેશન સાથે જોડીને નફાકારક બનાવવામાં આવી રહી છે.

હાલમાં ગુજરાતમાં કુલ ૧૭ ખાંડ કારખાના કાર્યરત છે, જેમાં ૧૨ સહકારી ખાંડ મંડળીઓ, ૦૩ ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા લીઝ પર લેવાયેલી મંડળીઓ અને ૦૨ ખાનગી ખાંડ કારખાનાનો સમાવેશ થાય છે. રાજ્યના સહકારી ખાંડ ક્ષેત્રની કુલ શેરડી પિલાણ ક્ષમતા ૭૩,૮૦૦ ટન પ્રતિ દિવસ અને ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ૩૯૦ કિલો લીટર પ્રતિ દિવસ છે.

ગુજરાતમાં આશરે ૧.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં શેરડીની ખેતી થાય છે, જેનાથી અંદાજે બે લાખથી વધુ ખેડૂત પરિવારો પ્રત્યક્ષ

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં માત્ર બાવન ટકા જ પાણી: કચ્છની હાલત વધુ કફોડી

## કચ્છના ૨૦ ડેમોમાં ૨૫.૨૩ ટકા જ જળ જથ્થો ઉપલબ્ધ: ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૪૪.૧૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૬૬.૦૭ ટકા અને દક્ષિણ ગુજરાતના ૭૭.૨૫ ટકા પાણી સંગ્રહિત

**અબતક, રાજકોટ**

રાજયમાં વરસાદની ઘટ પ્રવર્તી રહી છે. જેના કારણે જળાશયોની સ્થિતિ ચિંતાજનક દેખાઈ રહી છે. રાજયના અલગ અલગ પાંચ ઝોનના ૨૦૬ જળાશયોમાં માત્ર ૬૬.૩૩ ટકા જ પાણી સંગ્રહિત છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતની હાલત વધુ કફોડી છે. કચ્છના ૨૦ ડેમમાં માત્ર ૨૫.૨૩ ટકા પાણી સંગ્રહિત છે. જયારે સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૫૨.૦૨ ટકા જળ જથ્થો ઉપલબ્ધ છે.

સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો પૈકી માત્ર ૧૫ ડેમો ઓવર ફલો થયા છે. ૨૫૮૮.૫૩ એમસીએમ કેપેસીટી સામે હાલ માત્ર ૧૩૪૬.૫૪ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ સંગ્રહ શકિતના ૫૨.૦૨ ટકા જળજથ્થો ઉપલબ્ધ છે. જળાશયોના તળીયા દેખાય રહ્યા છે. કચ્છના ૨૦ ડેમો પૈકી માત્ર એક જ ડેમ છલકાયો છે. ૩૨૫ એમસીએમની સંગ્રહશકિત સામે માત્ર ૮૨.૦૭ એમસીએમ પાણી ઉપલબ્ધ છે. જે સંગ્રહ શકિતના ૨૫.૨૩ ટકા જેવું છે. ઉત્તર ગુજરાતની હાલત પણ ચિંતાજનક છે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો પૈકી આજની તારીખે એકપણ ડેમ ઓવર ફલો થયો નથી. ૧૯૩૨ એમસીએમની કેપેસીટી સામે હાલ ૮૫૨.૬૮ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ સંગ્રહ શકિતના ૪૪.૧૨ ટકા જેટલું જ છે. દક્ષિણ ગુજરાતની સ્થિતિ પ્રમાણમાં સારી છે. આ ઝોનના ૧૩ પૈકી ૯ ડેમ ઓવરફલો થઈ ગયા છે. કુલ ૮૬૦૩.૭૧ એમસીએમની સંગ્રહ શકિત સામે હાલ ૬૪૪૬.૦૧ એમસીએમ પાણી સંગ્રહિત છે. જે કુલ



કેપેસીટીના ૭૭.૨૫ ટકા જેવું થવા પામે છે. મધ્ય ગુજરાતનાં ૧૭ ડેમમાંથી એક ડેમ છલકાયો છે. ૨૩૪૭.૩૭ એમસીએમની સંગ્રહશકિત સામે ડેમમાં ૧૫૫૦.૯૬ એમસીએમ પાણી સંગ્રહિત છે જે કુલ સંગ્રહ શકિતના ૬૬.૦૭ ટકા જેવું થવા પામે છે. રાજયના ૨૦૬ જળાશયોમાં ૧૦૪૭૬.૨૬ એમસીએમ પાણી ઉપલબ્ધ છે. જે ટકાવારીમાં ૬૬.૩૩ ટકા થવા પામે છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની જળ સંગ્રહ શકિત ૯૪૬૦ એમસીએમ છે. જેની સામે હાલ ૮૦૬૯.૨૦ એમસીએમ પાણી સંગ્રહિત છે. ડેમ ૮૫.૩૦ ટકા ભરાય ગયો છે.

રાજયમાં વરસાદ ખેંચાયો છે. ઓગસ્ટ માસ કોરોધ્રાકોડ રહ્યો છે. હજી સાત દિવસ સાર્વત્રિક વરસાદની કોઈજ શકયતા દેખાતી નથી. આવામા રાજયભરમાં પાણીની હાડમારી સર્જાય તેવી ભીતિ દેખાય રહી છે. હાલ પાકને બચાવવા સિંચાઈ માટે નર્મદાના નીર ખેડુતોને આપવામાં આવી રહ્યા છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ૧૬ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. રાજયમાં આજ સુધીમાં સીઝનનો ૭૫.૨૩ ટકા વરસાદ પડયો છે. જેમાં કચ્છ રિજીયનમાં ૨૯.૨૯ ટકા, ઉતર ગુજરતામાં ૫૬.૨૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૪.૯૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૩૬ ટકા વરસાદ પડયો છે. ઓગસ્ટમાં રાજયમાં સરેરાશ ચાર ઈંચથી પણ ઓછો વરસાદ પડયો છે.

# શ્રાવણ ઉત્સવ: સૌરાષ્ટ્રના લોકમેળાઓમાં ૧૯૫ સખી મંડળના ઉત્પાદનનું થશે વેંચાણ

## રાજકોટ, ઘેલા સોમનાથ, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, નીલકંઠધામ પોઈચા સહિતના મેળાઓમાં ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારીની તક

**અબતક, રાજકોટ**

શ્રાવણ માસ એટલે શિવાલયોમાં શિવ આરાધના અને મેળાઓનું મહાપર્વ. આ સમયગાળા દરમિયાન રાજયના વિવિધ જ્યોતિર્લિંગો, શક્તિપીઠો, કૃષ્ણ મંદિરો, તીર્થધામો તથા અન્ય ધાર્મિક સ્થળોએ લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા ''શ્રાવણ ઉત્સવ'' તરીકે રાજ્યના ૬ જિલ્લામાં આજથી ૭ સપ્ટેમ્બર દરમિયાન સખીમંડળની બહેનોને તેમના ઉત્પાદનોના સીધા વેચાણ માટે ખાસ પ્લેટફોર્મ આપવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમ્યાન વિવિધ મેળાઓ અને ધાર્મિક આયોજનોમાં સખીમંડળની બહેનો તેમના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડી શકે, તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પરિણામે સખી મંડળોની બહેનોની આવકમાં વધારો થશે તેમજ ''વોકલ ફોર લોકલ'' અને ''લખપતિ દીદી'' અભિયાનને વધુ વેગ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણ માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે, જેના લીધી રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બનીને દેશના વિકાસમાં અગ્રેસર બની છે.




ગ્રામ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત કાર્યરત

(અનુ. આઠમા પાને)

### હવે ન્યુકિલયર પાવરમાં ડંકો વગાડવા ગુજરાત સજ્જ

# આણંદના ધુવારણમાં રૂ.૨.૨૫ લાખ કરોડના ખર્ચે સ્થપાશે વિશાળ પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ

## સેમિકન્ડકટર, ગ્રીન હાઈડ્રોજન અને ડેટા સેન્ટર્સની વધતી વીજ માંગને પહોંચી વળવા ૪,૨૦૦ થી ૭,૦૦૦ મેગાવોટ ક્ષમતાના વિશાળ પાવર પ્લાન્ટનું આયોજન

**અબતક, ગાંધીનગર**

ગુજરાતમાં વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આણંદ જિલ્લાના ધુવારણ ખાતે નવું વિશાળ પરમાણુ ઊર્જા સંકુલ સ્થાપવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારના ઉચ્ચ સ્તરીય સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ) અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ (જીએસઈસીએલ) વચ્ચે ૫૦:૫૦ ની ભાગીદારી ધરાવતા



સંયુક્ત સાહસ હેઠળ સ્થાપવામાં આવશે, જે નાગરિક પરમાણુ ઊર્જા પ્લાન્ટનું નિર્માણ અને સંચાલન કરશે.

આ પ્રસ્તાવિત પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટ અથવા ૭,૦૦૦ મેગાવોટ રાખવાનું આયોજન છે, જેના આખરી માળખા પર ઉચ્ચ સ્તરે કામ ચાલી રહ્યું છે. પ્રતિ મેગાવોટ અંદાજે રૂ.૩૫ કરોડના રોકાણ સાથે, આ સમગ્ર પ્રોજેક્ટમાં આશરે રૂ.૧.૨૫ લાખ કરોડથી રૂ.૨.૨૫ લાખ કરોડનું જંગી મૂડીરોકાણ થવાની શક્યતા

(અનુ. આઠમા પાને)

# પોરબંદરના વકીલ અકબર સેલોટને હાઈકોર્ટની હાલ પૂરતી રાહત: વધુ સુનાવણી ૨૨ સપ્ટેમ્બરે

## આંતરધર્મીય યુગલની લગ્ન નોંધણી મામલે કલેક્ટર કચેરીમાં બે પક્ષ વચ્ચે મારામારી: વકીલ સહિત સામે બે ફરિયાદ, પાસાની આશંકાએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

**અબતક, અમદાવાદ**

પોરબંદરમા આંતરધર્મીય યુગલના લગ્નની નોંધણીને લઈને બે પક્ષો વચ્ચે થયેલી મારામારી બાદ વકીલ અકબર સેલોટ સહિત અન્ય લોકો સાથે ફરીયાદ નોંધવામાં આવ્યા બાદ વકીલ અકબર સેલોટ સામે પાસા હેઠળ કડક કાર્યવાહીના સંકેત મળતા તેઓએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા હાઈકોર્ટે સત્તાવાળાઓને પાસાની કાર્યવાહી પર અટકાવતા હાલ પૂરતો વકીલને રાહત આપવામાં આવી છે. આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બર માટે મુકરર કરવામાં આવી હતી વધુ વિગત મુજબ પોરબંદર કલેક્ટર કચેરી ખાતે તા.૪ ઓગસ્ટે એક પક્ષના પ્રતિનિધિ તરીકે વકીલ અકબર સેલોટ હાજર રહ્યા હતા. તેમના અસીલના લગ્ન-સંબંધિત વિવાદ સર્જાયા હતો. જેમાં વકીલ અકબર સેલોટ સહિત સામે બે ફરિયાદો નોંધાયા હતી, 'ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ, ૧૯૮૫' પાસા હેઠળ અટકાયત થવાની આશંકાએ વકીલ અકબર સેલોટે હાઈકોર્ટમાં અરજી કરી હતી.હાઈકોર્ટમાં વકીલ અકબર સેલોટ વતી વકીલ સમીર ખાન હાજર રહેલા વરિષ્ઠ વકીલ યતિન ઓઝાએ રજૂઆત કરી હતી કે

(અનુ. આઠમા પાને)

## ૧૨ વર્ષથી વકીલાત, સ્વૈચ્છિક સેવા કરતા હોવાની વરિષ્ઠ વકીલ યતિન ઓઝાની દલીલ: જામીન મળ્યા છતાં પાસાની કાર્યવાહીના સંકેત, હાઈકોર્ટે સત્તાવાળાઓને રોક્યા

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ઉમેદવારો પણ મળતા નથીને ગુજરાતમાં સરકાર બનવાના 'આપ'ના સપના

## પાલિકા-પંચાયતની ચૂંટણીમાં મૂરરિયા શોધવા હાથ પગ જોડવા પડયા હતા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૭માં યોજનારી વિધાનસભાની ચૂંટણીમાં સફળતા મેળવવા આમ આદમી પાર્ટી દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૫૦ હજાર બૂથ પર સંગઠન માળખું મજબૂત કરવામાં આવશે રાજયમાં ગત એપ્રીલ માસ યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રતિક પરથી ચૂંટણી લડવા મુરતીયા મળતા ન હતા જે પાર્ટીને ચૂંટણી લડવા ઉમેદવારો મળતા નથી તે હવે વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી ગુજરાતમાં સરકાર બનાવવાના ખ્વાબ રાચી રહી છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ

(અનુ. આઠમા પાને)

# અંબાજીના ચાચર ચોકમાં માતાજીની આરાધના માટે 'ગરબા'નો ચાર્જ રૂ. ૧૫૦૧

## તિર્થધામોમાં વેપારી કરણનો કોંગ્રેસનો વિરોધ

**અબતક, રાજકોટ**

પવિત્ર યાત્રાધામ એવા શક્તિપીઠ અંબાજી મંદિરમાં ચાચર ચોકમાં માતાજીની આરાધના કરવા માટે ગરબા લેવા હોય તો રૂા. ૧૫૦૧ની પાવતી ફડાવવી પડે છે. તીર્થધામોમાં વ્યાપારી કરણ સામે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. સાથે સાથે આ ચાર્જ પર જીએસટીની વસુલાત કરવામાં આવતી નથી તે બદલ મુખ્યમંત્રીનો આભાર પણ માન્યો છે.

કોંગ્રેસ દ્વારા આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં હવે પવિત્ર યાત્રાધામોમાં પણ વ્યાપારી કરણ થઈ રહ્યું છે.

પવિત્ર યાત્રાધામ અંબાજીના

(અનુ. આઠમા પાને)

